આઈપીએલ આજની મેચ
મુંબઈ ઈન્ડીયન્સ VS દિલ્હી કેપીટલ્સ
સાંજે ૭:30 કલાકે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૧-૫-૨૦૨૫, બુધવાર
વર્ષઃ ૧૪, અંક : ૬૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia



જોઈએ છે
ચોકીદાર નાઈટ શિફ્ટ માટે રહેવાની સગવડ
દયાલમીલ
રાજ વેબ્રિજ પાસે જૂનો મોરબી રોડ રાજકોટ
અરજી માટે મો. ૯૮૨૪૨ ૦૦૯૭૦


બામુલાઈઝા હોંશીયાર... મેઘરાજા પધાર રહે હૈ

# રવિવારથી ચોમાસાનો કેરળથી 'વિધિવત' પ્રવેશઃ ૧૬ વર્ષમાં દેશમાં સૌથી વહેલું ચોમાસુ બેસશે

## આ વર્ષે ચોમાસુ ૧૬ આની રહેશેઃ કેરળમાં આગમનની સાથે જ ઉત્તર-પૂર્વ ભારતમાં પણ ચોમાસાનું આગમન થશે

### સારૂ અને વહેલું ચોમાસુ અર્થતંત્રને ટનાટન બનાવશે

ચોમાસાનું વહેલું આગમન સકારાત્મક છે કારણ કે તે અર્થતંત્રના ઘણા ક્ષેત્રો, ખાસ કરીને કૃષિ પર સીધી અસર કરે છે. ભારતનું અર્થતંત્ર પણ કૃષિ ઉપર નિર્ધારિત છે. તેવામાં વહેલું ચોમાસુ અર્થતંત્રને ટનાટન બનાવશે તેવો આશાવાદ નીષ્ણાંતો સેવી રહ્યા છે. નિષ્ણાતો કહે છે કે સૌથી મહત્વની બાબત એ છે કે ચોમાસુ સમગ્ર દેશમાં સમયસર પહોંચે, જેના કારણે ખરીફ સિઝનમાં બમ્પર પાક થઈ શકે છે, જ્યારે ભારતમાં કઠોળ, ચોખા, તેલીબિયાં, કપાસ અને શાકભાજી જેવા મુખ્ય પાકોનું વાવેતર થાય છે.



### કેરળ, કર્ણાટક અને કોંકણમાં મે મહિનાના અંત સુધીમાં સારો વરસાદ પડી જશે

હવામાન નિષ્ણાતોના મતે, ચોમાસાની ઋતુ દરમિયાન અરબી સમુદ્રમાં ઓછા દબાણવાળા ક્ષેત્રનું નિર્માણ સામાન્ય રીતે ચોમાસા માટે સારું નથી કારણ કે તે ચોમાસાના પવનોના પ્રવાહને વિક્ષેપિત કરે છે. ''અરબી સમુદ્રમાં એક નીચા દબાણવાળી સિસ્ટમ બની રહી છે અને ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહી છે. આ સાથે, ચોમાસાનો પ્રવાહ પણ મજબૂત બની રહ્યો છે. આ બંને બાબતો સુનિશ્ચિત કરશે કે કેરળ, દરિયાકાંઠાના કર્ણાટક અને કોંકણમાં મે મહિનાના અંત સુધીમાં સારો વરસાદ પડશે,'' એમ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના ભૂતપૂર્વ સચિવ એમ રાજીવને જણાવ્યું હતું. ''જોકે, ૨ જૂન પછી ચોમાસાની પ્રગતિ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી,'' તેમણે કહ્યું.

### ૨૦૦૯ બાદ ચોમાસાનું સૌથી વહેલું આગમન

જો ચોમાસુ ૨૯ મે પહેલા ભારતમાં પહોંચી જાય, તો તે ૨૦૦૯ પછીનું સૌથી વહેલું આગમન હશે, જ્યારે તેણે ૨૩ મેના રોજ જમીન પર પ્રવેશ કર્યો હતો. ચોમાસુ ૧૩ મેના રોજ આંદામાન પહોંચ્યું હતું, જે તેની સામાન્ય શરૂઆતની તારીખ ૨૨ મે કરતા નવ દિવસ પહેલા હતું. તેના નિવેદનમાં, આઈએમડી એ જણાવ્યું હતું કે, ''આ જ સમયગાળા દરમિયાન દક્ષિણ અરબી સમુદ્રના કેટલાક ભાગો, માલદીવ અને કોમોરિન વિસ્તારના બાકીના ભાગો, લક્ષદ્વીપ વિસ્તાર, કેરળ, તમિલનાડુના કેટલાક ભાગો, દક્ષિણ અને મધ્ય બંગાળની ખાડીના કેટલાક ભાગો, ઉત્તરપૂર્વ બંગાળની ખાડીના કેટલાક ભાગો અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ચોમાસાના આગળ વધવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ બનવાની શક્યતા છે.''

**અબતક, નવી દિલ્હી**

દક્ષિણપશ્ચિમ ચોમાસુ ૨૪ કે ૨૫ મેના રોજ કેરળ પહોંચવાની ધારણા છે. જો કે સામાન્ય રીતે ચોમાસાનું ૧ જૂનથી આગમન થતું હોય છે પણ આ વર્ષે ચોમાસુ એક અઠવાડિયુ વહેલું પધારવાનું છે. બીજી તરફ ચોમાસુ ૧૬ આની રહેવાનું હોવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગએ મંગળવારે આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, ''આગામી ૪-૫ દિવસમાં કેરળમાં ચોમાસાની શરૂઆત માટે પરિસ્થિતિઓ અનુકૂળ બનવાની સંભાવના છે.'' ૧૫ એપ્રિલે જાહેર કરાયેલી તેની અગાઉની આગાહીમાં, હવામાન વિભાગે ૨૭ મેના રોજ ચોમાસુ કેરળ પહોંચવાની આગાહી કરી હતી. કેરળમાં આગમનની સાથે જ ઉત્તર-પૂર્વ ભારતમાં ચોમાસાનું આગમન થવાની ધારણા છે. હવામાન વિભાગે મંગળવાર અને બુધવારે કેરળ, કર્ણાટકના દરિયાકાંઠાના અને ઘાટ વિસ્તારોમાં ભારે વરસાદ (૨૦ સે.મી.થી વધુ) માટે રેડ વોર્નિંગ જારી કરી છે.

સ્થાનિક રસ્તાઓ પર પૂર અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા ઉપરાંત, હવામાન વિભાગે કેરળમાં સ્થાનિક ભૂસ્ખલન અને કાદવ ધસી પડવાની ચેતવણી પણ આપી છે. ૨૬ મે સુધી કર્ણાટક, કોંકણ, ગોવા અને કેરળ સહિત પશ્ચિમ કિનારા અને નજીકના દ્વીપકલ્પીય ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ત્રણ દિવસ દરમિયાન ઉત્તરપૂર્વ ભારત, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વાવાઝોડા અને વીજળી સાથે ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

આઈએમડી એ ૨૧ મે ની આસપાસ કર્ણાટક કિનારાથી પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પર ઉપલા હવા ચક્રવાતી પરિભ્રમણની આગાહી કરી છે. ''તેના પ્રભાવ હેઠળ, ૨૨ મે ની આસપાસ તે જ પ્રદેશ પર એક નીચા દબાણનો વિસ્તાર બનવાની સંભાવના છે. ત્યારબાદ, તે ઉત્તર તરફ આગળ વધવાની અને વધુ ઊંડા થવાની સંભાવના છે,'' એવું તેણે જણાવ્યું હતું. ''નીચા દબાણવાળી સિસ્ટમ દક્ષિણ ગોળાર્ધથી ઉત્તર ગોળાર્ધ તરફ ચોમાસાના પવનો (વિષુવવૃત્તીય પવનો) ના પ્રવાહને વધારવામાં મદદ કરે છે,'' આઈએમડી ખાતે આબોહવા દેખરેખ અને આગાહી જૂથના વડા ઓપી શ્રીજીથે જણાવ્યું હતું.

બેવકૂફી નહિ, સાવચેતી જરૂરી

# કોરોનાના કેસોમાં વધારો થયો પરંતુ અસર સિમિત

## અમદાવાદ શહેરમાં કોરોનાનાં જુના વેરિયન્ટનાં સાત કેસ નોંધાયા જે હળવા લક્ષણ ધરાવતાં હોવાથી ચિંતાનું કોઈ કારણ નથી

**અબતક, રાજકોટ**

વિશ્વભરમાં ચર્ચાનો વિષય બનેલાં કોરોના મહામારીએ ફરી માથુ ઉંચક્યુ છે અને મુંબઈમાં પણ કોરોનાનાં ૫૩ કેસ નોંધાયા બાદ અમદાવાદ શહેરમાં પણ કોરોનાનાં જુના વેરિયન્ટનાં સાત કેસ નોંધાયા છે, જે હળવા લક્ષણ ધરાવતાં હોવાથી ચિંતાનુ કોઈ કારણ નથી.કોરોનાના કેસોમાં વધારો થયો છે પરંતુ અસર સીમિત જ છે માટે બેવકૂફી નહિ, સાવચેતી રાખવાની જરૂર છે.હવે નાગરિકોમાં કોરોના વાયરસ સામે રોગપ્રતિકારક શકિત વધી ગઈ હોવાથી કોરોનાનો જુનો વાયરસ જીવલેણ બનતો નથી.વિશ્વનાં અમુક દેશોમાં અને દેશનાં આર્થિક પાટનગર ગણાતાં મુંબઈમાં કોરોનાનાં ૫૦થી વધુ કેસ નોંધાતા ખળભળાટ મચી જાય તે સ્વભાવિક છે. પરંતુ અમુક દેશમાં કોરોના વાયરસ નવા વેરિયન્ટ સાથે ફેલાયો છે તે જીવલેણ સાબિત થઈ શકે, પરંતુ ભારતમાં હજુ તેનો પગપેસારો થયો નથી અને હાલ તો જુનાં વેરિયન્ટનો કોરોના જ લેબોરેટરી પરીક્ષણમાં જણાય છે. જુનાં ઓમિક્રોન વેરિયન્ટનો કોરોના હવે જીવલેણ બનતો નથી, પરંતુ જેને કોરોના થાય તેને હોસ્પિટલમાં પણ દાખલ કરવાની જરૂર પડતી નથી અને ઘરે જ સારવાર આપી શકાય છે.અમદાવાદ શહેરનાં સાત વિસ્તારમાં કોરોનાનાં સાત



કેસ સામે આવ્યા છે. જેમાંથી ચાર દર્દીઓને ૧૯મી તારીખે જ એલ. જી. હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપીને હોમ આઈસોલેશનમાં રહેવાની સૂચના આપી રજા આપી દેવાઈ છે. જ્યારે ગોતામાં બે વર્ષની એક બાળકીને ૧૬મીનાં રોજ પ્લસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં યોગ્ય સારવાર બાદ બાળકીની તબિયત સુધારા ઉપર જણાતાં હોમ આઈસોલેશનમાં રાખવાની સૂચના સાથે હોસ્પિટલમાં રજા આપી દેવાઈ છે.અન્ય બે દર્દીને કોરોના હોવાની શંકાનાં આધારે તેમનાં ડોક્ટરે લેબોરેટરી ટેસ્ટ કરાવતાં તેમાં કોરોના પોઝિટિવનો રિપોર્ટ આવ્યો હતો. જોકે આ બન્ને પેશન્ટને પણ હોમ આઈસોલેશનમાં રાખીને સારવાર આપવામાં આવી રહી છે. કોરોનાનાં સાત દર્દીઓમાં પાંચ પૂરૂષ અને બે મહિલાનો સમાવેશ થાય છે.કોરોના મહામારી એટલી જોખમી નથી, તેમ છતાં સાત દર્દીઓ થકી તેમનાં પરિવારજનોને કે આસપાસનાં નાગરિકોને કોરોનાનો ચેપ ના લાગે તે માટે તમામની તપાસ કરવામાં આવી છે અને જરૂર પડે તો મ્યુનિ. અર્બન હેલ્થ સેન્ટરનો સંપર્ક કરવાની સૂચના આપવામાં આવી છે.

# સાયબર ફ્રોડને ઘટાડવા દરેક બેંકનો એક જ નંબર રહેશે

## કેન્દ્ર સરકાર અને ભારતીય રિઝર્વ બેંકની મોટી પહેલઃ હવે નાગરિકોને બેંકના એક જ નંબરથી ફોન આવશે



**અબતક, નવી દિલ્હી**

બેંકિંગ છેતરપિંડી અને નકલી કોલના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર અને ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં એક મોટી પહેલ કરવા જઈ રહ્યા છે. ઉદ્યોગ અધિકારીઓએ માહિતી આપી છે કે ટૂંક સમયમાં દરેક બેંકને પોતાનો સિંગલ નેશનલ કોલિંગ નંબર મળી શકે છે, જે ફક્ત ગ્રાહકોને જ કોલ કરશે નહીં પરંતુ ગ્રાહકો તેના પર ઈનબાઉન્ડ કોલ એટલે કે કોલ બેક પણ કરી શકશે.

હાલમાં બેંકો ગ્રાહકોનો સંપર્ક કરવા માટે ૧૬૦૦સસ શ્રેણી હેઠળ અનેક નંબરોનો ઉપયોગ કરે છે. જોકે, આ નંબરો પર ઈનબાઉન્ડ કોલ્સની સુવિધા નથી, જેના કારણે ગ્રાહકો માટે કોલ ઓળખવામાં મુશ્કેલી પડે છે અને આ જ કારણે નકલી કોલ દ્વારા છેતરપિંડીના બનાવોમાં વધારો થયો છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, બેંકિંગ ક્ષેત્રે સરકાર અને આરબીઆઈ સમક્ષ માંગણી કરી છે કે દરેક બેંકને એક અલગ અને અનોખો કોલિંગ નંબર આપવો જોઈએ, જેમાં ઈનબાઉન્ડ કોલિંગની સુવિધા પણ હોવી જોઈએ.

જાન્યુઆરી ૨૦૨૫ માં જારી કરાયેલા એક પરિપત્રમાં, આરબીઆઈએ નિર્દેશ આપ્યો હતો કે બધી બેંકો ટ્રાન્ઝેક્શન-સંબંધિત કોલ્સ કરતી વખતે ફક્ત '૧૬૦૦સસ' શ્રેણીનો ઉપયોગ કરે, જ્યારે પ્રમોશનલ કોલ્સ માટે '૧૪૦સસ' શ્રેણી સૂચવવામાં આવી હતી. પરંતુ હવે બેંકો કહે છે કે ફક્ત એક શ્રેણી પૂરતી નથી અને કોલના પ્રકાર અનુસાર વધુ સ્પષ્ટ માર્ગદર્શિકાની જરૂર છે.

બેંકોએ એવી પણ માંગણી કરી છે કે ડેટ સર્વિસિંગ કોલ્સ ૧૬૦૦સ્ઠ શ્રેણીમાંથી મુક્ત રાખવામાં આવે કારણ કે બેંકો ઘણીવાર તેમના વસૂલાત કાર્યો તૃતીય પક્ષ એજન્સીઓને આઉટસોર્સ કરે છે. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ ઊભો થાય છે કે શું તે એજન્સીઓ પણ ફક્ત ૧૬૦૦સ્ઠ નંબર પરથી જ ફોન કરશે? આ અંગે સ્પષ્ટતા લાવવા માટે આરબીઆઈ અને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા પાસેથી પણ માર્ગદર્શન માંગવામાં આવ્યું છે.

જો આ દરખાસ્ત લાગુ કરવામાં આવે તો ગ્રાહકો માટે એ જાણવું ખૂબ જ સરળ બની જશે કે તેમને કઈ બેંકમાંથી કોલ આવી રહ્યો છે. આનાથી માત્ર છેતરપિંડીના કિસ્સાઓ ઘટશે નહીં પરંતુ ગ્રાહક અનુભવમાં પણ સુધારો થશે. બેંકિંગ ઉદ્યોગને આશા છે કે આગામી દિવસોમાં આ અંગે સકારાત્મક નિર્ણય લેવામાં આવશે.

બેંકોની આ પહેલ ડિજિટલ ઈન્ડિયાના ધ્યેયને મજબૂત બનાવશે, જે સુરક્ષિત અને પારદર્શક બેંકિંગ સિસ્ટમની વાત કરે છે. એક અનોખો અને ઈનબાઉન્ડ કોલિંગ નંબર માત્ર કોલ્સ ટ્રેસ કરવાનું સરળ બનાવશે નહીં પરંતુ ગ્રાહકોનો વિશ્વાસ પણ વધારશે.આ સંદર્ભમાં અંતિમ માર્ગદર્શિકા સરકાર અને આરબીઆઈ તરફથી ટૂંક સમયમાં જાહેર થવાની અપેક્ષા છે. ત્યાં સુધી બેંકો તેમના સ્તરે તૈયારીઓમાં વ્યસ્ત છે, જેથી લીલી ઝંડી મળતાંની સાથે જ ગ્રાહકોને આ સુવિધા તાત્કાલિક ઉપલબ્ધ કરાવી શકાય.

# છત્તીસગઢના નારાયણપુરમાં ૩૦ નક્સલી ઠાર, એક જવાન શહીદ

## છેલ્લા ૫૦ કલાકથી ઈન્દ્રાવતી નજીક સર્ચ ઓપરેશનમાં સેનાને મોટી સફળતા મળીઃ અંતિમ સર્ચ ઓપરેશન ચાલુ

**અબતક, છત્તીસગઢ**

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. આ એન્કાઉન્ટર દરમિયાન સુરક્ષા દળોએ સવારે ૧૧ વાગ્યા સુધીમાં ૩૦ નક્સલીઓને ઠાર માર્યા હતા. આ એન્કાઉન્ટર દરમિયાન એક સૈનિક શહીદ થયો હતો જ્યારે એક ઘાયલ થયો હતો. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે અબુઝમાડ વિસ્તારમાં સવારે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર શરૂ થયું. નારાયણપુર જિલ્લાના પોલીસ અધિક્ષક પ્રભાત કુમારે જણાવ્યું હતું કે જિલ્લાના અબુઝહમાડ વિસ્તારના માડ ડિવિઝનમાં નક્સલીઓની હાજરી અંગેની માહિતીના આધારે, જિલ્લા રિઝર્વ ગાર્ડ નારાયણપુર, ડીઆરજી દાંતેવાડા,ડીઆરજી બીજાપુર અને ડીઆરજી કોંડાગાંવની સંયુક્ત ટીમને નક્સલ વિરોધી કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી.છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્માએ કહ્યું, આપણા એક સૈનિક ઘાયલ થયો છે, તે ખતરાથી બહાર છે. સૈનિકોએ ચમત્કાર કર્યો છે.૩૦ થી વધુ નક્સલીઓ માર્યા ગયા છે. અંતિમ સર્ચ ઓપરેશન ચાલુ છે. કેન્દ્ર સરકારે દેશને નક્સલમુક્ત બનાવવા માટે ૩૧ માર્ચ, ૨૦૨૬ ની સમયમર્યાદા નક્કી કરી છે. આને ધ્યાનમાં રાખીને, નક્સલવાદીઓ સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. તાજેતરમાં, છત્તીસગઢના બીજાપુર જિલ્લાના કરેગુટ્ટાલુની ટેકરીઓમાં નક્સલવાદીઓ વિરુદ્ધ ૨૧ દિવસ સુધી ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. ગૃહમંત્રી વિજય શર્માએ નારાયણપુર અને બીજાપુરના સંયુક્ત વિસ્તારમાં ચાલી રહેલા નક્સલી ઓપરેશન અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે છેલ્લા ૫૦ કલાકથી ઈન્દ્રાવતી નજીક સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં ૩૦થી વધુ નક્સલીઓ માર્યા ગયા છે.

શા માટે ટ્રમ્પના પેટમાં તેલ રેડાયું?

# વતનપ્રેમીઓના રૂ.૧૦ લાખ કરોડ મોકલવા ઉપર ટ્રમ્પની નજર

## અમેરિકા રેમિટન્સ પર પણ ટેક્સ લાદવાનો પ્રસ્તાવ મુકવાની તૈયારીમાં, આનાથી ભારતીય અર્થતંત્રને મોટો ફટકો પડશે



**અબતક, નવી દિલ્હી**

અમેરિકામાં મોટી સંખ્યામાં ભારતીયો નિવાસ કરી રહ્યા છે. આ ભારતીયોએ ગત વર્ષે રૂ.૧૦ લાખ કરોડ પોતાના વતનમાં મોકલ્યા હતા. હવે ટ્રમ્પની નજર આની ઉપર છે. આ રેમિટન્સ પર પણ અમેરિકા ટેક્સ લાદવાનો પ્રસ્તાવ મૂકી રહ્યું છે, આ પગલાથી અમેરિકામાં રહેતા ભારતીયોની મુશ્કેલીઓમાં વધારો થશે.

વૈશ્વિક સ્તરે, વિદેશી કામદારો તરફથી મોકલવામાં આવતા રેમિટન્સ સ્થાનિક અર્થતંત્રોને ટકાવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત જેવા વિકાસશીલ દેશો આ નાણાકીય ટ્રાન્સફર પર ખૂબ આધાર રાખે છે, ઘણા ગામડાઓ વિદેશી રેમિટન્સ પર ખૂબ આધાર રાખે છે. અહેવાલ મુજબ, ભારત આવા ટ્રાન્સફરનો સૌથી મોટો લાભાર્થી છે, જેને ગયા નાણાકીય વર્ષમાં લગભગ ૧૨૦ બિલિયન ડોલર મળ્યા હતા, જે સરકારના વાર્ષિક માળખાકીય ખર્ચની બરાબર છે.

માર્ચમાં આરબીઆઈના રેમિટન્સ સર્વેમાં દર્શાવવામાં આવ્યું

(અનુ. આઠમા પાને)

# લશ્કર-એ-તૈયબાનો સહ-સ્થાપક અમીર હમઝા ગંભીર રીતે ઘાયલ

## હમઝાને લાહોરની મિલિટરી હોસ્પિટલમાં દાખલ કરાયો

**અબતક, રાજકોટ**

મંગળવારે લશ્કર-એ-તૈયબા (એલઈટી)ના સહ-સ્થાપક અમીર હમઝાને અચાનક લાહોરની મિલિટરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર અમીર હમઝાને ગંભીર રીતે ઘાયલ સ્થિતિમાં આઈએસઆઈના સુરક્ષા કવર હેઠળ લાહોરની લશ્કરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટના લશ્કરના ઉચ્ચ કક્ષાના કાર્યકારી અને મુખ્ય ભરતી કરનાર અબુ સૈફુલ્લાહની પાકિસ્તાનમાં અજાણ્યા



બંદૂકધારીઓ દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવ્યાના ત્રણ દિવસ પછી બની છે. પાકિસ્તાનના

(અનુ. આઠમા પાને)




# મોવાસા ગામે સરકારી કચેરીમાં રીચાર્જ બોરનું ખાતમુહુર્ત કરતા કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવીયા



**અબતક,રાજકોટ**

મેવાસા ગામ ખાતે સરકારી કચેરીમાં રીચાર્જ બોરનું ખાતમુહુર્ત કેન્દ્રીય કેબીનેટ મીનીસ્ટર મનસુખભાઈ માંડવીયા, જેતપુર-ધોરાજી ના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, રાજકોટ જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી તથા રાજકોટના કલેકટર પ્રભવ ભાઈ જોશી, તેમજ વરદ હસ્તે થયલ હતું . જેનાથી વરસાદના મીઠા પાણી તળમાં ઉતરવાથી તળ ઊંચા આવે છે. અત્યારે અલગ અલગ કચેરી માં બોર થઈ રહ્યા છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમ રિપેરિંગ, ઊંડા, ઊંચા કરવાનો સંકલ્પ કરવામાં આવેલ છે તેમાંથી ૨૭૫ થી વધુ થઈ ગયા છે. તેમજ ૧૧,૧૧૧ રીચાર્જ બોર ના સંકલ્પ માંથી ૧૪૦૦ થી પણ વધુ બોર રીચાર્જ થઈ ચુક્યા છે.

એક સમયે વરસાદના પાણી જે ૨૫-૩૦ ફૂટે હતા. તે આજે ૫૦૦ થી ૨૫૦૦ ફૂટે ઊંડા જતા રહ્યા છે. અને પાકા રસ્તાઓ રોડ અને મકાનો થતા તેમજ ખેતર ના પાકમાં પેસ્ટીસાઈડ દવા અને ખાતર વપરાતા જમીન એકદમ હાર્ડ થઈ ગઈ છે. તેના હિસાબે જમીનની અંદર રેગ્યુલર વરસાદનું પાણી ઉતરતું નથી. વધારે ભાગનું પાણી દરિયામાં વહી જાય છે. અને જાગૃતિ ના અભાવે વરસાદી પાણી નું જતન કરી શકતા નથી.

આ કાર્ય ને સફળ બનાવવા, પ્રાંત અધિકારી ગોંડલ રાહુલભાઈ ગમારા, જેતપુર સીટી મામલતદાર પટોળીયા, જેતપુર તાલુકા મામલતદાર એમ. એસ. ભેસાણીયા, જીલ્લા વિકાસ અધિકારી આનંદભાઈ સુરેશભાઈ ગોવિંદ, તાલુકા વિકાસ અધિકારી વણપરીયા , રાજકોટ ડેરી ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા, જીલ્લા પંચાયત ના સદસ્યઓ, તાલુકા પંચાયત ના સદસ્યઓ, તલાટી મંત્રીઓ, મેવાસા ગામ ના સરપંચ, તમામ અધિકારીઓ, વગેરે જહેમત ઉઠાવી હતી .

# દેશળદેવ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા રવિવારે કમ્પાસ બોકસ, ફૂલ સ્કેપ ચોપડાનું વિતરણ

## ‘અબતક’ સાથેની શુભેચ્છા મુલાકાત દરમિયાન આયોજકોએ માહિતી આપી



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

સેવા સંસ્થા દેશળદેવ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૦ વર્ષોથી વિવિધ સેવા કાર્યો સાથે સમાજ ઉત્થાન માટેના કાર્યો કરવામાં આવી રહયા છે. આ સેવા કાર્યો અંતર્ગત આ વર્ષે પણ સંસ્થા દ્વારા ધો. ૧ થી ૧૨ તથા સ્નાતકના વિદ્યાર્થીઓને કંપાસ બોકસ, ટુલ કિટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે

‘અબતક’ની શુભેચ્છા મુલાકાતે આવેલા સંસ્થાના સભ્યો કાનાભાઈ ચૌહાણ, મોનાલીબેન ચૌહાણ, અરવિંદભાઈ વાઘેલા, જીવાભાઈ સોલંકી, નરેન્દ્રભાઈ ચૌહાણ, કાલુસિંહ રાઠોડ, કૈલાસસિંહ રાઠોડ, રઘુવીરસિંહ ચૌહાણ, વિક્રમસિંહ ચૌહાણ, ધર્મરાજસિંહ પવાર, નરેન્દ્રસિંહ ભાટી, અશોકસિહ શાંખલા અને પ્રદીપસિંહ ચૌહાણએ જણાવ્યું હતું કે દેશળદેવ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ સંચાલીત ખવાસ રજપુત સમાજ રાજકોટ તથા રાવણા રાજપુત યુથ ગુજરાત તેમજ રાષ્ટ્રીય ચામુંડા સેવા સંસ્થાના રાવણા રાજપુત ભારતના સંયુકત ઉપક્રમે રાજકોટના દાતા શ્રેષ્ઠ સ્વ. કેશુભાઈ ભગવાનજીભાઈ ચૌહાણા, સ્વ. ગૌરીબેન કેશુભાઈ ચૌહાણ, સ્વ. સજજનબે કેશુભાઈ ચૌહાણ, સ્વ. બ્રિજેશભાઈ કેશુભાઈ ચૌહાણના સ્મરણાર્થે ચૌહાણ પરિવાર દ્વારા સમાજના જરુરીયાત મંદ વિદ્યાર્થીઓને ફુલસ્કેપ ચોપડા તથા કે.ટી. એન્જીનીયરીંગ વાળા રાજેશભાઈ ચૌહાણના સહયોગથી કંપાસ બોકસ, ટુલકીટ નિઃશુલ્ક વિતરણ કાર્યક્રમ તા. ૨૫-૫ ને રવિવારે સવારે ૧૧ થી ૨ રૈયા રોડ, બ્રહ્મસમાજ ચોક, બ્રહ્મસમાજ હોલ રાજકોટ ખાતે યોજાશે.

આ વિતરણ કાર્યક્રમનો ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ લાભ લઈ શકશે. જેના માટે છેલ્લી માર્કશીટ જમા કરાવવા તથા વધુ માહીતી માટે કાનાભાઈ ચૌહાણ મો. નં. ૯૪૦૯૨ ૦૦૮૦૦ પર સંપર્ક કરવા અનુરોધ કરાર્યો છે.

# આ વેકેશન ‘મેળો’ નથી, પણ ખાઉં ગલી છે !

## રવિવારે શહેરના ૮૭ ટકા લોકો ઘરે જમતા નથી



રાજકોટિયન્સ ચાની ચુસ્કી સાથે ફાકી- માવાની રંગત સાથે ખાણી પીણીના પણ શોખીન છે. એક સર્વે મુજબ શહેરના લોકો રજા કે રવિવારના રોજ ૮૭.૧૩ ટકા ઘરે જમતા જ નથી. અર્થાત બહાર જમવા જાય છે. શહેરમાં વિવિધ વિસ્તારોની વાનગી અને ખાઉ ગલી જાણીતી બની ગઈ છે, ત્યારે હોટલ કે હાઈવે કરતા શહેરીજનો રેંકડી ઉપર જ મિજબાની કરે છે. ‘અબતક’ ની આ તસ્વીરમાં ભકિતનગર સર્કલ ગીતા મંદિર પાછળ આવેલ ખાંઉ ગલી દ્રશ્યમાન થઈ છે. રાજકોટના લોકો ગરમ મસાલેદાર ખાટી - મીઠી વાનગીના શોખીન છે, ત્યારે ખાણી-પીણીની રાત્રી બજારમાં વહેલી સવાર સુધી ભીડ જોવા મળે છે. **(તસ્વીરઃ- અરૂણ દવે)**

## વિશ્વમાં સંઘર્ષ અને અશાંતિ ઉકેલ માટે

# વિશ્વ શાંતિ કેન્દ્ર શાંતિ રાજદૂતની નિમણુંક કરશે: આચાર્ય લોકેશજી

## વિશ્વ શાંતિ કેન્દ્ર ખાતે શાંતિ શિક્ષણ તાલીમ કાર્યક્રમ ટુંક સમયમાં થશે પ્રારંભ



**અબતક,રાજકોટ**

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક, પ્રખ્યાત જૈન આચાર્ય લોકેશજી, ચેન્નાઈના પ્રખ્યાત સમાજસેવક અભય કુમાર જૈન શ્રીશ્રીમાલ, મુંબઈના સંપતરાજ ચપલોટ અને કિશોર જૈન ખાબિયાએ ગુરુગ્રામ સ્થિત ભારતના પ્રથમ વિશ્વ શાંતિ કેન્દ્રથી દેશ અને દુનિયાના ભક્તોને સંદેશ આપ્યો.

વિશ્વ શાંતિ રાજદૂત આચાર્ય લોકેશજીએ વિશ્વના લોકોને સંદેશ આપતા કહ્યું કે વિશ્વ શાંતિ કેન્દ્ર વિશ્વમાં સંઘર્ષ અને અશાંતિ અટકાવવા માટે વૈશ્વિક સ્તરે શાંતિ રાજદૂતો અને શાંતિ સૈનિકોની નિમણૂક કરશે. આચાર્ય લોકેશજીએ કહ્યું કે આ સમય યુદ્ધ અને હિંસા ફેલાવવાનો નથી, પરંતુ દુનિયાને સુંદર બનાવવાનો છે. શાંતિ રાજદૂતો અને શાંતિ સૈનિકો શાંતિપૂર્ણ ઉકેલોને પ્રોત્સાહન આપવા અને વ્યક્તિઓ અને જૂથો વચ્ચે સંવાદિતા વધારવા માટે કાર્ય કરશે. વિકાસ માટે શાંતિ જરૂરી છે, અમારો પહેલો ઉદ્દેશ્ય વિશ્વ શાંતિ અને સદભાવના સ્થાપિત કરવાનો છે. લોકેશજીએ કહ્યું કે યુદ્ધ અને હિંસા કોઈ સમસ્યાનો ઉકેલ નથી, હિંસા પ્રતિહિંસાને જન્મ આપે છે. આચાર્ય લોકેશજીએ કહ્યું કે યુદ્ધ પછી વાટાઘાટોના ટેબલ પર આવનારા લોકો વિનાશ થાય તે પહેલાં વાતચીત અને સંવાદ દ્વારા સમસ્યાનું નિરાકરણ કેમ નથી લાવતા. શાંતિ રાજદૂતો અને શાંતિ સૈનિકો વ્યક્તિઓ, સમાજો અને દેશો વચ્ચેના સંઘર્ષોને સમાપ્ત કરવામાં મદદ કરશે. ગુરુગ્રામના વિશ્વ શાંતિ કેન્દ્ર ખાતે શાંતિ શિક્ષણ તાલીમ કાર્યક્રમ ટૂંક સમયમાં શરૂ થશે.

પ્રખ્યાત સમાજસેવક અભય કુમાર જૈન શ્રીશ્રીમાલ, સંપતરાજ ચપલોટ, કિશોર જૈન ખાબિયાએ આચાર્ય લોકેશજીને અપીલ કરી હતી કે તેઓ ભારત-પાકિસ્તાન, યુક્રેન-રશિયા, ઈઝરાયલ-પેલેસ્ટાઈન સહિત વિશ્વના વિવિધ ભાગોમાં પ્રવર્તી રહેલા સંઘર્ષ અને અશાંતિને રોકવા માટે તેમના પ્રયાસોને ઝડપી બનાવે અને તેઓ પોતે શાંતિ રાજદૂતો અને શાંતિ સૈનિકોની પસંદગી કરવા માટે વૈશ્વિક પ્રવાસ પર જાય અને શાંતિ અને સદભાવનાના ક્ષેત્રમાં કામ કરતા લોકો સાથે નીતિ નિર્માતાઓને મળે અને શાંતિ અને સદભાવના સ્થાપિત કરવાના પ્રયાસોને ઝડપી બનાવે.

# તુલના અને સ્પર્ધામાં જીવતા માણસે પોતાના દોષ જોવા એ મોટી સાધના છે

## પર દોષ દર્શન ત્યાં વિભાજન; સ્વ દોષ દર્શન ત્યાં એકતા

**ચિંતનની પાંખે**



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

માનવ સ્વભાવ એવો છે કે તે આજુબાજુના લોકોને ભૂલો અને ખામીઓને ઝડપી લેવામાં તરત સક્રિય થઈ જાય છે. કોઈની નબળાઈ કે દુર્ગુણ જોવા સહેલાં હોય છે, પરંતુ પોતાનામાં રહેલી ખામીઓને ઓળખવી અને સ્વીકારવી અત્યંત મુશ્કેલ હોય છે.જીવનમાં સાચો વિકાસ અને આત્મોન્નતિ ત્યારે જ શક્ય બને છે જ્યારે આપણે બીજાના દોષ શોધવાના બદલે પોતાની અંદર ઊંડાણપૂર્વક ઝાંખી કરીએ.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે ’પોતાનામાં નિરંતર અવલોકન કરવું જોઈએ.’ જ્યારે આપણે બીજાના દોષ જોવાનો અભ્યાસ કરીએ છીએ ત્યારે આપણું ધ્યાન આપણાથી દૂર થઈ જાય છે.ઈર્ષા,દ્વેષ અને ક્રોધ જેવા નકારાત્મક ભાવ જન્મે છે.આવા ભાવ આપણા મનને કલૂષિત બનાવે છે.અંતરમાં શાંતિ રહેતી નથી. બીજી તરફ જો આપણે આપણી ભૂલો અને દોષોની શોધ કરીએ અને તેને સુધારવાનો પ્રયાસ કરીએ,તો આપણા વ્યકિતત્વમાં સુધારો થાય છે.પોતાને સુધારવાથી જ સમાજ સુધરશે.કોઈની ટીકા કરવી સહેલી છે. પોતાને સુધારવા માટે આત્મવિશ્લેષણ અને સાહસની જરૂર પડતી હોય છે. અહંકાર, લાલચ, ક્રોધ,મદ,મોહ જેવા દોષો દરેક માણસમાં કોઈને કોઈ સ્વરૂપે હોય છે. જો આપણે નિષ્ઠાપૂર્વક પોતાનું અંતરમન જોવાનું શરૂ કરીએ અને સાચી રીતે આત્મમંથન કરીએ,તો આપણામાં રહેલા દુર્ગુણો બહાર આવે છે.આવું કરવાથી આપણે વધુ સહનશીલ, વિનમ્ર અને ઉત્તમ વ્યકિતત્વ ધરાવનાર બનીએ છીએ. આજની દુનિયામાં મીડિયા અને સોશિયલ પ્લેટફોર્મથી લોકો વધુ તુલનાત્મક અને વિવેચક બનેલા છે. દરેકને બીજાના જીવનમાં ખામી શોધવાની તલાશ રહે છે.પરંતુ જો એ ઊર્જા પોતાને ઓળખવા અને સુધારવા માટે ખર્ચે તો વ્યકિત જીવનમાં સાચી શાંતિ અને સફળતા હાંસલ કરી શકે. આથી, આવશ્યક છે કે આપણે પ્રમાણિકપણે પોતાના દોષને ઓળખવાની ટેવ વિકસાવવી જોઈએ.દરરોજ દિવસ દરમિયાન થયેલી ભૂલોના લેખાં જોખાં કરવા જોઈએ. પોતાની જાતને પૂછવું જોઈએ કે,આજે મેં શું ખોટું કર્યું ?તેને સુધારવાનો શું પ્રયાસ કર્યો ?આમ કરવાથી અન્યના દોષ નહીં દેખાય,પરંતુ સહાનુભૂતિ જન્મશે.આપણે આપણી ખામીઓને સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ.આમ કરવાથી જીવનને વધુ સંતુલિત,સંતોષકારક અને સામાજિક રીતે લાભદાયક બનાવી શકાય છે.નિષ્કર્ષ રૂપે બીજાના દોષ જોવાના બદલે પોતાના દોષ જોવા એ સજ્જનતા, વિવેક અને આધ્યાત્મિકતાની સાચી પહેલ છે.જે વ્યક્તિ પોતાને સુધારવાનો માર્ગ પસંદ કરે છે,તે જ સાચા અર્થમાં ઉજ્જવળ જીવન જીવે છે.



આપણા પૂર્વજો આત્મદોષ દર્શન કરતા. રામાયણમાં ભગવાન રામે પોતાની ભૂલ પર વિચાર કર્યો હતો.ભગવાન કૃષ્ણએ પણ દરેક સમયે પોતાનું અવલોકન કરીને કાર્ય કર્યું હતું. મહાત્મા ગાંધીજીએ પણ પોતાની આત્મકથા ’સત્યના પ્રયોગો’માં પોતાના દોષોનો ડગલેને પગલે સ્વીકાર કર્યો છે અને એ પ્રમાણે જીવી બતાવ્યું.એવા ઘણા પૂર્વસૂરીઓ થઈ ગયા કે જેમણે પોતાની ભૂલને લીધે પોતાના પદનો કે સત્તાનો ત્યાગ કર્યો હોય.આપણે દુનિયાને બદલવી હોય તો આપણે જાતે પહેલા બદલવું પડે.

જો દરેક વ્યકિત બીજાની નબળાઈ શોધ્યા કરે તો સમાજમાં એકબીજાની ટીકા અને દ્વેષ વધી જાય.પરિવારમાં શાળા,કોલેજોમાં કે કાર્ય કરવાના સ્થળે - દરેક જગ્યાએ સંબંધોમાં તણાવ વધી શકે.પરંતુ જો દરેક વ્યક્તિ પોતાના દોષ ઓળખીને તેને સુધારવાનો પ્રયાસ કરે,તો સંબંધોમાં વિશ્વાસ,પ્રેમ અને સહકાર વધે.

આપણે આપણી ભૂલો છુપાવવા માટે બીજાઓની ખામીઓ તરફ આંગળી ચીંધીએ છીએ.જો આપણે બીજાના દોષ જોવાનું શરૂ કરીશું તો આપણો શીખવાનો અવસર ગુમાવી દઈશું.કેમકે અંતર્ગત નિરીક્ષણ કર્યા વગર સુધારાની પ્રક્રિયા શરૂ થઈ શકતી નથી. પોતાના દોષ ઓળખવાથી વ્યકિતમાં નમ્રતા આવે છે અને નમ્રતાથી તેને માનસિક શાંતિ મળે છે.પોતાના દોષ ઓળખવાથી માણસ ઈમાનદાર બને છે અને જીવનમાં સાચો સંતોષ અનુભવે છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૨.૫.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ વદ દશમ, પૂર્વાભાદ્રપદા નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, વણિજ કરણ આજે બપોરે ૧૨.૦૭ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) ત્યારબાદ મીન (દ,ચ,ઝ,થ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે, ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે, દિવસ માધ્યમ રહે.

**વૃષભ** (બ,વ,ઉ) : આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે, સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.

**મિથુન** (ક,છ,ઘ) : નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય, દિવસ સારો રહે.

**કર્ક** (ડ,હ) : ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો, આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.

**સિંહ** (મ,ટ) : લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે, ધાર્યા કામ પાર ના પડે.

**કન્યા** (પ,ઠ,ણ) : વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.

**તુલા** (ર,ત) : લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે, પૂજા પાઠથી બળ મળી રહેશે.

**વૃશ્ચિક** (ન,ય) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય, જો કે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : મનમાં નવા તાજા વિચારો અને હકારત્મકતાથી લાભ થાય, લેખન વાંચન અને મનન કરી શકો જેની ખુબ જરૂર છે.

**મકર** (ખ,જ) : જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, પરિસ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે, સમજીને ચાલવું.

**કુંભ** (ગ,સ,શ) : નિરાશા કે બેચેની જેવું જણાય, મનમાં બેચેની રહ્યા કરે, કોઈ પ્રવૃત્તિમાં મનના લાગે.

**મીન** (દ,ચ,ઝ,થ) : તમારી જાતને અંદરથી ઓળખી શકો, આત્મસંવાદ કરી શકો જેથી તમારી જાતને સારી રીતે તપાસી શકો.

## જ્યોતિષ અને શ્રીવિદ્યા: પરસ્પર સંબંધ



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં જ્યોતિષ શાસ્ત્ર અને શ્રીવિદ્યા સાધના બંને મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. જ્યારે જ્યોતિષ શાસ્ત્ર ગ્રહોની સ્થિતિ અને તેમની માનવ જીવન પર અસરનું વિશ્લેષણ કરે છે, ત્યારે શ્રીવિદ્યા સાધના આત્મજ્ઞાન અને પરમ તત્વ સાથેના એકતાને પ્રોત્સાહિત કરે છે. આ બંને શાસ્ત્રોનું સંયોજન સાધકને સંપૂર્ણ જીવન જીવવા માટે માર્ગદર્શન આપે છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર, નવગ્રહો સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ બાર રાશિ બાર સ્થાન અને સત્યાવીસ નક્ષત્રો માનવ જીવનના વિવિધ પાસાઓ પર અસર કરે છે. જન્મકુંડળીમાં ગ્રહોની સ્થિતિ અને દશાઓના આધારે વ્યકિતના સ્વભાવ, આરોગ્ય, સંબંધો અને જીવનની ઘટનાઓનું અનુમાન લગાવવામાં આવે છે. શ્રીવિદ્યા સાધના દેવી લલિતા ત્રિપુરા સુંદરિની ઉપાસના પર આધારિત છે. આ સાધનામાં શ્રીચક્ર યંત્ર, પંચદશી અને શોડશી મંત્રો, અને વિધિઓનો સમાવેશ થાય છે. શ્રીચક્ર યંત્ર નવ ત્રિકોણોથી બનેલું છે, જે બ્રહ્માંડની રચનાને દર્શાવે છે. આ સાધના દ્વારા સાધક આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને પરમ તત્વ સાથે એકરૂપ થવાનો પ્રયાસ કરે છે.જે રીતે જન્માક્ષર એ એક ગુપ્ત નકશો છે એ જ રીતે શ્રીચક્ર રહસ્યથી ભરપૂર છે અને બેઉ પર સાથે કામ કરવામાં આવે તો ચમત્કારિક પરિણામ પ્રાપ્ત થાય છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૧-૦૫-૨૦૨૫ બુધવાર**

૧૨:૦૦ થી ૦૨:૨૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાઘી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (નઝાકત એ લૌકિ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (સ્કિન સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૨-૦૫-૨૦૨૫ ગુરુવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૨-૫-૨૦૨૫ ગુરૂવાર**

| | | | |
|---|---|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ | **શાલીવાહન શકિ:** | ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ | | |
| **તિથી** | વૈશાખ વદ દશમ | | |
| **નક્ષત્ર** | પૂવાભાદ્રપદ | | |
| **યોગ** | વિષ્કુંભ | **કરણઃ** | વણિજ |
| **સુર્યોદય** | ૬.૦૬ | **સુર્યાસ્તઃ** | ૭.૨૨ |
| **ચંદ્ર રાશી** | કુંભ બપોરે ૧૨.૦૭થી મીન | | |
| **રાશિ અક્ષર** | ગ.શ.સ/દ.ચ.ઝ.થ | | |
| **દિશાશૂળ** | દક્ષિણ દિશા તરફ | | |
| **રાહુકાળ** | બપોરે ૧.૩૦ થી ૩ | | |
| **દિવસનાચોઘડીયા** | શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ | | |
| **રાત્રીનાચોઘડીયા** | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત | | |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | ૪ | | | ૯ | |
| ૭ | | ૮ | | | ૨ | | | |
| | | | ૩ | ૧ | | | | |
| | | ૫ | ૪ | | ૭ | ૮ | | |
| | | | | | | ૬ | | ૧ |
| | | | ૮ | | | | | ૩ |
| ૧ | | | | | | | | ૫ |
| | ૮ | ૨ | | | | ૧ | | |
| | | ૭ | | ૨ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૦૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૮ | ૩ | ૫ | ૬ | ૭ | ૪ | ૯ |
| ૫ | ૭ | ૪ | ૯ | ૨ | ૧ | ૩ | ૮ | ૬ |
| ૩ | ૯ | ૬ | ૮ | ૪ | ૭ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૮ | ૨ | ૫ | ૧ | ૯ | ૬ | ૭ | ૩ |
| ૭ | ૩ | ૧ | ૬ | ૮ | ૨ | ૯ | ૫ | ૪ |
| ૯ | ૬ | ૫ | ૭ | ૩ | ૪ | ૮ | ૨ | ૧ |
| ૬ | ૧ | ૯ | ૨ | ૭ | ૫ | ૪ | ૩ | ૮ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૯ | ૮ | ૧ | ૬ | ૭ |
| ૮ | ૪ | ૭ | ૧ | ૬ | ૩ | ૨ | ૯ | ૫ |

# શહેર પોલીસ આયોજિત સ્પોર્ટ્સ કોચિંગ સમૃતિ કેમ્પ-૨૦૨૫ની પુર્ણાહુતી

## પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડિશનલ સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી જગદીશ બાંગરવા અને ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ સહિતના અધિકારીઓની ઉપસ્થિતિ





### ૧૬ દિવસીય સમર કેમ્પમાં ક્રિકેટ, ફૂટબોલ, બાસ્કેટબોલ સહિતની રમતોમાં ૧૫૫ બાળકોએ ભાગ લીધો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ આયોજિત સ્પોર્ટ્સ કોચિંગ સમર કેમ્પ-૨૦૨૫ ની ગઈકાલે પુર્ણાહુતી કરવામાં આવી હતી. આ તકે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ૧૬ દિવસીય સમર કેમ્પમાં ૧૫૫ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો.

રાજકોટ શહેર પોલીસ દ્વારા બાળકો માટે રાજય કક્ષાએ તેમજ રાષ્ટ્ર કક્ષાએ ભાગ લઈ સારૂ પરફોર્મન્સ આપે તે હેતુથી સતત ત્રીજા વર્ષે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટસ સમર કોચિંગ કેમ્પ - ૨૦૨૫ તા.૦૫/૦૫/૨૦૨૫ થી ૨૦/૦૫/૨૦૨૫ એમ ૧૬ દિવસ સુધી પોલીસ મુખ્ય મથક ખાતે આયોજન કરવામાં આવેલ હતુ. જેમા ક્રિકેટ, ફુટબોલ, બાસ્કેટબોલ અને સ્કેટીંગ રમતોમાં ૧૫૫ જેટલા રાજકોટ શહેર પોલીસ પરિવારના બાળકો અને પ્રજાજનોના બાળકોએ ઉત્સાહ પુર્વક ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ડીસીપી ટ્રાફિક પુજા યાદવ દ્વારા આપવામાં આવેલ હતું. ત્યારબાદ ખેલાડીઓ દ્વારા સ્પોર્ટસ ડાન્સ રજુ કરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે, આજના જમાનામાં નાના બાળકોથી લઈ મોટા સુધી તમામ વર્ગના લોકોને લોકોને મોબાઈલના નશામાથી બહાર લાવવા ખુબ જરૂરી છે જેના માટે આ પ્રકારની સ્પોર્ટસ એક્ટિવીટીઝમાં ભાગ લેતા રહેવું જોઈએ. જેથી શારિરીક અને માનસિક સ્થિતિ મજબુત બને. આ સ્પોર્ટસ સમર કેમ્પ પૂર્ણ થયા બાદ પણ તમામ બાળકો કોઈને કોઈ સ્પોર્ટસ ચાલુ રાખવા જણાવેલ અને રમત ગમતથી ટેન્શન મુક્ત થાય, એકાગ્રતા વધે તેમજ ગૃપ ભાવના કેળવાય જેથી આવી પ્રવૃતીઓમાં કાયમી ધોરણે સંકળાયેલા રહેવું જોઈએ તેમ જણાવેલ હતું.

આ સમર કેમ્પ મા ભાગ લેનાર તમામ ખેલાડીઓને સર્ટિફિકેટ તેમજ ઈનામ આપવામાં આવેલ હતા.

### મોબાઈલ છોડી સ્પોર્ટ્સના નશામાં ચડી જવામાં આવે તો અન્ય કોઈ નશામાં ચડવાની જરૂર રહેતી નથી: પોલીસ કમિશનર



ઓમનીટેક પ્રા.લી. તેમજ અહેસાસ ટ્રસ્ટ દ્વારા ખેલાડીઓને ટી-શર્ટ આપવામાં આવેલ

એસીપી એમ. આઇ. પઠાણએ આભાર વિધી કરી હતી. તેમજ એન્કરીન્ગ જગદેવસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલ હતું.આ પુર્ણાહુતી કાર્યક્રમમાં પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ટ્રાફિક પુજા યાદવ, ડીસીપી જગદિશ બાંગરવા ઉપરાંત તમામ એસીપી અને પીઆઈ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# પાણી પહેલા પાળ.. કોરોના સામે સિવિલ હોસ્પિટલ સજ્જ

## ઓક્સિજન પ્લાન્ટ, વેન્ટિલેટર, ૨૦ બેડનો વોર્ડ પૂરતા સ્ટાફની વ્યવસ્થા સાથે કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ: ડો.મોનાલી માકડીયા

**રિપોર્ટર:પાર્થ ભટ્ટી, અબતક, રાજકોટ**

કોરોનાના વધતા જતા કેસ ને લઈને રાજકોટ સિવિલ હોસ્પિટલએ અગમ ચેતી ના પગલા સાથે સિવિલ હોસ્પિટલ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા સજ છે,

દેશના વિવિધ વિસ્તારોને રાજ્યમાં કોરોનાના કેસો મળવાની ઘટનાના પગલે રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્રએ સઘન વ્યવસ્થા માટે કમર કસી છે અને



કોઈપણ પ્રકારની પરિસ્થિતિ ને પહોંચી વળવા તૈયારીઓ કરી છે.

કોરોના અંગે ની ગાઈડલાઈન મુજબ સિવિલ હોસ્પિટલમાં આગોતરી તૈયારીઓ શરૂ કરી કોરોનાના કેસ મળે તે પહેલા જ પાણી પહેલા પાળ બાંધવા માટે સિવિલ હોસ્પિટલના મેડિસન આઈસોલેશન, પેડીયાટ્રિક અને માઈક્રોડીસીસ



સહિતના વિભાગોનું સુપરવિઝન અને કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર ને સાબેદે કરવામાં આવ્યું છે.

સિવિલ હોસ્પિટલ અધિક્ષક ડો,મોનાલીબેન માકડીયા ના માર્ગદર્શન હેઠળ કોરોના ની પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયારિઓને અંતિમ ઓપ આપી દેવાયું છે સિવિલ હોસ્પિટલમાં આઈસોલેશન, વોર્ડ, ઓક્સિજન પ્લાન, પીપીઈ કીટ, ૨૦ બેડનો કોરોના વોર્ડ, તૈયાર કરવામાં આવ્યો છે ડોક્ટર મનાલી બેન માકડીયા એ જણાવ્યું હતુ કે કોરોના કેસ હજુ રાજકોટમાં આવ્યા નથી પરંતુ છુટા છવાયા કેસ મળે છે રાજકોટ સિવિલ હોસ્પિટલ સૌરાષ્ટ્ર ના આરોગ્ય ની લાઈફલાઈન હોય રાજકોટ સિવિલમાં રાજકોટ થી ઉના પોરબંદર અને સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓના દર્દીઓ આવે છે ત્યારે કોરોનાની સંભવિત લહેર ના પગલે રાજકોટ સિવિલમાં કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તંત્રએ તૈયારી કરી લીધી છે. ડોક્ટર મોનાલીબેન માકડીયા એ જણાવ્યું હતું કે હજુ કેસ મળ્યા નથી પરંતુ જો કોરોના ના દર્દીઓમાં વધારો થાય તો સિવિલમાં સંપૂર્ણ સારવારની વ્યવસ્થા મેડિસન સાધનો પૂરતો સ્ટાફ ઉપલબ્ધ બનાવ્યો છે.

# કોંગ્રેસ એકપણ રૂપિયાનો ભ્રષ્ટાચાર સાબિત કરી આપે તો જાહેર જીવન છોડી દઈશ: મંત્રી બચુભાઈ ખાબડ

## હું ભાગેડુ મંત્રી કે ધારાસભ્ય નથી સતત લોકો વચ્ચે રહેનારો વ્યક્તિ છું: કોંગ્રેસને આડે હાથે લેતા પંચાયત મંત્રી

**અબતક, રાજકોટ**

દાહોદ જિલ્લામાં ગરીબ મજૂરોને રોજગારી આપતી મનરેગા યોજનામાં ૧૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધુનો ભ્રષ્ટાચાર કરાનારા મંત્રીમાં બચુભાઈ ખાબડના પુત્ર બળવંત ખાબડ અને કિરણ પટેલની ધરપકડ બાદ બચુભાઈ છેલ્લાં ઘણાં સમયથી સંપર્ક વિહોણ હતાં. જોકે, હવે આટલા સમય બાદ બચુ ખાબડનું નિવેદન સામે આવ્યું છે. બચુ ખાબડે કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું કે, 'કોંગ્રેસ પાસે કોઈ મુદ્દો નથી તેથી ખોટા આરોપો લગાવે છે અને મારા બંને પુત્રો નિર્દોષ છે. બંને દીકરાની માત્ર સપ્લાઈ એજન્સી છે અને તેઓ તપાસમાં સહકાર આપશે. હું કોઈ ભાગેડું ધારાસભ્ય કે મંત્રી નથી હું પ્રજાની વચ્ચે જ છું અને કામ કરી રહ્યો છું.' જોકે, તેમણે એવો પણ દાવો કર્યો કે, શ્રમિક કામ માટે અમારી એજન્સીને કોઈ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો ન હતો.

કેબિનેટ બેઠકમાં ગેરહાજરીને લઈને બચુભાઈએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬મી તારીખે ગુજરાત આવી રહ્યા છે, તેથી હું આજે કેબિનેટની બેઠકમાં ગયો નથી. વ્યવસ્થાના ભાગરૂપે અત્યારે હું ધાનગડમાં બેઠક કરી રહ્યો છું, ત્યારબાદ દેવગઢ બારિયા જવાનો છું અને આખી વ્યવસ્થા સંભાળી રહ્યો છું. આ વિશે મેં મુખ્યમંત્રીને આજનો રિપોર્ટ પણ આપી દીધો છે. હું પ્રજામાં ફરતો માણસે છું, ભાગેડું ધારાસભ્ય કે મંત્રી નથી. મેં મારા મતવિસ્તારમાં કામ કર્યા છે, મારા પ્રભારી જિલ્લાનો પણ પ્રવાસ કરીને કામ કરી રહ્યો છું. હું ગુજરાતમાં ફરી રહ્યો છું તો કેવી રીતે મારા પર આક્ષેપ કરાઈ રહ્યા છે કે, મંત્રી ભાગેડું છે અને ભૂગર્ભમાં છે? સમગ્ર કેસને લઈને તપાસ થઈ રહી છે અને તે તપાસનો વિષય છે. મને સરકાર અને તપાસ એજન્સીઓ પર વિશ્વાસ છે. જે પણ પરિણામ આવશે તે ભવિષ્યમાં સામે આવી જશે.'

આ સિવાય કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, આવા આક્ષેપો કોંગ્રેસ હંમેશા કરતી આવી છે. વિધાનસભામાં પણ પ્રશ્નો પૂછીને અમારી સરકારે જવાબ આપ્યો છે. ૨૦૧૮માં જ્યારે હું ચોથીવાર ચૂંટાયો ત્યારે પણ મારી સામે આવા આક્ષેપો કરવામાં આવ્યા હતાં. ત્યારે પણ તેઓએ હાઈકોર્ટમાં અરજી કરી હતી અને બંનેને હાઈકોર્ટે રદ કરીને કહ્યું હતું કે, આમાં કોઈ તથ્ય નથી. કોંગ્રેસ હાલ વિકાસની બીજી કોઈ વાત કરી શકે તેમ નથી તેથી આવા ખોટા આરોપો મૂક્યા રાખે છે. હું ત્રણ વર્ષથી ગુજરાત સરકારના



પંચાયત મંત્રી તરીકે કામ કરૂ છું અને કોઈ ભ્રષ્ટાચાર કર્યો નથી. જો કોંગ્રેસ એક રૂપિયાનો પણ ભ્રષ્ટાચાર સાબિત કરી બતાવે તો હું જાહેરજીવન છોડી દેવા તૈયાર છું. મને સરકાર અને સરકારી એજન્સી પર સંપૂર્ણ વિશ્વાસ છે અને અમે તેમની કાર્યવાહીમાં સહયોગ કરી રહ્યા છીએ.'

# સવારથી જ અમરેલી-સાવરકુંડલા સહિતના વિસ્તારોમાં વરસાદ

## હવામાન વિભાગની આગાહી અનુસાર દરિયાકાંઠાના ચાર મહત્વના જિલ્લા પોરબંદર, જૂનાગઢ, અમરેલી અને ગિર સોમનાથમાં ૬૨ થી લઈને ૮૭ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ચોમાસાના આગમન પહેલા જ કમોસમી વરસાદથી અનેક જિલ્લાઓમાં પાણી પાણી થવાનું શરૂ થઈ ગયું છે. છેલ્લા કેટલાક દિવસથી અનેક જિલ્લામાં ભારે વરસાદ વરસી રહ્યો છે ત્યારે હવામાન વિભાગ તરફથી આગામી સાત દિવસ સુધી હજુ વરસાદની આગાહી કરવામાં આવતા ખેડૂતોની ચિંતા વધી ગઈ છે.

આજે હવામાન વિભાગની લેટેસ્ટ અપડેટ અનુસાર ચાર જિલ્લાઓ ગીર સોમનાથ, દીવ, જૂનાગઢ, પોરબંદર, અમરેલીમાં અનેક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે હવામાન વિભાગે ૬૦થી ૮૭ કિ.મી. પ્રતિકલાકની ઝડપે વાવાઝોડાં સાથે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે.



### ક્યારે ક્યાં વરસાદ થશે?



**૨૧ મે:** રાજકોટ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી

**૨૨ મે:** છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, આણંદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

**૨૩ મે:** રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ, ભરૂચ નર્મદા, સુરત તાપી, ડાંગમાં છૂટાછવાયો વરસાદ અને અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, દીવ, દાદરા અને નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી.

**૨૪ મે:** રાજ્યભરમાં હળવાથી ભારે વરસાદની આગાહી

**૨૫ મે:** પોરબંદર, રાજકોટ, અમરેલી, સુરત, તાપીમાં છૂટાછવાયો વરસાદ અને જૂનાગઢ, ગીર-સોમનાથ, દીવ, નવસારી, ડાંગ, દમણ, વલસાડ, દાદરા અને નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

**૨૬ મે:** જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ, તાપી, નવસારી, ડાંગ, દમણ, વલસાડ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી ભારે વરસાદની આગાહી

ગુજરાતના હવામાન વિભાગની આગાહી અનુસાર દરિયાકાંઠાના ચાર મહત્વના જિલ્લા પોરબંદર, જૂનાગઢ, અમરેલી અને ગિર સોમનાથમાં ૬૨ થી લઈને ૮૭ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે વીજળી પડવાની શક્યતાઓ પણ વ્યક્ત કરાઈ છે. ઉલ્લેખનીય છે કે આજે વહેલી સવારથી અમરેલીના અનેક ભાગોમાં વરસાદી

(અનુ. આઠમા પાને)

# વડાપ્રધાન કાલે રાજસ્થાનમાં કરણી માતાના કરશે દર્શન

**અબતક, રાજકોટ**

ઓપરેશન સિંદૂરની સફળતા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી પહેલી વાર રાજસ્થાનની મુલાકાતે છે. પીએમ મોદી ૨૨ મેના રોજ બિકાનેર પહોંચશે અને અહીં ઘણા કાર્યક્રમોમાં ભાગ લેશે. કહેવામાં આવી રહ્યું છે કે અહીંથી પીએમ મોદી રાજ્ય અને દેશના લોકોને ઘણી ભેટો પણ આપશે. પીએમ અહીં સરહદ પર સ્થિત કરણી માતા મંદિરની પણ મુલાકાત લેશે. આ પ્રસંગે પીએમ મોદી સાથે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ હાજર રહેશે.



# ભારે વરસાદના કારણે જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેરીના ૧૭૦૦૦ બોક્સ પલળી જતા વેપારીઓને ભારે નુકસાની

**અબતક, રાજકોટ**

કમોસમી વરસાદને લઈને જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૧૭૦૦૦ બોક્સને નુકસાની થતા વેપારીઓને લાખો રૂપિયાનો ફટકો પડ્યો છે, આજે સવારથી જૂનાગઢમાં કમોસમી વરસાદ પડતા ની સાથે જ માર્કેટિંગ યાર્ડ માં રહેલા ૧૭ હજાર કરતા પણ વધુ બોક્સ પલળી ગયા હતા અને ધોધમાર વરસાદને કારણે ખેડૂતોને તેમજ વેપારીઓને કેરીના પાક તેમજ બોકસમાં પારાવાર નુકસાનીનો સામનો કરવો પડ્યો હતો.

કેરીના બોકસ પલળી જતા નુકસાન થયું



આજે માર્કેટિંગ યાર્ડમા રાખવામાં આવેલા ૧૭,૦૦૦ બોક્સ પલળી જતા તમામ કેરીઓ પાણીમાં તરતી જોવા મળી હતી, યાર્ડના કેરીના વેપારીઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા કે જૂનાગઢ માર્કેટિંગ શાકભાજી અને ફ્રૂટ યાર્ડમાં કોઈક સુવિધાઓ નથી તેમ જ જે શેડ છે તે પણ તૂટી ગયા છે અને કેરીના બોક્સની

(અનુ. આઠમા પાને)

# સરસ્વતિ શિશુ મંદિરનું બોર્ડનું ૧૦૦ ટકા પરિણામ

**૯૯ પીઆર સાથે ગણિત, વિજ્ઞાન, સંસ્કૃત, વિષયોમાં વિદ્યાર્થીઓએ મેળવ્યા ૧૦૦ માંથી ૧૦૦ ગુણ**







**અબતક, રાજકોટ**

ધોરણ ૧૦-૧૨ બોર્ડ પરીક્ષામાં સરસ્વતી શિશુમંદિરનું ૧૦૦ ટકા પરિણામ

અ૧-૨માં ૪૦ વિદ્યાર્થીઓ ઉપરાંત ધો. ૧૦માં ૯૯.૯૧ ૬.૭ મેળવી સોલંકી ભક્તિએ શાળા-પરિવારનું ગૌરવ વધાર્યું

સરસ્વતી શિશુમંદિરે બોર્ડમાં ૧૦૦ ટકા પરિણામ મેળવવાની પરંપરા જાળવી રાખી : અપૂર્વભાઈ મણીઆર

૯૯ ટકા પીઆર સાથે ગણિત, વિજ્ઞાન, સંસ્કૃત, સમાજ, આંકડાશાસ્ત્ર જેવા વિષયોમાં વિદ્યાર્થીઓએ મેળવ્યા ૧૦૦માંથી ૧૦૦ ગુણ

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત સરસ્વતી શિશુમંદિરનું ધોરણ ૧૦-૧૨ બોર્ડ પરીક્ષામાં વિક્રમજનક પરિણામ આવ્યું છે. ધો. ૧૦-૧૨માં એ૧-૨ ગ્રેડ સાથે ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ૯૯ ટકા સુધી પીઆર મેળવ્યા છે. શાળાની વિદ્યાર્થી સોલંકી ભક્તિએ ધો. ૧૦માં ૯૯.૯૧ પીઆર મેળવી શાળા-પરિવારનું ગૌરવ વધાર્યું છે આ ઉપરાંત સોલંકી ભક્તિએ સ્ટાન્ડર્ડ ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે જયારે શાળાના અન્ય વિદ્યાર્થીઓ ખૂંટ જીયલએ આંકડાશાસ્ત્રમાં, વાજા વૃત્તિએ સંસ્કૃતમાં, ખાંભલિયા રોહને બેઝિક ગણિતમાં, કોટડીયા વ્યોમએ સંસ્કૃત વિષયમાં, ધોડકીયા કૃપાએ વિજ્ઞાન, સમાજ, બેઝીક ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે.

બોર્ડ પરીક્ષાના ઝળહળતા પરિણામો વિશે શિશુમંદિરના ચેરમેન અપૂર્વભાઈ મણીઆરે જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળાના આચાર્યો-પ્રધાનાચાર્યોની વિદ્યાર્થીઓ પ્રત્યેની સખત મહેનત-સતત માર્ગદર્શનથી સરસ્વતી શિશુમંદિરે બોર્ડમાં ૧૦૦ ટકા પરિણામ મેળવવાની પરંપરા જાળવી રાખી છે. આ ઉત્કૃષ્ટ પરિણામમાં સંસ્થાના સાથી ટ્રસ્ટીગણની પણ એટલી જ મહેનત અને માર્ગદર્શન રહેલા છે. સંસ્થાના ટ્રસ્ટીગણ, શાળાના આચાર્યો-પ્રધાનાચાર્યોના નેતૃત્વમાં સરસ્વતી શિશુમંદિર છેલ્લા દોઢેક દસકથી બોર્ડ પરિણામમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી સો ટકા પરિણામ મેળવી રહ્યું છે. શાળાના વિદ્યાર્થીઓના પરિણામમાં શાળાની કાર્યપ્રણાલીનું પ્રતિબિંબ નિહાળી શકાય છે. સરસ્વતી શિશુમંદિર દરેક વિદ્યાર્થીઓ સારા ગુણ સાથે શ્રેષ્ઠ સંસ્કાર મેળવે તે માટે કાર્યશીલ છે.

છેલ્લા ૪૨ વર્ષથી શહેરના મારુતિનગર સાથે રણછોડનગર અને નવા થોરાળા વિસ્તારમાં શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર સરસ્વતી શિશુમંદિર નર્સરીથી ધો. ૧૨ ગુજરાતી-અંગ્રેજી માધ્યમમાં સાયન્સ-કોમર્સનું શિક્ષણ આપતી સંસ્થા છે, સરસ્વતી શું કામ સર્વશ્રેષ્ઠ છે એ જાણવા દરેક વ્યક્તિએ આ શાળાની અચૂક મુલાકાત લેવી એવું જણાવી સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડો. બળવંતભાઈ જાની, ટ્રસ્ટી અનીલભાઈ કિંગર, ખંતીલભાઈ મહેતા, સમીરભાઈ પંડિત, પલ્લવીબહેન દોશી, રક્ષિતભાઈ પટેલ સહિત શાળા પરિવારના પ્રધાનચાર્યો, આચાર્યોએ ધોરણ ૧૦-૧૨માં વિક્રમજનક પરિણામ મેળવવા બદલ સૌ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને બિરદાવી શુભેચ્છાઓ પાઠવતા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

**''મેદસ્વિતા મુક્ત ગુજરાત'' અભિયાન અંતર્ગત**

# કોર્પોરેશન આયોજિત યોગા કેમ્પમાં ૧૦૦ બાળકો જોડાયા

**૦૭ થી ૧૫ વર્ષના સવારના ૭ થી ૯ વાગ્યા સુધી અપાય છે યોગની તાલીમ**





**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તા. ૩૦/૦૫/૨૦૨૫ સુધી રાજકોટ મહાનગરપાલિકાના જુદા જુદા દસ સ્થળોએ બાળકો માટે નિઃશુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૦૭ થી ૧૫ વર્ષના ૧૦૦ બાળકોને સવારના ૭ થી ૯ વાગ્યા સુધી પ્રશિક્ષિત કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારે ''મેદસ્વિતામુકત ગુજરાત'' અભિયાનને વેગવંતુ કરવા રાજ્યના વિવિધ વિસ્તારોમાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. આ અભિયાનમાં બાળકોને આવરી તેઓ શાળાના વેકેશનનો સદુપયોગ કરી શકે તે માટે સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રશિક્ષિત ટ્રેનર અને કોચ દ્વારા બાળકોને યોગ, પ્રાણાયામ અને કસરતથી જીવનમાં નિયમિતતા, શિસ્ટતા, શારીરિક તંદુરસ્તી અને એકાગ્રતા કેળવાઈ છે. ઉપરાંત (અનુ. આઠમા પાને)

# બાલભવનમાં મિનિ માઈન્ડ વર્કશોપ થકી ભૂલકાઓ રજાનો કર્યો સદુપયોગ

**સમર વેકેશનમાં કરાટે, યોગા કેરમ સહિતના વર્કશોપમાં ૩૦૦ જેટલા ભૂલકાઓએ ભાગ લીધો**



**અબતક, રાજકોટ**

દર વર્ષે બાલભવન રાજકોટ દ્વારા ઉનાળુ વેકેશનનાં વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૫ થી ૧૬ વર્ષ નાં દરેક બાળકો ભાગ લેતા હોય છે. બાલભવન રાજકોટનાં માનદ મંત્રી મનસુખભાઈ જોષી અને ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી (હેલીબેન)નાં માર્ગદર્શન હેઠળ બાલભવનનાં કિરીટભાઈ વ્યાસ તથા બાલભવનની ટીમ દ્વારા બાળકો માટે આ વર્ષે પણ સમર વેકેશન મીની માઈન્ડ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ છે.

વર્કશોપમાં કરાટે, યોગા, કેરમ, તેમજ સાંજના વર્કશોપમાં ગ્લાસ પેઈન્ટીંગ, મેગેજીન કાફ્ટ, કલર ટેકનીક જેવા વર્કશોપમાં ૩૦૦ જેટલા ભૂલકાઓએ ભાગ લઈ વેકેશન સમયનો સદ્ઉપયોગ કરી કંઈક નવું શિખ્યા. અને હજુ પણ રંગપુરણી, ડ્રોઈંગ, ફોક - વેસ્ટર્ન ડાન્સ, ગરબા તાલીમ તેમજ પર્સનાલીટી ડેવલપમેન્ટનાં વર્કશોપમાં પણ બહોળી સંખ્યામાં બાળકો ભાગ લઈ રહ્યા છે.

બાલભવન રાજકોટના અમિત જોષી, તૃપ્તિબેન ચૌહાણ, અફરોઝાબેન પરમાર, મહેશભાઈ ચૌહાણ, નયનભાઈ ચાવડા, માલાબેન રાઠોડ, શૈલીબેન મહેતા તથા ગૌતમભાઈ લીંબડીયા સહિતના શિક્ષકોએ પોતના વિષયાનુસાર બાળકોને ઉપરોક્ત વર્કશોપની તાલીમ આપી અને વર્કશોપ પૂરો થયે બાળકોને પ્રમાણપત્ર પણ એનાયત કરાતા બાળકોનો ઉત્સાહ જળવાઈ રહ્યો છે.

# રાજકોટ જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકારીતાના હેતુને સાર્થક કરવા યોજાયો સેમિનાર

**સામૂહિક પ્રવૃત્તિથી સંગઠન અને એકતાની ભાવનાને પ્રબળ બનાવવા આગેવાનોએ આપ્યું માર્ગદર્શન**




**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લા સહકારી સંઘ-રાજકોટ તથા જીલ્લા રજીસ્ટ્રાર (સ.મં.) રાજકોટના સંયુકત ઉપક્રમે આંતર રાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫ના ઉજવણી અંર્તગત રાજકોટ જીલ્લા સહકારી સંઘમાં સેમીનાર યોજાયેલ.

જેમાં આ સેમીનારમાં રાજકોટ જીલ્લા સહકારી સંઘના ચેરમેન દિનેશભાઈ ભુવા, માનદ મંત્રી મનસુખભાઈ સંખાવરા, ડીરેકટર લાભુભાઈ કુવાડીયા તેમજ જીલ્લા રજીસ્ટાર બી.એન. પટેલ અને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર એન.ડી ચાવડા, કાર્યાલય અધ્યક્ષ કુમારી ગીતાબેન જીવાણી, જીલ્લા સંઘ ના મહિલા સમિતીના કન્વીનર સંગીતાબેન કગથરા, સહ કન્વીનર બિંદીયાબેન મકવાણા થતા સભ્યો અને સંસ્થાના એકઝીકયુટીવ ઓફીસર એવા જયશ્રીબેન ત્રિવેદી ઉપસ્થીત રહેલ હતાં.

આ સેમીનારનો ઉદેશ્ય, જીલ્લાની સહકારી પ્રવૃતિ માં વધુ માં વધુ લોકો જોડાય અને ખાસ કરીને યુવક/યુવતઓ જોડાઈને સહકારીતાના ઉદેશ્યને સમજી તેને ઉપયોગ કરી, સહકારી મંડળીઓ થકી ખાસ કરીને ગ્રામ્ય કક્ષાએ લોકોને રોજગાર, વ્યાપાર અને સામુહિક પ્રવૃતિથી સંગઠન અને એકતાનની ભાવના પ્રબળ થાય સાથે સાથે રોજગાર અને શહેરી કરણ ના પ્રશ્નમાં ઉકેલ મળે અને યુવાનોને પોતાના જ ગામમાં કૃષિ વ્યવસાયની સાથે સાથે રોજગારી ઉપલબ્ધ થાય અને તે રીતે ગ્રામ્ય વિકાસમાં આર્થિક સધ્ધરતાની દિશામાં વેગ મળે, તે માટે જરૂરી માર્ગદર્શન અને વહિવટી કામોમા પડતી મશ્કેલીઓ માટે પ્રશિક્ષણ આપવાનો ધ્યેય સમાયેલ છે.

આ સેમીનારમાં જિલ્લા સંઘના કન્વીનર એવા સંગીતાબેન કગથરાએ સહકારીતાની લક્ષ સિધ્ધી માટે માર્ગદર્શન પુરૂં પાડેલ છે. સહકન્વીનર એવા બિંદીયાબેન મકાવાણાએ મહિલા સંચાલીત દૂધ મંડળીઓ/સખી મંડળ/સેલ્ફ હેલ્પ ગૃપ થકી મહિલાઓને વ્યવસાય કરી શકે અને સફળ થઈ શકે તે માટેનું માર્ગર્શન પરૂ પાડેલ છે.

આ સેમીનારમાં વિષય તજજ્ઞ તરીકે રાજકોટ જીલ્લામાં સહકારી આગેવાન તરીકેની આગવી ઓળખ ધરાવાતા એવા ડો. હિતેશભાઈ શુકલ એ પોતાના વ્યકતવ્ય સાથે સેવા આપી હતી.

આ સમગ્ર સેમીનારનું સંચાલન કેન્દ્રના અધ્યાપક એવા મનિષા બહેન ભાગીયાએ કરેલ તથા રાજકોટ જીલ્લા સહકારી સંઘ ના એકઝી.ઓફીસર જયશ્રીબેન ત્રિવેદી એ સ્વાગત પ્રવચન કરેલ હતું, અંતમાં આભાર વીધી સંઘના માનદ મંત્રી મનસુખભાઈ સંખાવરાએ કરેલ હતી.

# સાવજોની સંખ્યા વધતા સાંસદ પરિમલ નથવાણી રાજી રાજી

**બરડાના જંગલમાં સિંહો માટે નવું ઘર ઉભુ કરવાના સરકારના પ્રયાસોની પણ કરી પ્રશંસા**



**અબતક, રાજકોટ**

માત્ર ગુજરાતમાં જ જોવા મળતા એશિયાટીક સિંહોની સંખ્યામાં ઉત્તરોત્તર વૃધ્ધિ જોવા મળી રહી છે. ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલી સત્તાવાર જાહેરાત અનુસાર તાજેતરમાં હાથ ધરવામાં આવેલી સિંહની વસતિ ગણતરીમાં સિંહોની સંખ્યા ૮૯૧એ પહોંચી છે. પહેલાં સિંહ માત્ર સાસણ ગીર, જૂનાગઢ અને ધારીની આસપાસના વિસ્તારોમાં જોવા મળતા હતા પરંતુ હવે તેમનો વિસ્તાર ખૂબ જ વધ્યો છે અને અમરેલી, જાફરાબાદ, દીવ અને પીપાવાવ પોર્ટ સુધી પહોંચ્યા છે. વધુમાં, પહેલાં માત્ર જંગલ વિસ્તારમાં વસવાટ કરતા સિંહ હવે દરીયાકિનારાના વિસ્તારોમાં પણ વસવાટ કરવા લાગ્યા છે.

ગુજરાતમાં સિંહની સંખ્યામાં થયેલા વધારા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સંવર્ધન પ્રયાસોની ખૂબ જ મોટી ભૂમિકા રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રોજેક્ટ લાયન ડોક્યુમેન્ટ લાયન ૪૭: વિઝન ફોર અમૃતકાળમાં જુદા-જુદા ૨૧ લાયન કોરીડોરની ઓળખ કરીને સિંહોની વધતી જતી વસતિના વ્યવસ્થાપન અને તેની સુરક્ષા સહિતના મુદ્દાઓને કારણે ભવિષ્યમાં પણ ગુજરાતમાં સિંહોની વસતિ ખૂબ જ વધશે તેવી આશા છે. બરડાના જંગલોમાં સિંહોને વસાવીને તેમના માટે નવું ઘર ઊભું કરવાની સરકારની કામગીરી પણ પ્રશંસનીય છે. તેમ રાજયસભાના સાંસદ પરિમલ નથવાણીએ જણાવ્યું હતું.

# સંગીતપ્રેમી રંગીલુ નગરમાં રોયલ એકેડેમી ઈન્ડિયાના સિંગર્સની અદભૂત જમાવટ

**રોયલ એકેડેમી ઈન્ડિયાના ૫૪ કલાકારોએ ક્યુએટ સોંગંસ સાથે બે-દિવસીય કાર્યક્રમ**





**અબતક, રાજકોટ**

શ્રી રોયલ એકેડેમી ઈન્ડિયા ઘણા વર્ષોથી આધ્યાત્મિક અને સામાજિક એક્ટિવિટીઓ વિશાળ પ્રમાણમાં કરે છે. દર રવિવારે બપોરે આધ્યાત્મિક પ્રવચન અને જાપ થી એકેડેમી અનોખી પ્રેરણાદાયક પ્રવૃતિઓ કરે છે. ૬૦૦ ઉપરાંત સિંગર્સ સભ્યો ધરાવતી અને સંગીત ક્ષેત્રે ઉભરતા નવા કલાકારો આગળ લઈ આવવા માટે ખૂબ જ પ્રોત્સાહિત કરીને રોયલ એકેડેમી ઈન્ડિયા અનોખી ભૂમિકા ભજવી રહ્યું છે.

રોયલ એકેડેમી ઈન્ડિયાના ૫૪ સિંગર્સ સભ્યોએ ડયુએટ સોંગ્સ સાથે બે દિવસના કાર્યક્રમમાં જમાવટ કરી હતી. ડયુએટ સ્પેશિયલ ના અનોખા કાર્યક્રમમાં બહોળી સંગીતપ્રેમીઓ ઝૂમી ઉઠ્યા હતા. મહિનામાં બે થી ત્રણ ભવ્યાતીભવ્ય કરાઓકે કે લાઈવ સંગીતના પ્રોગ્રામ આપીને ઉભરતા અને નવા જુના સિંગર્સને પ્રોત્સાહન આપીને (અનુ. આઠમા પાને)

# ગાર્ડી વિદ્યાપીઠએ કર્યા ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટી ઓફ વોલોન્ગોગ સાથે કરાર

**શૈક્ષણીક, સાંસ્કૃતિક આદાન-પ્રદાન તેમજ રિસર્ચ માટે ઈચ્છુક વિદ્યાર્થીઓ અને પ્રોફેસર માટે રિસોર્સનો સદુપયોગ કરશે**



**અબતક, રાજકોટ**

રાજકોટના ટી વી મહેતા ચેરીટેબલ ફાઉન્ડેશન સંચાલિત ગાર્ડી વિદ્યાપીઠ અને યુનિવર્સિટી ઓફ વોલોન્ગોગ,ઓસ્ટ્રેલિયાના ગીફ્ટ સિટી ગાંધીનગર ખાતે આવેલ ઈન્ડિયા કેમ્પસ વચ્ચે તાજેતરમાં સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ એમઓયુ હેઠળ બંને સંસ્થાઓ ભવિષ્યમાં શૈક્ષણિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક આદાન પ્રદાન કરશે તેમજ રીસર્ચ માટે ઈચ્છુક વિદ્યાર્થીઓ અને પ્રોફેસર માટે યોગ્ય રિસોર્સનો પરસ્પર સહમતિથી એકબીજા માટે સદુપયોગ કરશે.

આ સમજૂતી કરાર અંતર્ગત બંને સંસ્થાના તજજ્ઞ દ્વારા વિવિધ ફેકલ્ટી ડેવલપ્લેન્ટ વર્કશોપ તેમજ અલગ અલગ વિષયોને કેન્દ્રમાં રાખતા સેમિનાર અને રિસર્ચ પ્રોજેક્ટ, પ્લેસમેન્ટ તેમજ ઈન્ટર્નશીપ જેવા અભ્યાસ સંલગ્ન વિકાસમાં પરસ્પર મદદરૂપ થવાનો હેતુ સાકાર થશે. આ તકે ગાર્ડી વિદ્યાપીઠના લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ વિભાગના વડા બ્રિજમોહન યાજ્ઞિક એ જણાવેલ કે આ પ્રકારના એમઓયુ થકી વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ નોલેજ, સોશિયલ સ્કીલ, પબ્લિક ડીલિંગ તેમજ સેલ્ફ મેનેજમેન્ટ જેવા પાસાઓમાં નોંધપાત્ર સુધારા જોવા મળે છે સાથોસાથ વ્યક્તિત્વ વિકાસમાં લીડરશીપમાં ગુણો પણ ખીલે છે.

આ જોડાણ અંગે યુનિવર્સિટી ઓફ વોલોન્ગોગ, ઈન્ડિયા ખાતેના કેમ્પસ ડાયરેક્ટર નિમય કલ્યાણી તેમજ ગાર્ડી વિદ્યાપીઠના મેનેજીંગ ડાયરેક્ટર જય મહેતા એ બંને સંસ્થાઓના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ તેમજ તમામ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# ધંધાકીય હરીફાઈમાં આદેશ ટ્રાવેલ્સના ડ્રાયવર - કિલનર પર હુમલો : બસમાં તોડફોડ

## કુવાડવા ગામ નજીક બસને આંતરી દ્વારકાધીશ ટ્રાવેલ્સના ચાર શખ્સોની ધમાલ : અમદાવાદના ઈસ્કોન પાસે બસ ઉભી રાખવા બાબતનો ડખ્ખો

**અબતક, રાજકોટ**

કુવાડવા ગામે રાધે હોટલ પાસે ટ્રાવેલ્સના ધંધાની હરીફાઈમાં બસને આંતરી ડ્રાઈવર-ક્લીનર પર હુમલો કરી બસમાં તોડફોડ કરતાં કુવાડવા રોડ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. અમદાવાદ ઈસ્કોન પાસે બસ નહીં ઉભી રાખવાનું કહીં દ્વારકાધીશ ટ્રાવેલ્સના ચાર શખ્સોએ આદેશ ટ્રાવેલ્સના ડ્રાઈવર-ક્લીનરને પાઈપથી ફટકારી બસમાં તોડફોડ કરી હતી.

બનાવ અંગે જામજોધપુરના મોટા વડીયા ગામમાં રહેતાં ભીખનભાઈ રમેશભાઈ કરંગીયા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દ્વારકાધીશ ટ્રાવેલ્સના ચાર અજાણ્યાં શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ આદેશ ટ્રાવેલ્સ જે દરરોજ જામજોધપુરથી ગાંધીનગર ચાલતી હોય તેમાં ડ્રાઈવીગ કરે છે. જે ટ્રાવેલ્સના નં. જીજે-૦૩-બીઝેડ-૮૯૮૮ છે.

ગઈ તા. ૧૯/૦૫/૨૦૨૫ ના રાત્રીના દશ વાગ્યે તેઓ અને કલીનર ઈરફાનભાઈ આદેશ ટ્રાવેલ્સની બસ લઈને જામજોધપુરથી પેસેન્જર ભરી ગાંધીનગર ગયેલ હતા. ગઈકાલે તેઓ ગાંધીનગર બસમાં સુતા હતા ત્યારે કલીનર પાસે ટ્રાવેલ્સનો મોબાઈલ ફોન હોય જેમાં દ્વારકાધીશ ટ્રાવેલ્સના માલિક રણછોડભાઈ સભાડનો ફોન આવેલ કે, તમે અમદાવાદ ઈસ્કોન ખાતે બપોરના એક વાગ્યે તમારી બસ ન લગાડતા અને ભપોરના ૦૧/૨૦ પછી તમારી બસ ત્યાં લગાડજો અને તમારા શેઠ સુનીલભાઈને કહેવુ હોય તો કહી દેજો અમારા બસના ડ્રાઈવર તેમજ કલીનર ખરાબ મગજના છે પછી ખોટી માથાકુટ થાય તો કહેતા નહીં.આ બાબતે તેઓએ તેમની ટ્રાવેલ્સના માલીક સુનીલભાઈ ઓડેદરાને ફોન કરીને જાણ કરેલ હતી.

બાદમાં સવારના સાડા અગ્યારેક વાગ્યે ગાંધીનગરથી પેસેન્જર ભરી જામજોધપુર જતા હતા ત્યારે સાંજના આશરે પાચેક વાગ્યે અમદાવાદથી રાજકોટ તરફ જતા હાઈવે રોડ પર કુવાડવા ગામે રાધે હોટલની સામે બસ પહોચેલ ત્યારે રાજકોટ તરફથી એક સફેદ કલરની સ્વીફટ ગાડી આવેલ અને બસની આડી ઉભી રાખી દીધેલ હતી. સ્વીફટ ગાડીમાથી અજાણ્યા ચારેક જેટલા માણસો હાથમા લોખંડના પાઈપ લઈ ઉતરેલ અને તેમાથી એક માણસે પાસે આવી કહેલ કે, તુ નીચે ઉતર તેમ કહી હુમલો કરી દિધો હતો.

ત્યારબાદ બીજા ત્રણ માણસોએ બસના આગળના કાચમા તેમજ ડ્રાઈવરની કેબીનનો દરવાજા, કલીનર સાઈડના દરવાજા ઉપર લોખંડના પાઈપ મારી કાચ તોડી નાંખી તેમજ ચારેય શખ્સો કલીનર સાઈડનો દરવાજો ખોલી બસની અંદર આવી ડ્રાઈવર તથા કલીનરને આપી એક શખ્સ કહેતો હતો કે તમને અમદાવાદથી એક વાગ્યા પછી બસ ઉપાડવાનુ કહેલ હતુ, છતા પણ કેમ એક વાગ્યે બસ લગાડેલ હતી. કાલે પણ તમારી બસને આવી રીતે રોકીને તોડફોડ કરીશુ અને ગમે તે ડ્રાઈવર હશે તેઓને માર મારીશું તેમ કહીં આરોપીઓ કારમા નાસી છૂટ્યા હતાં.

બનાવ અંગેની ફરીયાદ પરથી કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી હુમલાખોર અજાણ્યાં શખ્સોની શોધખોળ આદરી છે.

# ગાયકવાડીમાંથી રૂ.૩.૬૭ લાખના હેરોઈન સાથે શાહરૂખ વિકયાણી ઝડપાયો

## ૭૩.૫૨૦ ગ્રામ માદક પદાર્થનો જથ્થો કબ્જે કરતી એસઓજી પોલીસ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના ગાયકવાડી વિસ્તારમાંથી રૂ. ૩.૬૭ લાખણી કિંમતના ૭૩.૫૨૦ ગ્રામ હેરોઈન સાથે શાહરુખ વિકયાણીની એસઓજી ટીમે ધરપકડ કરી છે. પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ શહેરમાં યુવાધન મને નશાના રવાડે ચડતા અટકવવા તથા નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોનું ખરીદી-વેચાણ કે સેવન કરનારા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને એસીપી ક્રાઈમ બી બી બસિયાની સૂચનાને પગલે એસઓજી પીઆઈ એસ એમ જાડેજા અને એન વી હરીયાણીની ટીમો પ્રયત્નશીલ હતી. દરમિયાન એસઓજી શાખાના હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલાને સંયુકત રાહે મળેલી બાતમીના આધારે એસઓજી ટીમ જંકશન પ્લોટ ગાયકવાડી શેરી નંબર-૪ ના ખૂણે વોકળા પાસે અયાન મંઝિલ મકાન બહાર જાહેરમાં માદક પદાર્થ હેરોઈનના ૭૩.૫૨૦ ગ્રામનો જથ્થો જેની કિંમત રૂ.૩,૬૭,૬૦૦ સાથે શાહરુખ ઉર્ફે ડોનું અમીનભાઈ વિકયાણી (ઉ.વ.૩૦ રહે. અયાન મંઝિલ, ગાયકવાડી શેરી નંબર-૪, જંકશન પ્લોટ, રાજકોટ)ની ધરપકડ કરવામાં આવી હતી.





### રાજસ્થાની શખ્સ ત્રીજી વાર ખેપ આપી ગયો'તો : શાહરુખ સિલેકટેડ ગ્રાહકોને જ નશો આપતો

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર પકડાયેલ શખ્સને રાજસ્થાનની શખ્સ હેરોઈન સપ્લાય કરી ગયો હતો અને શાહરૂખ અહીં સિલેકટેડ ગ્રાહકોને જ હેરોઈન વેંચતો હતો. અગાઉ બે વખત હેરોઈન રાજસ્થાનથી મંગાવ્યું હોવાની કબૂલાત આપી હતી. હાલ એસઓજીની ટીમે પ્ર. નગર પોલીસમાં ગુનો દાખલ કરતાં પીએસઆઈ રાણીગાએ વધું તપાસ આદરી હતી.

આ કામગીરીમાં એસઓજી પીઆઈ એસ એમ જાડેજા, એન વી હરીયાણી, પીએસઆઈ એસ બી ઘાસુરા, એએસઆઈ વિરેન્દ્રસિંહ ઝાલા, અરુણભાઈ બાંભણીયા, હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ, ઉપેન્દસિંહ ઝાલા, જયદીપસિંહ ચૌહાણ, હરદેવસિંહ વાળા, કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલા, મોનાબેન બુસા, ધર્મેન્દ્રસિંહ ઝાલા અને નરપતસિંહ જાડેજા રોકાયા હતા.

# કુચીયાદડ નજીક ટેન્કર અને ટ્રક વચ્ચે અકસ્માત, ટ્રક ચાલકનું મોત

## ઓવરબ્રિજ ઉતરતા ટેન્કર ચાલકે સિગ્નલ બતાવ્યા વગર અચાનક બ્રેક મારી દેતા સર્જાયો જીવલેણ અકસ્માત

**અબતક, રાજકોટ**

અમદાવાદ હાઈવે કુચીયાદડ ઓવર બ્રિજ ઉતરતા ટેન્કર ચાલકે કોઈપણ જાતનું સિગ્નલ બતાવ્યા વગર રસ્તા વચ્ચે જ ટેન્કર ઉભું રાખી દેતા ટ્રક અથડાય પડ્યું હતું અને ટ્રક ચાલકનું ગંભીર ઈજા ના કારણે મોત નીપજ્યું હતું.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ તારીખ ૧૭ ૫ ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યે રાજકોટ અમદાવાદ હાઈવે રોડ કુચીયાદળ અવર બ્રિજ કરતા કાલાવડ ના અલા ગામના ટ્રક ડ્રાઈવર રવિરાજસિંહ રામસંગ ઝાલા પોતાનો ટ્રક નંબર લષ ૧૮ એ ઝેડ ૭૬ ૬૨ લઈને વાંકાનેર જતા હતા ત્યારે રસ્તા પર વરાહ ઈન્ફ્રા લિમિટેડ કંપની નું ટેન્કર નંબર એચ આર ૪૬ સી ૩૧ ૫૯ ના ચાલકે કોઈપણ પ્રકારના સિગ્નલ બતાવ્યા વિના ટેન્કર હાઈવે પર ઉભો રાખી દેતા રવિરાજસિંહ ઝાલા નું ટ્રક પેકર સાથે અથડાઈ ગયું હતું અને ચાલક રવિ રાજસિંહ ને માથામાં ગંભીર ઈજા થતાં ઘટનાજ મૃત્યુ નીપજ્યું હતું.

આ અંગે અકસ્માતનો ભોગ બનેલા ટ્રક ચાલક રવિરાજસિંહ ના પિતરાઈ ભાઈ ગજેન્દ્રસિંહ જામભા ઝાલા રહે સરાપાદર વાળાએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ટેન્કર ચાલક વિરુદ્ધ ગફલતથી અકસ્માત સર્જી રવિરાજસિંહનું મૃત્યુ નિપજાવ્યા ની ફરિયાદ નોંધાવતા એરપોર્ટ પોલીસે પીએસઆઈ એસએસએ જાડેજાએ તપાસ હાથ ધરી છે.

# નરસિંહનગરમાં પુત્રીનો પીછો કરનાર શખ્સની પિતા-કાકાને ખૂનની ધમકી

## અગાઉ નિર્મળ વધેરાને ઠપકો આપતાં ઝગડો થયો'તો : બાદમાં રાત્રીના સમયે છ શખ્સોંના ટોળાંએ સોસાયટીમાં ધસી આવી બેફામ ગાળો આપી

**અબતક, રાજકોટ**

શહેરના આરટીઓ કચેરી પાછળ આવેલી નરસિંહનગર સોસાયટીમાં પુત્રીનો પીછો કરનાર નિર્મળ વધેરાને ઠપકો આપવા બાબતે થયેલ ઝગડાનો ખાર રાખી છ શખ્સોંએ સોસાયટીમાં ધસી આવી બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે.

મામલામાં આરટીઓ ઓફિસ પાછળ નરસિંહનગર સોસાયટી શેરી નંબર-૦૧માં રહેતા અને સફાઈ કામદાર તરીકે નોકરી કરતી ૪૦ વર્ષીય પરિણીતા નીશાબેન મનીશભાઈ ચાવડાએ બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા પતિ છુટક મજુરી કામ કરે છે અને મારે સંતાનમા ચાર દિકરીઓ છે. જેમા મોટી દીકરી હેન્સી બાદ દ્રષ્ટી બાદ પ્રાચી અને સૌથી નાની દેવાંશી છે. અમારી સામેની સોસયટીમા નિર્મળ મહેનદ્રભાઈ વઘેરા રહે છે. જે નીર્મળ મારી દિકરી દ્રષ્ટી સ્કુલે જતી હોય ત્યારે તેનો પીછો કરતો હોય જેથી તે બાબતે તેને વાત કરતા આ નિર્મળે અમારી સાથે ઝઘડો કરેલ હતો.

વધુમાં પરિણીતાએ જણાવ્યું હતું કે, ગત તા. ૧૯/૦૫/૨૦૨૫ ના રોજ રાત્રીના કલાક ૧૧/૪૦ વાગ્યે નિર્મળ અમારી સોસાયટીના મુખ્ય ચોક ખાતે આવી અચાનક જ અમારા ઘર તરફ હાથ બતાવી જોર જોરથી ગાળો બોલવા લાગેલ હતો. તેની સાથે બીજા પાંચ માણસો હતા. નીર્મળ સાથેના બીજા માણસોમાંથી બે માણસો પાસે પાઈપ હતા જેથી અમે તથા અમારી સોસાયટીના મુકતાબેન સહિતના સભ્યો ભેગા થઈ ગયેલ હતા. મુકતાબેને નિર્મળને જાહેરમાં ગાળો નહિ બોલવાનુ કહેતા આ નીર્મળે તેઓને કહેલ કે, તમારી સાથે અમારે કોઈ લેવા દેવા નથી અમારે તો આ મનીશ તથા સંદીપને સબક સીખવાડવાનો છે. તેમ કહી મારા પતિ તથા દિયરનુ નામ લઈ ગાળો બોલવા લાગેલ અને અમારી શેરીના બીજા માણસો ભેગા થવા લાગતા આ બધા ત્યાથી જતા રહેલ હતા. જતા જતા નિર્મળે અમોને કહેલ કે, મનીશ તથા સંદીપ હાથમા આવસે તો જાનથી મારી નાખીશ.મામલામાં પરિણીતાએ ફરિયાદ નોંધાવતા બી ડિવિઝન પોલીસે નિર્મળ મહેન્દ્ર વઘેરા સહીત કુલ છ શખ્સોં વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# સાત હનુમાન નજીક યુવાનને ડૂબતો બચાવવા વાડી માલિકે જીવ દઈ દીધો

## ગામના છોકરા વાડીના ટાંકામાં નાહવા પડ્યા તે દરમિયાન સર્જાયેલી દુર્ઘટનામાં આધેડનું મોત

**અબતક, રાજકોટ**

શહેરના કુવાડવા પોલીસ મથક વિહતમાં આવેલ સાત હનુમાન વાડી વિસ્તારમાં ટાંકામાં અકસ્માતે ડૂબી જતા આધેડનું મોત નીપજ્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ શહેરના સાત હનુમાન પાસે સુકલ પીપળીયા ગામે રહેતા કાનજીભાઈ મગનભાઈ ચારોલા ૬૦ વાડીએ પાણી ભરેલા ટાંકામાં પડી જતા બેભાન હાલતમાં સિવિલમાં લાવવામાં આવતા તેમને મૃત જાહેર કર્યા હતા .આ અંગે મરનારના પરિવારજન મનીષભાઈએ જણાવ્યું હતું કે ગઈકાલે બપોરે ગામના છોકરા વાડીએ નાહવા આવ્યા હતા તે દરમિયાન એક યુવક પાણીમાં ડૂબવા લાગતા વાડી માલિક કાનજીભાઈ ચારોલા યુવાનનો જીવ બચાવવા ટાંકામાં પડ્યા હતા અને યુવાનને બહાર ખેંચી લેતી વખતે પોતે પાણીમાં ડૂબીને બેભાન થઈ ગયા હતા અને સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતુંઆમ યુવાનને ડુબતોબચાવવા વાડી માલિકે જીવ આપી દીધાના બનાવે આસપાસના વિસ્તારમાં ગમગીની ફેલાવી હતી

# સેન્ટ્રલ જેલના વધુ બે કેદીઓએ ખીલી ખાધી

## પોપટ પરા જેલમાં કેદીઓની અખાદ્ય વસ્તુ ખાવાની ઘટનામાં સતત વધારો

**અબતક, રાજકોટ**

શહેરના પોપટ પરા વિસ્તારમાં આવેલી સેન્ટ્રલ જેલના વધુ બે કેદીઓ એ પોતાની બેરકમાં જ ખીલીઓ ખાઈ લેતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, આ અંગે પ્રાપ્ત વિગત મુજબ પોપટ પરા સેન્ટ્રલ જેલ માં પાકા કામના કેદી તરીકે રહેતા અબ્દુલભાઈ ફારુકભાઈ ૨૪ અને કાચા કામના કેદી તરીકે રહેતા હિતેશભાઈ અલ્પેશભાઈ ગોટેચા એ ખીલીઓ ખાઈ જતા સિવિલમાં સારવારમાં લાવતા પ્રિઝન વોર્ડમાં દાખલ કરેલ છે, શહેરની પોપટ પરા જેલમાં છેલ્લા કેટલાક સમયથી કાચના ટુકડા અને ખીલી જેવી અખાત વસ્તુ ખાઈને બીમાર થતાં કેદીઓને સિવિલમાં લાવવાના બનાવો વધી રહ્યા છે.

# કોઠારીયા રોડ હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરમાં પરિણીતાનો આપઘાત

## ટ્રાન્સપોર્ટર બંધુની માથાકૂટમા વચ્ચે પડેલી પરિણીતાને પતિએ ઠપકો આપતા જીવા દોરી ટૂંકાવી,બે બાળકોએ માતાની હુંફ ગુમાવી

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ ગુજરાત હાઉસિંગ બોર્ડ ક્વાર્ટર માં પરણીતાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા બે બાળકોએ માતાનું છત્ર ગુમાવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ કોઠારીયા રોડ ગુજરાત હાઉસિંગ બોર્ડ પાટણ માં રહેતા નીરૂબેન અનિલભાઈ સોરાણી ૨૫ એ ગઈકાલે બપોરે પોતાના ઘરમાં જ ગળે ફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં સિવિલમાં લાવવામાં આવતા ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા, આ અંગે પીએસઆઈ એ આર રાઠોડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મરનાર નીરૂબેન ના પતિ અનિલભાઈ એ નાના ભાઈ સુનિલને ટ્રાન્સપોર્ટ ધંધા અને ડ્રાઈવિંગના કામ બાબતે ઠપકો આપતા નીરૂબેન બંને ભાઈઓના ઝઘડામાં વચ્ચે પડયા હતા, અને દિયર સુનિલ નો પક્ષ લઈ પતિને નાના ભાઈને ન વઢવા જણાવતા પતિ અનિલભાઈએ નીરૂબેન ને વચમાં ન પડવા ઠપકો આપતા મનમાં માઠુ લગાડી ગળે ફાંસો ખાઈ લીધો હતો, નીરૂબેનના અવસાનથી બે બાળકોએ માતાની હુંફ ગુમાવી છે આ અંગે પીએસઆઈ એઆર રાઠોડ એ તપાસ હાથ ધરી છે.

# ડ્રિમલેન્ડ પાર્ટી પ્લોટમાં મોડી રાત સુધી ઘોંઘાટ કરતા ડીજે વિરુદ્ધ ગુનો

## કંટ્રોલરૂમમાંથી કોલ મળ્યા બાદ તાલુકા પોલીસની કાર્યવાહી : સ્પીકર- એમ્પ્લીફાયર સહિતનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ પર ન્યારી ડેમ પાસે કણકોટ રોડ તરફના રસ્તે ડ્રીમલેન્ડ પાર્ટી પ્લોટમાં મોડી રાત સુધી લાઉડ સ્પીકર વગાડતા તાલુકા પોલીસે અહીં પહોંચી હતી. પોલીસે અહીંથી સ્પીકર- એમ્પ્લીફાયર સહિતનો મુદ્દામાલ કબજે કરી ડી.જે. સંચાલક સામે જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અજયભાઈ ભુંડિયાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ડી.જે. સંચાલક લાલજી બધાભાઈ સોંદરવા (ઉ.વ ૨૮ રહે. સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરીયા શેરી નંબર ૩૦, મૂળ આમદપરા તા. કુતિયાણા)નું નામ આપ્યું છે.

હેડ કોન્સ્ટેબલે ફરિયાદમાં જણાવ્યું હતું કે, રાત્રિના તે તથા કોન્સ્ટેબલ ભીખુભાઈ મૈયડ પોલીસ સ્ટેશનએ હતા દરમિયાન પીસીઆર ઈન્ચાર્જ ને કંટ્રોલરૂમ તરફથી ન્યારી ડેમ રોડથી કણકોટ રોડ તરફ જતા રસ્તા ઉપર આવેલ ડ્રીમલેન્ડ પાર્ટી પ્લોટ ખાતે સ્પીકર ચાલુ હોવાનું કોલ મળ્યો હોય જેથી ફરિયાદી અહીં પહોંચી તપાસ કરતા અહીં તીવ્ર ધ્વનિ વાળા સ્પીકર ચાલુ હતાં. જેથી એ સ્પીકર અને એમ્પ્લીફાયર સહિત રૂ. ૮,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બાદમાં ડીજે સંચાલક લાલજી સોંદરવા સામે જાહેર નવા ભંગ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# વામ્બે આવાસના ક્વાર્ટરમાં જુના મનદુ:ખમાં વેપારી ઉપર તલવાર થી હુમલો

## મજાકમાં જ્ઞાતિ અંગે ઉતરતું કહેનાર યુવકને ઠપકો આપ્યાનો ખાર રાખી તલવાર જીકી

**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકા પોલીસ મથકની હદમાં વામ્બે સરકારી આવાસ યોજના ના કવોટરમાં રહેતા સોડા બોટલ ના વેપારી ને માથાભારે શખ્સ એ તલવારથી હુમલો કરી ધમકી આપ્યાની ઘટના નોંધાય છે, આ અંગે પ્રાપ્ત વિગત મુજબ વામ્બે આવાસ યોજના કવોટર માં રહેતા સોડા ન વેપારી નિલેશ કિશોરભાઈ પરમાર ૨૪ ગઈકાલે રાત્રે ઘેર હતા ત્યારે ઘર પાસે જ રહેતા ધવલ રમેશ ધકાણ નામના શકશે ઝઘડો કરી તલવાર નો ઘા માથામાં મારી દેતા નિલેશભાઈ ને લોહી લુહાણ હાલતમાં દવાખાને ખસેડવામાં આવ્યા હતા, આ બનાવનાર કારણ અંગે ભોગ બનનારના ભાઈ વિજય એ જણાવ્યું હતું કે નિલેશ સોડા બોટલનો ધંધો કરે છે અને પ્રસંગ કેટરર્સ તરીકે કામ કરે છે ઘર પાસે જ રહેતો ધવલ વારંવાર નિલેશ ને જ્ઞાતિ અંગે નબળું બોલી મજાક કરતો હોય આ હરકત ન કરવા નિલેશે અવારનવાર ધવલને સમજાવ્યો હતો. ગઈકાલે આ વાત મનમાં લઈ રસો કરેલી હાલતમાં ધવલ એ નિલેશ સાથે ઝઘડો કરીને તલવાર માથામાં મારી દીધી હતી આ અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે

# દ્વારકા પાર્કમાં વીજ શોક લાગતા યુવાનનું મોત

## મોડી રાત્રે ઘરની લાઈટ રીપેર કરતી વખતે ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા યુવાનને કાળ આબી ગયો

**અબતક, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી પોલીસ મથક વિહત માં આવેલ દ્વારકા પાર્ક માં મોડી રાત્રે ઘરની લાઈટ રીપેરીંગ કરતી વખતે અકસ્માતે વીજ કરંટ લાગતા યુવાનનું મોત નિપજ્યું હતું.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ દ્વારકા પાર્ક શેરી નંબર છ આલાપ ગ્રીન સીટી પાછળ રહેતા દીપકભાઈ ચેતનભાઈ કાકુ ૨૦ ગત રાત્રે ૧૨:૦૦ વાગ્યાના સુમારે ઘરનું ઈલેક્ટ્રીક રીપેરીંગ નું કામ પોતાની રીતે કરતો હતો ત્યારે ઈલેક્ટ્રિક શોર્ટ લાગતા બેભાન અવસ્થામાં ૧૦૮ મારફત સિવિલમાં લાવવામાં આવ્યો હતો જ્યાં મોડી રાત્રે તબીબોએ મૃત જાહેર કર્યું હતો. પારિવારિક સૂત્રોએ જણાવ્યું હતું કે કરંટનો ભોગ બનનાર દીપક ધોરણ બાર માં અભ્યાસ કરતો હતો.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**TRD કાર્ય**

ટેન્ડર સૂચના નંબર DRM/RJT/E-Tender/EL/TRD/2025-2026/10 તા. 19.05.2025 ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રીકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001 વેબ સાઈટ વિગતો: www.ireps.gov.in ટેન્ડર નંબર: DRM-RJT-EL-TRD-2025-26-10 કામનું નામ: રાજકોટ ડિવિઝનના પવનચક્કી ખાતે ગુડ્સ શેડ અને MTKD ગુડ્સ શેડમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અપગ્રેડેશનના સંબંધમાં TRD કાર્ય. અંદાજીત કિંમત: ₹63,58,974.36/- માત્ર અર્નેસ્ટ મની: ₹1,27,200/- ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય: 16.06.2025 ના રોજ 15.00 કલાક સુધી. 031

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**-:: જાહેર નોટીસ ::-**

જન્મ મરણ નોંધણી કેસ નંબર.૫૨/૨૦૨૫ તા.૦૬/૦૫/૨૦૨૫

અરજદાર :- શ્રી રફીકભાઈ જીવાભાઈ બાદલાણી
મુ.લીંબડી તા.લીંબડી જિ.સુરેન્દ્રનગર

-:: વિરૂધ્ધ ::-

સામાવાળા :- સબરજીસ્ટ્રાર જન્મ મરણ અને ચીફ ઓફિસર
નગરપાલિકા ધ્રાંગધ્રા મું.ધ્રાંગધ્રા તા.ધ્રાંગધ્રા

**વિષય :: જન્મ - મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે અવસાનની નોંધણી કરવા અન્વયે વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદાર શ્રી રફીકભાઈ જીવાભાઈ બાદલાણી એ તા.૦૭/૦૩/૨૦૨૫ની અરજીથી તેમના પોતાના માતા નામે શ્રી જીવુબેન જીવાભાઈ બાદલાણીનું અવસાન તા.૦૪/૦૮/૨૦૧૧ રોજ મું. ધ્રાંગધ્રા તા.ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગર મુકામે થયેલ હોઈ જે બાબતની અવસાનની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૩૦ માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો

**(એચ.વી.વિરાણી)**
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધ્રાંગધ્રા તાલુકો



**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.**
(મલ્ટીસ્ટેટ શેડયુલ્ડ બેંક)

**કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૬૧૫

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી. એ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **ડાભી ગીતાબેન ગોરધનભાઈ ને તા. તા.૧૭/૦૫/૨૦૨૪** ના રોજ રજી.એડી. પોસ્ટ દ્વારા તેમજ **તા.૦૪/૦૬/૨૦૨૪** નાં રોજ અંગ્રેજી દૈનિક **"ઈન્ડીયન એક્સપ્રેસ"** તથા ગુજરાતી દૈનિક **"સાંજ સમાચાર"** માં પ્રસિધ્ધ કરાવેલ જાહેર ડીમાન્ડ નોટીસમાં બેન્કની બાકી લેણી રકમ **રૂા.૧૨,૪૫,૫૨૨=૮૨ (અંકે રૂપીયા બાર લાખ પીસ્તાલીસ હજાર પાંચસો બાવીસ અને બ્યાસી પૈસા પુરા) + તા.૦૧/૦૫/૨૦૨૪** થી ચડત બાકી વ્યાજ નોટીસ મળ્યા તારીખથી **૬૦ દિવસ**માં ભરપાઈ કરી આપવા જણાવેલ. ઉપરોકત કરજદાર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલકતનો કબ્જો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા.૧૫/૦૨/૨૦૨૫** નાં રોજ કરેલ હુકમ અન્વયે માનનીય કોર્ટ કમિશ્નરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલકતનો **તા.૧૮/૦૫/૨૦૨૫** નાં રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહી, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા.૩૦/૦૪/૨૦૨૫** ના રોજ ની બાકી લેણી રકમ **રૂા.૧૩,૫૯,૬૪૫=૮૨ (અંકે રૂપીયા તેર લાખ ઓગણ સાઈઠ હજાર છસો પીસ્તાલીસ અને બ્યાસી પૈસા પુરા) + તા.૦૧/૦૫/૨૦૨૫** થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે. દેવાદારને ખાસ ધ્યાન દોરવાનું કે સરફેસી કાયદાના એકશન ૧૩(૮)ની જોગવાઈ અનુસાર આપેલ સમયમર્યાદામાં કાયદા મુજબ તેમની સલામત મિલકત પાછી મેળવી શકે છે.

**કબ્જે લીધેલ મિલકતનું વર્ણન**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ, કોઠારીયા રેવન્યુ સર્વે ૧ પૈકી ૧ ની રહેણાંકના હેતુ માટે બીન ખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ અને ૭ ની જમીનનાં સબ પ્લોટસ પૈકી સબ પ્લોટ નં. ૬+૭/૧+૨+૩/૨ ની કુલ જમીન ચો.મી.આ. ૨૩૪-૮૩ ઉપરના ઉભા ઈમલાવાળા રહેણાંક હેતુ માટેના "પ્રમુખરાજ પેલેસ-૨" ના નામથી ઓળખાતા બિલ્ડીંગ માહેનાં ફર્સ્ટ ફ્લોરમાં આવેલ ફ્લેટ નં. ૧૦૪ જેના બીલ્ટઅપ એરીયા ચો.મી ૩૬-૯૮ બરાબર ચો.ફુટ આ. ૩૯૮-૦૦ છે જે રજી.વે.દ.નં.૩૪૫૮, તા.૨૦/૦૫/૨૦૨૩ નાં રોજ થી ગીતાબેન ગોરધનભાઈ ડાભીના નામે છે તે મિલકત.

ચતુર્દીશા : ઉત્તરે :- તે તરફ ફ્લેટ નં.૧૦૩ આવેલ છે. દક્ષિણે :- તે તરફ પ્રમુખરાજ પેલેસ-૧ આવેલ છે.
પુર્વે :- તે તરફ કોમનપેસેજ, સીડી તથા લીફટ આવેલ છે. જેમા આ ફલેટનો દરવાજો આવેલ છે.
પશ્ચિમે :- તે તરફ રોડ આવેલ છે.

**(ટુંકું સરનામુ :- ફ્લેટ નં. ૧૦૪, પ્રમુખરાજ પેલેસ-૨, પ્રમુખરાજ સોસાયટી શેરી નં.૩, કોઠારીયા ગામ પાસે, કોઠારીયા રોડ, રાજકોટ (ગુજરાત))**

તા. ૨૦/૦૫/૨૦૨૫
રાજકોટ.

અધિકૃત અધિકારી,
રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. હેડ ઓફિસ, રીકવરી વિભાગ, રાજકોટ

તંત્રી લેખ

# ગુજરાતમાં સિંહોની વસ્તીમાં સતત વધારો

ગુજરાતવાસીઓનું માથું ગર્વથી ઉંચુ થાય તેવા વાવડ છે. તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી સિંહની વસ્તી ગણતરીના આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં સિંહની વસ્તીમાં ૨૧૭ વધારો થયો છે. રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં આજની તારીખે ૮૯૧ સાવજો લીલા લહેર કરી રહ્યા છે. સિંહ સંરક્ષણ અને સંવર્ધન માટે રાજ્ય સરકાર દ્વારા અવિરત કરવામાં આવી રહેલા પ્રયાસોનું મીઠુ ફળ મળી રહ્યું છે. ગુજરાતમાં વર્ષ-૨૦૦૧માં સિંહોની સંખ્યા ૩૨૭ હતી. છેલ્લા ૨૫ વર્ષમાં આ સંખ્યા ૮૯૧એ પહોંચી છે. અલગ-અલગ ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના ૩૫૦૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં એશિયાટીક લાયન વસવાટ કરી રહ્યા છે. ૧૬મી સિંહ વસ્તી ગણતરીમાં આંકડાઓ મુખ્યમંત્રી દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યમાં ૧૯૬ નર સિંહ, ૩૩૦ માદા સિંહ (સિંહણ), ૧૪૦ પાઠડાં સિંહ અને ૨૨૫ સિંહબાળ પોતાની ડણક દઈ રહ્યા છે. સિંહે માત્ર ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. તેટલું જ નહિં રાજ્યના પ્રવાસન ક્ષેત્રને પણ વેગ મળ્યો છે. દેશના મોટાભાગના રાજ્યોના સહેલાણીઓ સિંહ દર્શન માટે સાસણ ગીર પધારે છે અને ગુજરાતીઓ દ્વારા કેવી રીતે સિંહના રખોપા કરવામાં આવે છે. તેને નજરે નિહાળે છે. વસ્તીમાં વધારો થતા સિંહોએ પોતાના વસવાટનો વ્યાપ પણ વધાર્યો છે. સિંહના જતન, સંવર્ધન અને સંરક્ષણ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે અને પ્રોજેક્ટ લાયન-૨૦૪૭ શરૂ કર્યો છે. જેના પરિણામો મળી રહ્યા છે. પાંચ વર્ષના સમયગાળામાં સિંહોની સંખ્યામાં ૨૧૭નો વધારો થવો તે કોઈ નાનીસૂની વાત નથી. પરંતુ ગુજરાત માટે ગૌરવ લઈ શકાય તેવી ક્ષણ છે. હવે પછી ૨૦૩૧માં સિંહની વસ્તી ગણતરી કરવામાં આવશે ત્યારે રાજ્યમાં સાવજની સંખ્યા ચાર આંકડામાં પહોંચી ગઈ હશે. સિંહની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૧૯૯૫માં ગુજરાતમાં ૩૦૪ સિંહો હતા. જે ૨૦૦૧માં ૩૨૭ થયા જ્યારે ૨૦૦૫માં સિંહોની સંખ્યા ૩૫૯એ પહોંચી હતી. ૨૦૧૦માં સિંહોની સંખ્યા ૪૧૧ જ્યારે ૨૦૧૫માં સિંહોની વસ્તી ૫૨૩ થવા પામી હતી. છેલ્લે ૨૦૨૦માં સિંહની ગણતરી કરવામાં આવી હતી ત્યારે રાજ્યમાં ૬૭૪ સાવજ વસવાટ કરતા હતા. પાંચ વર્ષમાં સિંહની વસ્તી વધી ૮૯૧એ આંબી જવા પામી છે.

નમ્રમુનિ મ.સા.ના સાનિધ્યમાં

# કાંદિવલી પાવનધામના આંગણે વર્ષીતપના પારણાં મહોત્સવ ઉજવાયો



**અબતક, રાજકોટ**

ત્યાગ અને તપસ્યા એ જૈન શ્રાવકોનું આભૂષણ કહેવાય છે અને આવું જ એક કઠિન તપ એટલે ૧૦૦ દિવસમાં ૭૫ ઉપવાસ રૂપ શ્રી લઘુસર્વતોભદ્ર મહાતપની શ્રેષ્ઠ આરાધના કરી ધન્ય બનેલા કોલકાતા નિવાસી દેવાનુપ્રિય વિરલદીદી અમિતભાઈ શાહનો એવમ વર્ષીતપ આરાધક પથિકભાઈ શાહ, રોશનીબેન શાહ, અનીશાબેન શાહ, મિતાબેન મહેતા, વિજયભાઈ મહેતા, પારુલદીદી શેઠનો તપ અનુમોદના એવમ પારણાં અવસર પાવનધામના આંગણે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે, બોરીવલી વિસ્તારના એમ. એલ. એ. સંજયભાઈ ઉપાધ્યાયની વિશેષ ઉપસ્થિતિ સાથે કોલકાતાના ભાવિકો એવમ લાઈવમાં ઉપસ્થિત હજારો ભાવિકોના તપ અનુમોદનાના ભાવો સાથે ઉજવાયો હતો.

લઘુસર્વતોભદ્ર મહાતપના તપસ્વી વિરલદીદીએ તથા તેમનાં પરિવારજનોએ પરમ ગુરુદેવના તેમના પરના અનંત ઉપકારોની ભાવ અભિવ્યક્તિ કરતા કહ્યું હતું કે, ગુરુકૃપા વગર ઉગ્ર તપની આરાધના પૂર્ણ કરવી અશક્ય હતી. કસોટી આવી પણ ગુરુવર્યોની કૃપાનું બળ જ અસંભવને સંભવ કરી શકે છે તે અમે અનુભવી લીધું. વર્ષીતપની તપસ્યા પર યશકલગી સમાન આયંબિલ વર્ષીતપના આરાધક યુવા તપસ્વી પથિકભાઈએ કેશલૂંચનની આરાધના કરી સ્વયંના વાળ પ્રત્યેના મોહને ઘટાડવાના પુરુષાર્થને સહુએ અહોભાવે વધાવ્યો હતો.

આ પાવન અવસરે ઉપસ્થિત મુંબઈ બોરીવલીના એમ.એલ.એ શ્રી સંજયભાઈ ઉપાધ્યાયે પરમ ગુરુદેવનું માર્ગદર્શન અને કૃપા સતત મળતી રહે અને દેશ સેવાના કાર્યમાં વધુમાં વધુ સેવા આપી શકે એવી સદભાવના વ્યક્ત કરી હતી.

બપોરે ૪ વાગે મહારાષ્ટ્રના ચીફ મિનિસ્ટર દેવેન્દ્ર ફડણવીસજી ગુરુદેવના દર્શને પધાર્યા હતા. દેવેન્દ્રજી એ મહાપ્રભાવક ઉવસગ્ગહર સ્તોત્રની સાધના ગુરુદેવના સાંનિધ્યે કરેલી હતી.

પાવનધામ મધ્યે ચાલી રહેલ બાળકો માટેના સ્પેશ્યલ સમર કેમ્પ અંતર્ગત બાળકોએ પરમ મહાસતીજી દ્વારા પ્રાપ્ત થયેલ બોધવચનો એવમ પ્રેકટીકલ સેશનસ દ્વારા તેઓને જે પ્રેરણા મળી હતી તે પોતાના શબ્દોમાં વર્ણવ્યું હતું.

જિગીષાબેન રાંભિયાના સુમધુર કંઠે તપ અનુમોદના અવસરમાં ભક્તિભાવે જોડાઈ સહુ એ તપ ધર્મનો જયજયકાર કરતા પાવનધામ ગુંજી ઉઠ્યું હતું.

# મુકબધીર મહિલાને મળી ૧૮૧ની હૂંફાળી વાચા

## સાંકેતિક ભાષાના સહારો થકી અભયમ ટીમે ભૂલી પડેલી મહિલાને પરિવાર સુધી પહોંચાડી



**અબતક, રાજકોટ**

બહેન તમે ક્યાં રહો છો, તમને શું મુશ્કેલી છે તે આવી રીતે રાત્રીના એકલા નીકળ્યા છો ? પરંતુ મહિલા તરફથી કોઈ જવાબ નહીં પરંતુ માત્ર હાથના ઈશારા જ કરવામાં આવે છે. મહિલાની વાત સમજમાં નથી આવતી પરંતુ એટલો ખ્યાલ આવ્યો કે, બહેન બોલી કે સાંભળી શકતા નથી ને તેઓ મુકબધીર છે. તેઓની હાથના ઈસારાની ભાષાને સમજવા ખાસ સાઈન લેન્ગવેજ સમજતા મુકબધીર કાઉન્સેલરને દુભાષિયા તરીકે બોલાવી પીડિતાની મુશ્કેલી સમજવામાં આવે છે. મહિલાની પરિસ્થિતિને સમજી તેને પરિવાર પાસે પહોંચાડવાની સુજબુજ સાથેની કામગીરી સફળતાપૂર્વક ૧૮૧ અભયમની ટીમ દ્વારા પુરી કરવામાં આવે છે. મહિલાઓ માટે મુશ્કેલીના સમયે મદદરૂપ બનતી ૧૮૧ હેલ્પલાઈનની અભયમ ટીમને મહિલાઓનું કાઉન્સેલિંગ અને પરિવારજનો સાથે મિલાપની મહત્વની કામગરીમાં ક્યારેક કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોઈ છે. આવો જ એક કિસ્સો રાજકોટમાં બનવા પામ્યો છે. પીડિતા પોતાનું નામ, સરનામું સાંકેતિક ભાષામાં સમજાવતા તેઓ મૂક હોય જેથી ભુલા પડ્યા હોય તેવું લાગેલ. એટલે મેં ૧૮૧ ને પીડિતાબેનની મદદ માટે કોલ કરેલ હતો. પીડિત મુકબધીર મહિલા ઘરે હેમખેમ પરત આવી જતા ૧૮૧ ટીમની કામગીરીની પ્રશંસા કરી તેમનો આભાર માન્યો હતો. પીડિતને તેમના પરીવારના સભ્યોને સોપયા બાદ તેમની વિશેષ કાળજી રાખવા સમજાવી હવે પછી આવી ઘટના નો બને તે માટે ૧૮૧ ની ટીમે તાકીદ કરી હતી. ૧૮૧ અભયમ મહિલાઓને સુરક્ષા અને પરિવાર સાથે સુખદ મિલાન કરાવી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતી હેલ્પ લાઈન છે.

# વાંકાનેર તાલુકા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ હરદેવસિંહ જાડેજાનો જન્મદિવસ



વાંકાનેર તાલુકાના અગાભી પીપળીયા ગામના વતની અને રાજકોટને છેલ્લા ૩૧ વર્ષોથી પોતાની કમિભૂમિ બનાવનાર હરદેવસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે. બી.કોમ., એલ.એલ.બી , બી.પી.એડ, બી.જે.એમ.સી.અને એમ.પી.એડની પદવી ધરાવતા હરદેવસિંહે સમાજક્ષેત્રે વિવિધ પ્રવૃતિઓ દ્વારા સમાજમાં આગવું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે. તેઓ વાંકાનેર તાલુકા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ છે.

વિદ્યાથીકાળથી જ નેતૃત્વના ગુણો ધરાવતા હરદેવસિંહ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં મંત્રી, સૌરાષ્ટ્ર યુનિવસિટી ના પૂર્વ સિન્ડિકેટ મેમ્બર, મોરબી જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય, વાંકાનેર તાલુકા સંઘના સભ્ય, શૈક્ષણિક ક્ષેત્રે આર.ડી.ગારડી બી.એડ, પી.ટી.સી તેમજ એમ.એડ કોલેજના ટ્રસ્ટી ઉપરાંત કે.જે.કોટેચા ગર્લ્સ સ્કુલના તેમજ સૌરાષ્ટ્ર સ્કૂલના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહેલ છે. હરદેવસિંહ ખ્યાતી પ્રાપ્ત-રાજકોટ સંચાલિત ‘‘દીકરાનું ઘર‘‘ વૃદ્ધાશ્રમ રાજકોટના કોર કમિટીના સભ્ય છે. તેમના જન્મદિને તેમના વિશાળ મિત્ર વર્તુળ દ્વારા તેમના મો. નંબર ૯૮૨૫૪ ૯૨૫૦૯ શુભેચ્છા વર્ષાવી રહ્યા છે

# ડિવાઈન અને શિવ ગંગા ટ્રસ્ટ આયોજીત દંતયજ્ઞનો ૮૭ દર્દીઓએ લાભ લીધો



**અબતક, રાજકોટ**

તાજેતરમાં ગોવિંદપ્રસાદ સ્વામીની પ્રેરણાથી સ્વામીનારાયણ આશ્રમ દ્વારકા ખાતે નિઃશુલ્ક દંત યજ્ઞ યોજાયો હતો. શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારકા અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સહયોગથી યોજાયેલ કેમ્પમાં કુલ ૮૭ દર્દીઓને તપાસી ૩૨ વૃધ્ધો ને દાંતની વિના મૂલ્યે બત્રીસી માટે માપ લેવામાં આવેલ. ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજયુકેશન ની યાદી મુજબ તાજેતરમાં દ્વારકા ખાતે નિઃશુલ્ક દંત ચિકિત્સા કેમ્પમાં ડો. જયસુખ મકવાણાની ટીમમાં મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણએ સેવા આપેલ. આ તકે ગોવિંદ સ્વામી અને અન્ય સંત સમુદાય પણ હાજર રહેલ. શિયાણી પરિવારના સહયોગથી કેમ્પ યોજાયેલ, આ ઉપરાંત શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટના ઈશ્વરભાઈ જાખરીયા અને અશ્વિનભાઈ ગોકાણી અને તેમની ટીમના કાર્યકરો મનીષાબેન અને જયોતિબેન, રમેશભાઈ, કે.જી. હિન્ડોચા, દિલીપભાઈ કોટેચા, હસમુખભાઈ કાનાણી, કિશનભા માણેક કેમ્પની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

# રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ પાઠવતા કોંગ્રેસના આગેવાનો



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટના રેસકોર્સ સંકુલમાં એરપોર્ટ રોડ સામે આવેલ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની પ્રતિમાને ભાવભરી શ્રદ્ધાંજલિ સાથે પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. આધુનિક ભારતના સ્વપન દ્રષ્ટા ભારતના પનોતા પુત્ર અને દેશના યુવા પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી ની પુણ્યતિથિ નિમિત્તે રાજીવ ગાંધી અમર રહો જબ તક સુરજ ચાંદ રહેગા રાજવીજી તેરા નામ રહેગા સ્લોગન સાથે રેસકોર્સમાં પુષ્પાંજલિના કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, જશવંતસિંહ ભટ્ટી, કોર્પોરેટર કોમલબેન ભારાઈ, નાગજીભાઈ વિરાણી, જીગ્નેશભાઈ બોરડ, શાંતાબેન મકવાણા, અહેસાન ચૌહાણ, મનીષાબા વાળા, સલીમભાઈ કારિયાણી, વિક્રમભાઈ સોલંકી, લાખાભાઈ ઊંધાડ, શાંતાબેન મકવાણા, જલ્પેશભાઈ વાઘેલા, ગીરીશભાઈ ઘરસંડીયા, રેણુકાબેન રાછડીયા, ઠાકરશીભાઈ ગજેરા, હરેશભાઈ ભારાઈ, જીતુભાઈ ઠાકર, અમિતભાઈ ઠાકર, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અબતકના પ્રતિભાશાળી વિડીયો એડિટર પ્રભાત વાઘેલાનો આજે જન્મદિવસ



અબતક મીડિયા પરિવારના કર્મનિષ્ઠ અને પ્રતિભાશાળી વીડિયો એડિટર આજે વાઘેલા પ્રભાતનો જન્મદિવસ છે. તેઓ તેમના સફળ જીવનના ૨૧ વર્ષ પુરા કરી ૨૨ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહ્યા છે. પ્રભાત તેમની વિડીયો એડિટિંગની અદ્ભુત કલા અને સૂઝબૂઝથી અબતકના ડીજીટલ વિભાગમાં ખંતપૂર્વક કામગીરી કરી સમાચારો અને કાર્યક્રમોને હંમેશા નવો ઓપ આપે છે. તેમની મહેનત, નિષ્ઠા અને કાર્ય પ્રત્યેની લગન ખરેખર પ્રશંસનીય છે. પડદા પાછળ રહીને પણ તેઓ અબતક મીડિયાને દર્શકો સુધી પહોંચાડવામાં મહત્વનો ફાળો આપે છે.

અબતક પરિવાર પ્રભાતને જન્મદિવસ નિમિત્તે સુખમય, સ્વસ્થ અને સફળ જીવન જીવે અને ભવિષ્યમાં પણ તેમની કલાથી સૌને પ્રભાવિત કરતા રહે તેવી શુભકામનાઓ પાઠવે છે. જન્મદિવસ નિમિત્તે તેમના સગા- સ્નેહીઓ અને મિત્રો ૯૭૨૪૪૯૪૦૬૪ પર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી પ્રમાણપત્ર માટે અપાશે જાણકારી

**અબતક, રાજકોટ**

રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘ - સી. એમ. શેઠ પૌષધશાળા ખાતે ધાર્મિક લઘુમતી દાખલો તથા બિનઅનામત વર્ગ માટેનું પ્રમાણપત્ર માટેની જાણકારી આપતા કેમ્પ નું આયોજન તા.૨૫/૫/૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ શ્રી રોયલ પાર્ક સ્થા. જૈન સંઘ-સી. એમ. શેઠ પૌષધશાળા (ઓમાનવાળા ઉપાશ્રય), ૨/૮ રોયલ પાર્ક, કાલાવડ રોડ, રાજકોટ ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં ધાર્મિક લઘુમતી તથા ધાર્મિક લઘુમતી તથા બિન અનામત પ્રમાણ પાત્ર દરજ્જો શું છે ? તેના લાભ કયા કયા છે ? જાણવાની શિબિરનું આયોજન આપને કરેલ છે. જેમાં જૈન ફોર યુ ગ્રુપના પ્રમુખ જીજ્ઞેશ શાહ આપણને સંપૂર્ણ માહિતી આપશે. તેમજ આ કાર્યક્રમમાં નવા ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમને ફોર્મ જમા કરવા હોય તેઓ પણ આ કાર્યક્રમ અચૂક પધારશો. પુરાવા સાથે રાખવાઃ ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના થતા પુરાવાઃ અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર, રહેઠાણના પુરાવાઃ રહેઠાણના પુરાવા તરીકે લાઈટ બીલ, રેશનકાર્ડ, ઘરવેરા બીલ, ચૂંટણી ઓળખ કાર્ડ, આધાર કાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઈપણ એકની નકલ, આધાર કાર્ડ નકલ ખાસ જોડવી, અરજદાનો પાસપોર્ટ સાઈઝ ફોટો, ૧/૪/૧૯૭૯ પછી જન્મનાર અરજદારે પિતા, કાકા, દાદા, કે ફોઈ નો શાળા છોડ્યાનો દાખલો, આપને જે દાખલો કઢાવવો હોય તેનું ફોર્મ બહુમાળી ભવનથી અથવા આપેલ પી.ડી.એફમાંથી પ્રિંટ કરી જોડે લાવવાનું રહેશે, તેમજ દેરાસર કે ઉપાશ્રય નો દાખલો લાવવો જરૂરી. ફોર્મ દીઠ એક-એક ઝેરોક્ષ નકલ લાવવાનું ફરજિયાત રહેશે. આ કેમ્પમાં રોયલ પાર્ક સેવા સમિતિના કાર્યકર્તા ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે. વધુ માહીતી માટે સંપર્ક : જગદીપભાઈ દોશી મો.૯૭૨૩૪ ૮૮૪૮૯ જૈન ફોર યુ ટીમ વર્ષાબેન દોશી મો. ૭૯૮૪૦ ૭૩૪૮૮ અથવા પુષ્પકભાઈ જૈન મો.૯૪૯૨ ૫૫૫૮૮ પર સંપર્ક કરવાનો રહેશે.

# વર્ધમાન ટ્રસ્ટ આયોજિત દંત બત્રીસી કેમ્પનો ૬૬ લોકોએ લાભ લીધો



**અબતક, રાજકોટ**

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજયુકેશન રાજકોટની યાદી મુજબ તાજેતરમાં નિઃશુલ્ક દંત ચિકિત્સા અને રાહત દરે બત્રીસીનો કેમ્પ યોજાયેલ જેમાં ૬૬ દર્દીઓએ લાભ લીધો. તે પૈકી ૧૪ દર્દીઓને વિનામૂલ્યે બત્રીસી બનાવી આપેલ અને બાકીનામાં જરુર મુજબ દાંત પણ ડો. જયસુખ મકવાણા ની ટીમ દ્વારા કાઢી આપેલ. આ કેમ્પમાં મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણએ સેવા આપી હતી. આ કેમ્પ દાંતની બત્રીસી (ચોકઠા) ના દાતા સ્વ. મધુબેન નંદલાલભાઈ ભીમાણી હસ્તે હીનાબેન રાજેશભાઈ ભીમાણી અને ભીમાણી પરિવાર (કલકતા) ની સહયોગ થી યોજાયેલ. આ કેમ્પમાં ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પ્રદ્યુમન વિમલ સુરીશ્વર મહારાજે આશીવચન આપ્યા હાતા.

ભીમાણી પરિવાર દ્વારા યોજાયેલ આ કેમ્પમાં રાજેશભાઈ ભીમાણી (કલકતા), હીનાબેન ભીમાણી અને ધીરુભાઈ કેરાસીયા, યશ કેરાસીયા, આકાશભાઈ ભટ્ટ, હર્ષ સુખડીયા વગેરેએ સમગ્ર વ્યવસ્થા કરેલ. આગામી કેમ્પ તા. ૨૨-૫ ના રોજ સાવરકુંડલા ખાતે યોજાશે. જેની વધુ વિગત માટે મોનીકાબેન ભટ્ટનો મો. નં. ૯૪૦૯૭ ૭૩૬૭૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સદર ઉપાશ્રય યુવા કમિટી મેમ્બર ધર્માંગ શાહનો જન્મદિવસ



સદર ઉપાશ્રયનાં યુવા કમિટિ મેમ્બર ધર્માંગ મધુકાંતભાઈ શાહ નો આજરોજ જન્મદિવસ છે.

તેઓ એલ.આઈ.સી. નાં એજન્ટ છે. હાલ તેઓ એમ.ડી.આર.ટી. એવોર્ડ થી સન્માનીત થયેલા છે. સદર ઉપાશ્રયમાં યુવા કમિટિ મેમ્બર તરીકે સક્રીયપણે કાર્યરત છે. રાજકોટ સ્થાનવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળનાં સભ્ય છે. રાજકોટ જીવદયા ગ્રુપ નાં પણ તેઓ સભ્ય છે. જૈન ધર્મનું સૂત્ર ’’અહીંસા પરમો ધર્મ’’ ને સાકાર કરવામાં જીવદયા કાર્યકર તરીકે હરહંમેશ તત્પર રહે છે. તેમનાં પિતા મધુકાંતભાઈ શાહ સદર ઉપાશ્રયનાં ટ્રસ્ટી છે તેમના માર્ગદર્શન હેઠળ તેઓ દવારા સેવાકાર્યો, ધાર્મીક કાર્યો, જીવદયાનાં કાર્યો તથા પરોપકારનાં કાર્યો આગળ એક યા બીજી રીતે વધારવામાં આવી રહયા છે. આ શુભદીને અગ્રણીઓ તરફથી ધર્માંગ મધુકાંતભાઈ શાહને મો. નંબર ૯૪૨૮૨૯૬૯૧૯ ઉપર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

# પાંચ જિલ્લાના ખેલાડીઓનો કાલથી બેટરી ટેસ્ટ

## રાજકોટ, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, કચ્છના ખેલાડીઓ ભાગ લેશે

**અબતક, રાજકોટ**

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની કચેરી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજ્ય કક્ષા બેટરી ટેસ્ટનું આયોજન ૮ ઝોનમાં કરવામાં આવ્યુ છે. જેમાં રાજકોટ ઝોન માં કુલ ૫ જિલ્લાના ખેલાડીઓ ભાગ લેશે. તમામ આયોજન જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર - રાજકોટ જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવી છે. રાજ્યકક્ષાના બેટરી ટેસ્ટ અને રાજ્ય કક્ષા પ્રુવન ટેલેન્ટ આઈડેન્ટીફીકેશનનું આયોજન તા.૨૨/૦૫/૨૦૨૫ થી ૩૦/૦૫/૨૦૨૫ સુધી ગુજરાતના ૮ કેન્દ્રો ખાતે યોજાશે. રાજકોટ ઝોન ખાતે રાજકોટ, દેવભૂમિ દ્વારકા, જામનગર,મોરબી, કચ્છના ખેલાડી ભાઈઓ બહેનો આ બેટરી ટેસ્ટમાં ભાગ લેશે. ખેલાડીઓની રહેવાની-જમવાની વ્યવસ્થા સ્પોર્ટ્સ હોસ્ટેલ રાજકોટ ખાતે કરવામાં આવી છે. બાળકોના ટેસ્ટનું આયોજન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ- રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. એપ્રિલ દરમ્યાન ખેલ મહાકુંભ ૩.૦ હેઠળ યોજાનાર રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં ૧ થી ૩ ક્રમાંકિત વિજેતાઓને ડી.એલ.એસ.એસ યોજનામાં પ્રવેશ મેળવવા યોજાતી પી.ટી ટ્રાયલ માટે સીધા માન્ય ગણવામા આવે છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૬૯૭મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



કિશોરભાઈ વ્રજલાલ રાઠોડનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડ્યું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૬૯૭મું ચક્ષુદાન થયેલ છે. આ મે ૨૦૨૫ મહિનામાં સાતમું ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાન ડો. હિરેન પટેલના સહયોગથી થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક સાધવા જણાવ્યું છે.

# દવે પરિવારના નરસિંહભાઈનું અવસાન થતાં ચક્ષુદાન કરાયું

**અબતક, રાજકોટ**

મૂળ વિસાવદરના રાજકોટ નિવાસીરાજગોર બ્રાહ્મણ સમાજ રાજકોટના સેવાભાવી, પરિવાર નરસિંહભાઈ શિવરામભાઈ દવેનું અવસાન થતા ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન સમિતિની પ્રેરણાથી સદગતના પુત્રો હરેશભાઈ (દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ પરિવાર),શૈલેષભાઈ (એડવોકેટ અને શહેર ભાજપ સહકાર્યાલય મંત્રી), મનીષભાઈ તેમજ પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે.

શહેરના સેવાભાવી તબીબ ડો.ધર્મેશ મહેતાએ મૃતકના ઘરે જઈને ચક્ષુ સ્વીકારેલ.

શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે.

ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી ૯૮૨૪૦૪૩૧૪૩ નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

# જિલ્લા કક્ષાની કાલે સ્ટીયરીંગ કમિટીની બેઠક

**અબતક, રાજકોટ**

કલેકટર કચેરી ખાતે સંચારી રોગ અટકાયતની જિલ્લા કક્ષાની સ્ટીયરીંગ કમિટીની બેઠક તા. ૨૩ મે, ૨૦૨૫ને શુક્રવારના ૪.૪૫ કલાકે યોજાશે. જેમાં સમિતિના સભ્યોએ ઉપસ્થિત રહેવા જિલ્લા પંચાયત કચેરીની આરોગ્ય શાખાની યાદીમાં જણાવાયું છે.

# કલકે યુનિવર્સિટીમાંથી ‘‘માસ્ટર ઓફ સાયન્સ એન્ડ એકાઉન્ટીગ’’ની પદવી મેળવતા ભામિની રાણપરા

**અબતક, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ મ્યુનિસિપલ સેક્રેટરી સી. એન. રાણપરા ના પુત્રવધૂ ભામિની પાથે રાણપરા એ તાજેતરમાં અમેરિકાની ખ્યાતનામ કલકે યુનિવર્સિટી માંથી ‘‘ માસ્ટર ઓફ સાયન્સ એન્ડ એકાઉન્ટીગ‘‘ ની પદવી મેળવી છે. તેઓ સોની સમાજના આગેવાન અરૂણભાઈ પારેખના પુત્રી છે. આ પદવી મેળવી તેઓએ તેમના કુટુંબ અને સોની સમાજનું ગૌરવ વધાર્યું છે.

# ઈમ્પેક્ટ ફીની ૧૨,૨૭૬ અરજીઓ આવી: ૧૦૦૬ નામંજૂર

## શહેરના વેસ્ટ ઝોન વિસ્તારમાં સૌથી વધુ ગેરકાયદે બાંધકામો: ઈસ્ટ ઝોનની ૧૬૯૪ પૈકી ૫૬૦ અરજીઓ ફગાવી દેવાય

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં ગેરકાયદે ખડકાયેલા બાંધકામોને નિયમિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વિધાનસભાની ચુંટણી પૂર્વે વર્ષ-૨૦૨૨માં ઈમ્પેક્ટ ફીનો કાયદો અમલમાં લાવવામાં આવ્યો હતો. જેની મુદ્દતમાં ચાર વખત વધારો કરવામાં આવ્યો છે. રાજકોટ શહેરમાં ઈમ્પેક્ટ ફી અંતર્ગત ગેરકાયદે બાંધકામોને રેગ્યુલરાઈઝડ કરવા માટે શહેરના તમામ ૧૮ વોર્ડમાંથી આજ સુધીમાં ૧૨,૨૭૬ અરજીઓ આવી છે. જે પૈકી કોર્પોરેશન દ્વારા ૪૪૬૩ અરજીને મંજૂર કરવામાં આવી છે. જ્યારે જોગવાઈ અનુસાર સુસંગત ન હોય તેવી ૧૦૦૬ અરજીઓને નામંજૂર કરવામાં આવી છે. ન્યૂ રાજકોટમાં સૌથી વધુ ગેરકાયદે બાંધકામો હોય તેમ વેસ્ટ ઝોનમાં સૌથી વધુ ૬૧૧૯ અરજીઓ આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

વોર્ડ નં.૭ના ભાજપના નગરસેવિકા જયશ્રીબેન ચાવડા દ્વારા જનરલ બોર્ડમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેમાં તેઓએ ઈમ્પેક્ટ ફી અંતર્ગત અન અધિકૃત્ત બાંધકામોને નિયમિત કરવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી અને કેટલી અરજીઓને મંજૂરી આપવામાં આવી તેની વોર્ડ વાઈઝ માહિતી માંગી હતી. જેનો જવાબ ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આપવામાં આવ્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા તા.૧૭/૧૦/૨૦૨૨ના નોટિફિકેશન દ્વારા રાજ્યભરમાં ૧-ઓક્ટોબર, ૨૦૨૨ પહેલા નિર્માણ પામેલા બાંધકામો જો નિયમિત ન હોય તો તેને ઈમ્પેક્ટ ફી હેઠળ નિયત કરાયેલો ચાર્જ ભરીને નિયમિત કરાવી શકાશે. રાજ્ય સરકારે આ યોજનાની મુદ્દતમાં ચાર વખત વધારો કર્યો છે. શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ઈમ્પેક્ટ ફી હેઠળ ગેરકાયદે બાંધકામોને નિયમિત કરાવવા માટે કુલ ૪૪૬૩ અરજીઓ આવી છે. જે પૈકી ૧૮૦૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૩૧૧ અરજી નામંજૂર કરવામાં આવી છે. ન્યૂ રાજકોટમાં સૌથી વધુ ગેરકાયદે બાંધકામોનો ધમધમાટ હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે વેસ્ટ ઝોનમાં અન અધિકૃત્ત બાંધકામોને નિયમિત કરવા માટે સૌથી વધુ ૬૧૧૯ મિલકતધારકોએ અરજી કરી છે. જે પૈકી ૨૨૪૭ અરજીઓ મંજૂર કરી દેવામાં આવી છે અને ૫૬૦ અરજીઓને નામંજૂર કરવામાં આવી છે. શહેરના સામા કાંઠા વિસ્તાર અર્થાત્ ઈસ્ટ ઝોનમાં ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા માટેની માત્ર ૪૨૯ અરજીઓ આવી છે. જે પૈકી ૧૩૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. ત્રણેય ઝોનમાં કુલ ૧૦૦૬ બાંધકામો જીઆરયુડીએ હેઠળ નિયમિત કરવા માટેની પાત્રતા ધરાવતા ન હોવાના કારણે અરજીઓ ઠુકરાવી દેવામાં આવી છે. ટીઆરપી ગેમ ઝોન બાદ ગેરકાયદે બાંધકામોને નિયમિત કરાવી લેવા શહેરીજનો થોડા જાગૃત્ત થયા છે. બીજી તરફ કોર્પોરેશનની ટીપી શાખા દ્વારા અન અધિકૃત્ત બાંધકામોને નિયમિત કરવા માટે વિશેષ કાળજી રાખવામાં આવે છે. તમામ પાસાઓની ચકાસણી કરાયા બાદ ઈમ્પેક્ટ ફીની અરજીઓનો નિકાલ કરવામાં આવે છે.

# એક વર્ષમાં ફાયર એનઓસી મામલે ૨૧૦૬ મિલકતોને કોર્પોરેશનની નોટિસ

## માત્ર ૧૫ બિલ્ડીંગોને ફાયર એનઓસી અપાયા હોવાની જનરલ બોર્ડમાં કબૂલાત

**અબતક, રાજકોટ**

શહેરના નાના મવા રોડ પર ટીઆરપી ગેમ ઝોનમાં ગત વર્ષે સર્જાયેલા જીવલેણ અગ્નિકાંડની ઘટનામાં ૨૭ લોકોના કરૂણ મૃત્યુ નિપજ્યા હતા. આ જીવલેણ દુર્ઘટના બાદ કોર્પોરેશનના અધિકારીઓની બેદરકારી ખુલતાં અનેક અધિકારીઓ છેલ્લા એક વર્ષથી જેલની હવા ખાઈ રહ્યા છે. છેલ્લા એક વર્ષમાં ફાયર બ્રિગેડ શાખા દ્વારા શહેરમાં કેટલા બિલ્ડીંગોને ફાયર એનઓસી અંગે નોટિસ આપવામાં આવી છે અને કેટલા બિલ્ડીંગને ફાયર એનઓસી આપવામાં આવી છે. તે અંગે બોર્ડમાં વોર્ડ નં.૩ના કોર્પોરેટર અલ્પનાબેન દવેએ માહિતી માંગી હતી. જેમાં ફાયર બ્રિગેડ શાખાએ એવો જવાબ આપ્યો છે કે છેલ્લા એક વર્ષમાં અલગ-અલગ આઠ ફાયર સ્ટેશનો દ્વારા ૨૧૦૬ મિલકતોને ફાયર એનઓસી અંગે નોટિસ આપવામાં આવી છે. જ્યારે માત્ર ૧૫ મિલકતોને ફાયર એનઓસી આપવામાં આવ્યા છે.

કોર્પોરેશનના રામાપીર ચોકડી ફાયર સ્ટેશન દ્વારા વોર્ડ નં.૧માં ૧૮૭ મિલકતો, વોર્ડ નં.૯માં ૧૬૭ મિલકત, મવડી ફાયર સ્ટેશન દ્વારા વોર્ડ નં.૧૨માં ૧૬૮ મિલકત, વોર્ડ નં.૧૩માં ૧૬૯ મિલકત, ઈઆરસી દ્વારા વોર્ડ નં.૪માં ૧૭૧ મિલકત, બેડીપરા ફાયર સ્ટેશન દ્વારા વોર્ડ નં.૫માં ૩૬ મિલકતો, વોર્ડ નં.૬માં ૭૧ મિલકત, વોર્ડ નં.૫માં ૧૯ મિલકત, રેલનગર ફાયર સ્ટેશન દ્વારા વોર્ડ નં.૨માં ૭૪ મિલકત, વોર્ડ નં.૩માં ૧૨૬ મિલકત, કોઠારિયા ફાયર સ્ટેશન દ્વારા વોર્ડ નં.૧૬માં ૭ મિલકત, વોર્ડ નં.૧૭માં ૭ મિલકત અને વોર્ડ નં.૧૮માં ૬૬ મિલકત, કનક રોડ ફાયર સ્ટેશન દ્વારા વોર્ડ નં.૭માં ૨૩૫ મિલકત અને વોર્ડ નં.૧૪માં ૧૧૬ મિલકત જ્યારે કાલાવડ રોડ ફાયર સ્ટેશન દ્વારા વોર્ડ નં.૮માં ૨૦૨ મિલકત, વોર્ડ નં.૧૦માં ૧૦૨ મિલકત અને વોર્ડ નં.૧૧માં ૮૩ મિલકત સહિત ફાયર બ્રિગેડ શાખા દ્વારા છેલ્લા એક વર્ષમાં શહેરના તમામ ૧૮ વોર્ડમાં ૨૧૦૬ મિલકતોને નોટિસ આપવામાં આવી છે. જેની સામે વોર્ડ નં.૧માં એક, વોર્ડ નં.૧૨માં ત્રણ, વોર્ડ નં.૧૩માં બે, વોર્ડ નં.૫માં બે, વોર્ડ નં.૬માં ત્રણ, વોર્ડ નં.૧૫માં એક, વોર્ડ નં.૩માં એક, વોર્ડ નં.૧૦માં એક અને વોર્ડ નં.૧૧માં એક સહિત કુલ ૧૫ મિલકતોને જ ફાયર એનઓસી આપવામાં આવ્યું છે.

### આલેલે... બે વર્ષમાં ૮,૪૮,૭૯૨ વૃક્ષોનું વાવેતર

શહેરમાં ગ્રીનરીનું પ્રમાણ દિનપ્રતિદિન ઘટી રહ્યું છે. બીજી તરફ કોર્પોરેશન દ્વારા છેલ્લા બે વર્ષમાં ૮,૪૮,૭૯૨ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હોવાનું જનરલ બોર્ડમાં જાહેર કરાયું છે. પૂર્વ ડેપ્યૂટી મેયર કંચનબેન સિધ્ધપુરાના વૃક્ષારોપણ અંગેના પ્રશ્નના જવાબમાં ગાર્ડન શાખાએ લેખિતમાં એવું જાહેર કર્યું છે કે વર્ષ-૨૦૨૩/૨૦૨૪માં ન્યારી ડેમ સાઈટ ખાતે બે લાખ વૃક્ષો સહિત આ વર્ષમાં ૩,૮૩,૪૧૯ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જ્યારે વર્ષ-૨૦૨૪/૨૦૨૫માં નાકરાવાડી લેન્ડફિલ સાઈટ ખાતે ૨,૯૭,૭૩૬ સહિત શહેરના તમામ વોર્ડમાં ૪,૬૫,૩૭૩ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. શહેરમાં આટલી મોટી માત્રામાં વૃક્ષારોપણ થયું હોય તેવું લાગતું નથી. છતાં કોર્પોરેશન ડંફાસ મારવામાં પાવરધું છે.

# રાજકોટ-અમરેલી રૂટની એસટી બસનો ચાલક ડમડમ હાલતમાં ઝડપાયો

## જાગૃત મુસાફરની ફરિયાદ બાદ બસપોર્ટ પર ડ્રાઈવરને બ્રેથ એનેલાઈઝરથી ચેક કરતા નશો કર્યાનું ખુલતા ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

અમરેલીથી રાજકોટ રૂટની એસ.ટી બસનો ડ્રાઈવર નશો કરી બસ ચલાવતો હોવાની મુસાફર દ્વારા જાણ કરાયા બાદ રાજકોટ એસ.ટી ડેપોએ બસ પહોંચતા ડ્રાઈવરને ચેક કરતા તેણે દારૂ પીધો હોવાનું સ્પષ્ટ થયું હતું.જેથી ડ્રાઈવર સામે એસટીના આસિ. ઈન્સ્પેકટરે ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

એસટીમાં આસિસ્ટન ટ્રાફિક ઈન્સ્પેકટર નરેશભાઈ લખુભાઈ ધાધલ દ્વારા એ ડિવિઝનમાં નોંધાવેલી ફરિયાદ આરોપી તરીકે ધર્મેશભાઈ સંગ્રામભાઈ સરવૈયા, (ઉ.વ. ૩૩,રહે. વડીયા, કૃષ્ણપરા, તા. કુકાવાવ, જી. અમરેલી)નું નામ આપ્યું છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે,રાત્રીના ડેપો મેનેજર રાજકોટનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે અમરેલીથી ઉપડી રાજકોટ તરફ એસ.ટી. બસ આવી રહી છે ત્યારે બસમા બેસેલ પ્રવાસી મારફતે જાણકારી મળેલ કે બસ નં. જીજે ૧૮ ઝેડ ૪૧૪૮ ના ડ્રાઈવર કેફી પીણુ પીધેલી હાલતમા બસનુ ડ્રાઈવીંગ કરી રહ્યો છે. જેથી બસનુ ચેકીંગ કરવાની સુચના મળતા અમે તથા ટીસી રામભાઈ હરદાસભાઈ ચોચાએ રાજકોટ એસ.ટી. ડેપો ખાતે બ્રેથ એનેલાઈઝર મશીન સાથે રાખી એસ.ટી. ડેપોમા આવતી બસોમાં રાત્રીના ૧૦:૩૦ વાગ્યે અમરેલી-રાજકોટ રૂટની બસ આવતા બસના ડ્રાઈવરને બ્રીથ એનેલાઈજર મશીનથી ચેક કરતા તેણે કેફી પ્રવાહી પીધેલનુ જણાય આવ્યું હતું.જેથી તેનું મોઢુ સુંધી ખાત્રી કરતા મોઢામાથી કેફી પ્રવાહી પીધેલાની વાસ આવ તી હોય જેથી આ બસના ડ્રાઈવરને પુછપરછ કરી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ ધર્મેશભાઈ સંગ્રામભાઈ સરવૈયા હોવાનું જણાવ્યું હતું.જેથી સાથેના સ્ટાફ સાથે ડ્રાઈવરને લઈ અહી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સોપેલ બાદમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે.

# કોઠારીયા ચોકડીએ આઈસરે એકિટવાને ઠોકરે લેતા મોટરસાયકલ ચાલકનું ઘટના સ્થળે જ મોત

## રાજકોટના ભાગોળે વધુ એક જીવલેણ અકસ્માતથી ગોંડલ રોડ બન્યો ગોજારો







**અબ તક રાજકોટ**

રાજકોટના રાજમાર્ગો પર નિરંતર જીવલેણ વાહન અકસ્માતોની પરંપરા સર્જાતી રહી છે આજે રાજકોટના પાદર સમા કોઠારીયા ચોકડીએ આઈશરે એકટીવા ચાલકને લેતા ઘટના સ્થળે એકટીવા ચાલક પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ બપોરના બે વાગ્યાના સુમારે કોઠારીયા ચોકડી પાસે ગોંડલ તરફ જતા આઈસર ટ્રક દ્વારા એકટીવા ને અડફેટે લેતા એકટીવા ચાલક સંજયભાઈ ભુરાભાઈ જાદવ(ભરવાડ) (ઉ.વ.૨૨) રહે. મંછાનગર આર.ટી.ઓ. પાછળવાળાનુ ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું હતું. બપોરે વાહનોની અવરજવર થી ધમધમતા કોઠારીયા ચોકડીએ અકસ્માત સર્જાતા ટ્રાફિક જામ થઈ ગયો હતો અને આજી ડેમ પોલીસ ની ટીમ ઘટના દોડી ગઈ હતી અને મૂર્ત દેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવાની અને ટ્રાફિક ક્લીયર કરવાની તજવીજ હાથ ધરી હતી.

# અડધા કરોડની ઓનલાઈન ઠગાઈના ગુનામાં એકાઉન્ટ હોલ્ડર ઝડપાયો

## ટાસ્ક પુરા કરી પૈસા કમાવાની લાલચ આપી છેતરપિંડી આચરવા મામલે ધોરાજીના હિતેશ ગોહેલની ધરપકડ કરતી સાયબર ક્રાઈમ

**અબતક, રાજકોટ**

ઓનલાઈન ટાક પૂરા કરી પૈસા કમાવાની લાલચ આપી રૂ. ૫૦.૮૯ લાખની ઠગાઈના ગુનામાં ધોરાજીના એકાઉન્ટ હોલ્ડરની સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.



પ્રાપ્ત વિગત અનુસાર શહેરના મોરબી રોડ પર રહેતા અને કોટક સિક્યુરિટીમાં નોકરી કરતા ૩૦ વર્ષીય યુવક જયમીન પરસાણાએ ગત તા.૦૯-૧૦-૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેના વોટ્સઅપ નંબર પર અજાણ્યા નંબરથી એક મેસેજ આવેલ હતો. જેમાં ટાસ્ક પૂર્ણ કરી પૈસા કમાવવા માટે ઓફર કરવામાં આવી હતી અને સાથે ટેલિગ્રામની એક લિંક પણ આપવામાં આવી હતી. જે લિંક ખોલતા એક ટાસ્ક સામે આવ્યો હતો જે ટાસ્ક પૂર્ણ કરતા યુવાનને પ્રથમ રૂ. ૨૧૦ મળ્યા હતા. જે બાદ વિશ્વાસ બેસી જતાં તે લિંકમાં આગળ વધતા પૈસાનું રોકાણ કરી ટાસ્ક પૂર્ણ કરતા ઉંચું વળતર મળશે તેવી લાલચ આપવામાં આવી હતી. જેમાં ફસાઈને યુવકે કટકે કટકે રૂ. ૫૦,૮૯,૯૪૮ નું રોકાણ કર્યું હતું. જો કે, આં રકમ અને વળતરની રકમ પરત આપવા માટે સામાપક્ષેથી વધુ નાણાંની માંગણી કરવામાં આવતા યુવક પોતે છેતરપિંડીનો ભોગ બન્યો હોય તેવી જાણ થતાં સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં સાયબર ક્રાઈમ પોલીસના પીઆઈ જે એમ કૈલા અને આર જી પઢીયારની ચીમે ટેક્નિકલ સર્વેલન્સના આધારે ઠગાઈની રકમ જે બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી તે બેંક એકાઉન્ટના ધારકની ભાળ મેળવવા ચક્રો ગતિમાન કરી હિતેશ ગોવિંદભાઈ ગોહેલ(ઉ.વ.૩૭ રહેમ જમનાવડ રોડ, નવી હવેલી, શિવમ પાનવાળી શેરીઝ ધોરાજી, રાજકોટ) ની ધરપકડ કરી હતી.

# બનાસકાંઠાના સરહદી તાલુકાના ૧૨૨ ગામો સાયરનની સુવિધાથી સજજ

## સરહદી ગામોની સુરક્ષા માટે સાયરન સિસ્ટમ મહત્વપૂર્ણ પગલું: જિલ્લા કલેક્ટર મિહિર પટેલ

**અબતક, રાજકોટ**

બનાસકાંઠા જિલ્લાના ભારત-પાકિસ્તાન સરહદ નજીક આવેલા ગામોમાં સુરક્ષા વધુ સુનિશ્ચિત કરાઈ છે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહિર પટેલએ જણાવ્યું કે, તાજેતરની પરિસ્થિતિઓને ધ્યાને લઈને વાવ અને સુઈગામ તાલુકાના આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા ગામડાઓમાં સિવિલ ડિફેન્સ સાયરન સિસ્ટમ લગાવામાં આવી હતી. આ સાયરન સાડા ત્રણ કિલોમીટરની રેન્જ ધરાવે છે. શરૂઆતમાં વાવ - સૂઈગામના સરહદી વિસ્તાર ધરાવતા ૨૨ ગામોમાં સાયરન સિસ્ટમ સ્થાપિત કરાઈ હતી. જ્યારે હવે વાવ - સુઈગામના તમામ ૧૨૨ ગામોમાં સાયરન સિસ્ટમ સ્થાપિત કરાઈ છે. વાવના ૪૩ જ્યારે સુઈગામના ૭૯ ગામોમાં ગ્રામ પંચાયત, ડેરી, શાળા વગેરે સ્થળોએ સાયરન સિસ્ટમ સ્થાપિત કરાઈ છે.

સુઈગામ પ્રાંત અધિકારી ડો.અરવિંદ કુમાર પ્રજાપતિએ જણાવ્યું કે, સરહદી વિસ્તારમાં સાયરન સિસ્ટમ અગત્યનો ભાગ ભજવે છે. વાવ સુઈગામ વિસ્તારના તમામ ગામોમાં સાયરન સિસ્ટમ લગાવતા હવે નાગરિકોની સુરક્ષા વધુ મજબૂત કરી શકાઈ છે. જિલ્લા કલેક્ટર મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ સાયરન માટે મોક ડ્રીલ અને તાલીમનું પણ આયોજન કરાયું હતું. તત્કાલિક નાગરિક પ્રતિભાવ માટે સાયરન સિસ્ટમ અગત્યનો ભાગ ભજવે છે. સરહદી વિસ્તારના લોકો કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે વેલ ટ્રેઈન બન્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરહદી વિસ્તારોમાં શાંતિ, સુરક્ષા અને વિકાસ એકસાથે આગળ વધે તે માટે અનેક પગલાં લીધા છે. રાજ્ય સરકારે સરહદી વિસ્તારના નાગરિકોની ચિંતા કરીને સાયરન સિસ્ટમ સ્થાપિત કરતા નાગરિકો વધુ સુરક્ષિત બન્યા છે. આ સિસ્ટમ થકી કોઈપણ આપત્તિ કે અચાનક હુમલાની સ્થિતિમાં તરત જ ગામ લોકોને એલર્ટ કરી શકાય છે. સાયરનના અવાજથી લોકો તરત જ સલામત સ્થળે પહોંચવાનું શરૂ કરી શકે છે, જે તેમનું જીવન બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.



### આજે વિશ્વ ગાય દિવસ

# ગાયને ગુજરાતમાં રાજ્ય માતાનો દરજજો આપવા ઉઠતી માંગ

## માલધારીઓએ ઢોર ડબ્બે જઈ મૃત ગાય માતાઓને શ્રદ્ધાંજલી આપી ગાય પુજન કર્યૂ

**અબતક રાજકોટ**

આજે વિશ્વ ગાય દિવસની અનોખી ઉજવણી કોંગ્રેસના આગેવાનો દ્વારા કરવામાં આવી હતી.

આજે ૨૧ મે એટલે વિશ્વ ગાય દિવસ હોય ગાયને ખાસ કરીને ગુજરાતમાં રાજ્ય માતાનો દરજજજો આપવાની માંગ કરાય હતી.

ગાય ભગવાન શ્રી કુષ્ણની પ્રીય હોય માલધારીઓનું ગુજરાન પણ કરે છે.ગાય માતા કરતી હોય ઢોર ડબબામાં અનેક વાર ગાય માતાના મોતના થાય છે.પરંતુ નીષ્ઠુર તંત્રએ આજ સુધી કાળજી પણ લીધી નથી



આજ સુધી ઢોર ડબ્બામાં જેટલી ગાપના મોત થયા તેને શ્રધધા સુમન અર્પણ કરી સાદગીપૂર્વક ગાય માતા નુ પુજન કરી સમાજને એક સંદેશ આપવામાં આવ્યો હતો કે જેમ એશાયાટીક સીંહ બચ્ચાવા પડે એવિ સ્થિતિનું નીર્માણ થયું છે.તેમ ગાયો બચાવવાની નોબત આવે તેવું કામ કરવું જોઈએ.ગાયના દુધ વિષે સ્વામી વિવેકાનંદજીને પુછ્યુ એનો ઉલેખ્ખ સ્વામી વિવેકા નંદજી એ જર્મનીમાં કહ્યું હતુ કે અમારા ભારત મા જન્મ લેતુ બાળક છ મહિના જ માતાનુ દુધ પીવે છે ત્યાર બાદ જીવનભર ગાય માતાનુ અમૃત દુધ પીવુ છે. ગાય માતાના દુધનુ કર્જ ગાયની જાળવણી કરી ચુકવીએ અને ગાય માતાને મહારાષ્ટ્ર જેમ રાજ્યમાતા નો દરરજો મળે તેવી માંગ રણજીત મુંધવા હરેશ ભારાઇ મહેશ બાંભવા અને નિલેષ ગોહેલે કરી હતી.

# ગોંડલના વેકરી ગામે ટ્રાન્સપોર્ટના ધંધાર્થી પર માસીયાઈ ભાઈઓનો હુમલો

## હાથ ઉછીના આપેલા પૈસાની પપ્પુ નામના શખ્સ પાસે ઉઘરાણી કરતા હવાલો લઈને બંને શખ્સોં હુમલો કરવા ધસી આવ્યા : પરિણીતાને ધક્કો વાગતા ઈજા

**અબતક, રાજકોટ**

ગોંડલના વેકરી ગામે રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થી પર માસીયાઈ ભાઈઓએ પારકી ઉઘરાણીમાં ધોકા વડે હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. પતિણે છોડાવવા વચ્ચે પડેલી પરિણીતાને બંને શખ્સોંએ ધક્કો મારતા પરિણીતાને પણ ઈજા પહોંચી હતી. મામલામાં ગોંડલ તાલુકા પોલીસમાં ગુનો નોંધાયો છે.

ગોંડલના વેકરી ગામે રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થી પ્રહલાદસિંહ ઉર્ફે બાવુભાઈ રેવતુભા ચુડાસમા (ઉ.વ.૪૦)એ ગોંડલ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ગુંદાળા ચોકડી પાસે જે ભગવાન નામે ટ્રાન્સપોર્ટની ઓફીસ ચલાવું છું. ગત તા. ૨૦/૦૫/૨૦૨૫ સવારના આશરે નવ વાગ્યે હુ મારી ફોરવ્હીલ લઈને વેકરીથી ચરખડી ગામ તરફ જતો હતો. ત્યારે રોડ પર મારો જૂનો ડ્રાઈવર પપ્પુ વજુભાઈ કાછડીયા નીકળેલ અને મારે તેની પાસેથી હાથ ઉછીના આપેલ રૂ.૧૦,૦૦૦ પરત લેવાના હોય જેથી મે તેને રોકી રૂપીયા પરત આપવા માટે કહેતા તેણે કહેલ કે હુ સાંજ સુધીમાં તમારા રૂપીયા પરત આપી દઈશ. બાદ હુ ત્યાથી મારા ઘરે વેકરી જતો રહેલ હતો. મારા ઘરે મકાનનું કડીયા કામ ચાલુ હોય જેથી કડીયા કામેરાકેશભાઈ અને હિતેશભાઈ ભેસાણી આવેલ હતા. ત્યારે ઘરે પત્ની, બા અને પુત્ર હાજર હતા.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, આશરે અગ્યાર વાગ્યે મારા મોબાઈલમા મારા માસીયાર ભાઈ રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજભા ઝાલાનો ફોન આવેલ કે, તમે કેમ પપ્પુને ઉભો રાખી તેની પાસે રૂપીયા માંગો છો. જેથી મે કહેલ કે મે અગાઉ તેને હાથ ઉછીના આપેલ હતા તે રૂપીયા માંગેલ હતા.

જેથી તેણે મને કહેલ કે તે મારૂ મોટરસાયકલ લઈ નીકળેલ હતો એટલે તમારે તેને નહી રોકવાના તેમ કહી ત ફોનમા બોલાચાલી કરવા લાગેલ હતો. વધુમાં તેણે કહેલ કે, હું તારા ઘરે આવુ છું. થોડીવારમા રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજભા ભોજરાજસિંહ ઝાલા તથા તેનો ભાઈ અર્જુનસિંહ ભોજરાજસિંહ ઝાલા મોટર સાઈકલ લઈને મારા ઘર હાથમાં લાકડાના ધોકા લઈને ધસી આવ્યા હતા. હું મારા ઘરે ફળીયામાં ઉભો હતો ત્યારે બંનેએ ગાળા ગાળી કરતા મે ગાળો બોલવાની ના પાડતા બંને ધોકાઓ લઈને મારવા માટે દોડેલ હતા.

જેથી મારા ઘરે મારા પત્નિ દીક્ષીતાબા અને મારા ઘરે કામ કરતા કડીયાઓ વચ્ચે આવતા રાજભાએ મારી પત્નિને ધક્કો મારી નીચે પાડી દીધેલ હતી. બંન્ને ભાઈઓ મારી સાથે મારકુટ કરવા લાગેલ હતા. રાડારાડી થતા મારા પરીવારના સભ્યો તથા મારા સાઢુભાઈ જયદેવસિંહ ચુડાસમા બધા વચ્ચે આવી મને છોડાવેલ હતો. પાડોશીકં એકત્રિત થઈ જતાં બંને શખ્સોં નાસી ગયા હતા અને જતા જતા કહેતા ગયેલ કે, આજે તો તુ બચી ગયો છો હવે પછી મળીશ તો તને જાનથી મારી નાખીશુ.

જે બાદ ટ્રાન્સપોર્ટના ધંધાર્થીએ બંને માસીયાઈ ભાઈઓ વિરુદ્ધ ગોંડલ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# સાહિત્ય સેતુએ કવિ રમેશ પારેખને શબ્દાંજલી અર્પણ

## કવિ રમેશ પારેખ રચિત કવિતાઓનું પઠન કરતી તેમના જીવન કવનને યાદ કરીને સાહિત્યપ્રેમીઓએ સ્મરણાંજલી પાઠવી



**અબતક, રાજકોટ**

અમરેલીના વતની અને નિવૃત્તિ બાદ રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવનાર ગુજરાતી સાહિત્યના આધુનિક યુગના મોટા ગજાના સર્જક, ગુજરાતી ભાષાના કવિ,લેખક, બાળ સાહિત્યકાર, ગીતકાર કવિ છે અક્ષરનું નામથી ઓળખાતા સૌના હૃદયસ્થ કવિ રમેશ પારેખની ૨૦ મી પુણ્યતિથિ નિમિત્તે દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા પ્રેરિત સાહિત્યિક પ્રવૃતિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા યોજાયેલ શબ્દાંજલિ સ્મરણાંજલિ કાર્યક્રમ સાહિત્ય પ્રેમીઓ ર. પા.પ્રેમી ભાવકોની બહોળી ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક સંપન્ન થયેલ છે

કાર્યક્રમનો પ્રારંભ કવિ રમેશ પારેખની લોકપ્રિય રચના હે દીવા! તને પ્રણામ થી થયેલ. કવિ રમેશ પારેખની તસવીરને શબ્દાંજલિ સ્મરણાંજલિ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત તેમના પત્નિ ગં.સ્વ.રસીલાબેન પારેખે ફુલહાર પહેરાવેલ તેમજ કાર્યક્રમના અતિથિઓ શહેર ભા.જ.પ.પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, મોઢ વણિક સમાજના અગ્રણી કિરીટભાઈ સી.પટેલ,જાણીતા બિઝનેસમેન ગિરીશભાઈ કડવાણી, ગ્રંથાલય ભારતીના પ્રાંત સંયોજક દિલીપભાઈ ભટ્ટ,સાહિત્ય સેતુના પ્રમુખ વસંતભાઈ ગાદેશા તેમજ કવિઓ લેખકો સર્જકોએ પુષ્પાંજલિ અર્પેલ.

૧૦ સુંદર રચનાઓનું પઠન શહેરના કવિઓ મહેન્દ્ર જોષી, રાકેશ હાંસલિયા, પ્રકાશ હાથી અને કવયિત્રીઓ હર્ષિદા ત્રિવેદી અને વનિતા રાઠોડ રજૂ કરીને શબ્દાંજલિ અર્પેલ. નિવૃત આસિસ્ટન્ટ સેલ્સ ટેક્સ કમિશનર સાહિત્યમરમી આર.પી.જોશીએ રમેશ પારેખના જન્મથી લઈ કવિ અનિલ રમેશની જોડી ગુજરાતી સાહિત્યમાં આપેલ મહામૂલા પ્રદાન લોકપ્રિય રચનાઓ મળેલ પુરસ્કારો એવોર્ડ્સ સરળતા સહજતા આત્મીયતા લોકપ્રિયતા સહિતની વાતોની રસપ્રદ માહિતી પૂરી પાડેલ અને સ્મરણાંજલિ આપેલ.

રમેશ પારેખની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં શહેરના વરિષ્ઠ સર્જકો ભાસ્કર ભટ્ટ, પ્રદીપ રાવલ, વારિજ લુહાર, હર્ષદ દવે, નગીનભાઈ દવે, દલપત ચાવડા, રમેશ પાંચાણી, જસ્મિન દેસાઈ, હર્ષિદા દવે, હંસા ભટ્ટ સાહિત્યપ્રેમી વિનુભાઈ ઝગડા, નાટ્યકાર કૌશિક સિંધવ, નિલેશ પરમાર, નરેન્દ્ર આશર, ભરત દુદકિયા, લીલાબેન પટેલ, અજીતભાઈ દેસાઈ, હસુભાઈ રાચ્છ, નરેન્દ્ર ભાડલિયા, સિલ્કીમ્ની રમેશ રાવલ વગેરે વિશેષ ઉપસ્થિત રહેલ.

# પટેલ કોમ્પ્યુટર્સ દ્વારા શુક્ર-શનિ નિઃશુલ્ક મોબાઈલ સર્વિસ કેમ્પ

**અબતક, રાજકોટ**

ગુજરાતની જાણીતી અને વિશ્વસનીય કોમ્પ્યુટર તાલીમ સંસ્થા પટેલ કોમ્પ્યુટર્સ દ્વારા જાહેર જનતાના હિતમાં નિઃશુલ્ક મોબાઈલ સર્વિસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પ ૨૩ અને ૨૪ મે ના રોજ પટેલ કોમ્પ્યુટર્સ, ત્રીજો માળ, અશીષ કોમ્પ્લેક્સ, એસ્ટ્રોન ચોક પાસે, સરદારનગર મેઈન રોડ, રાજકોટ ખાતે સવારે ૧૦ થી ૧ સુધી અને બપોરે ૩ થી ૬ સુધી યોજાશે. આ સેવા કેમ્પમાં ફોનના સ્પીકર, માઈક, ચાર્જિંગ પોર્ટ અને ડિસ્પ્લેમાંથી ધુળ દુર કરવાની કામગીરી કરાશે. ઉપરાંત ફોનની મુળભુત સ્થિતિ અને કન્ફિગરેશન ચકાસવવામાં આવશે તથા જરૂરી સલાહ પણ આપવામાં આવશે. આ નિઃશુલ્ક સેવાનો લાભ લેવા રજીસ્ટ્રેશન માટે મો. નં. ૯૯૦૯૯ ૨૦૧૫૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

પટેલ કોમ્પ્યુટર્સ છેલ્લા ત્રણ દાયકાથી રાજકોટ તથા ગુજરાતના વિવિધ શહેરોમાં બાળકો, યુવાનો અને વ્યાવસાયિકોને ટેકનોલોજી ક્ષેત્રે કૌશલ્ય વધારતી તાલીમ આપતી આગવી સંસ્થા છે. આ સંસ્થાએ અત્યાર સુધીમાં એક લાખથી વધારે વિદ્યાર્થીઓને તાલીમ આપી તેજસ્વી ભવિષ્ય માટે માર્ગદર્શન પુરુ પાડ્યું છે. સંસ્થા સમયાંતરે આવી વિવિધ જનકલ્યાણકારી પ્રવૃત્તિઓ દ્વારા સમાજના લાભાર્થી બને છે તેવું પટેલ કોમ્પ્યુટર્સના ડાયરેક્ટર ગુણવંતભાઈ ઓગાણજાએ જણાવ્યું છે.

### સૂજલામ, સુફલામ યોજના અંતર્ગત

# ઈશ્વરીયા ગામે બે ચેકડેમનું તાલુકા પંચાયતના પ્રમુખ હેતલબેન ચાવડાના હસ્તે ખાતમૂહૂર્ત

## વરસાદી પાણીના યોગ્ય જતન માટે તેમજ ખેડુતોના ફાયદા માટે ચેકડેમનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું




**અબતક,રાજકોટ**

દિવસે દિવસે પાણીના તળમાંથી પાણી ખેંચી રહયા છીએ, તેથી પશુ-પક્ષી, જીવજંતુ અને માનવજાત સાથે પર્યાવરણને ખુબ મોટું નુકસાન થઈ રહયું છે, તેનું કારણ જો કોઈ હોઈ તો તે જમીનના તળમાં પાણીના લેવલ ખુબજ ઊંડે જતા રહયા છે, તેથી વાવેતર અને વૃક્ષોનું પ્રમાણ ખુબ ઘટયું છે,

અલગ અલગ જીલ્લા અને તાલુકા લેવલે જઈ ગામડે ગામડે વધુમાં વધુ વરસાદનું શુધ્ધ પાણીનું જતન થાઈ જેમકે ખેતરમાં ખેત-તલાવડી કે કુવા-બોર રીચાર્જ કરી શકાય તો ખેતી માટે જોઈતા પાણીથી આત્મનિર્ભર થઈ શકીએ. જેથી કરીને આપણે ક્યારેય નર્મદા કે સિંધુ નદીઓ પર નિર્ભર ન રેવું પડે તેવા વિચારોથી પાણી બચાવો અભિયાનનું આજે ઈશ્વરીયા ગામના આગેવાનો સાથે રહીને ચેકડેમનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું.

ડો. દેવાંગીબેન જીનીયસભાઈ મૈયડ જણાવેલ કે, ગામડા ગામમાં ઉનાળામાં પાણીની ખુબજ તંગી ઉભી થવાથી ખેડૂતોને પાક ઉત્પાદનમાં ખુબ મુશ્કેલી ઉભી થતી હોઈ છે, પણ ખેડૂતો જાગૃત થાઈ અને ચોમાસામાં સરેરાશ ૪૦ થી ૫૦ ઈંચ વરસાદ પડે તે વરસાદી પાણીનું યોગ્ય જતન કરવા માટે આજે ઈશ્વરીયા ગામ ખાતે ચેકડેમનું ખાતમુહુર્ત થયેલ છે. જેનાથી ગામ લોકોને ખુબ ફાયદો થાશે.

ચેકડેમ રિપેરિંગ, ઊંડા, ઊંચા અને નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકાયેલ અને જમીનમાં અંદર પાણીના તળ ખુબ ઊંચા આવેલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો.તેમાંથી ૨૭૫ થી વધુ ચેકડેમ પૂર્ણ થઈ ગયા છે. તેમજ ૧૧,૧૧૧ રીચાર્જ બોર કરવાનો પણ સંકલ્પ કરેલ તેમાંથી ૧૪૦૦ થી વધુ રીચાર્જ બોર થઈ ચુક્યા છે.આ રીતે દરેક પ્રસંગો કે સારા કાર્યોની શરૂઆત વરસાદી પાણીનું યોગ્ય જતન કરવાથી થાઈ તો પાણી પ્રશ્ન ખુબ સરળતાથી હલ થઈ જાઈ.

ખાતમુહુર્તમાં પડધરી તાલુકા પંચાયત પ્રમુખ હેતલબેન રોહિતભાઈ ચાવડા, આહીર સમાજના આગેવાન રોહિતભાઈ વિક્રમભાઈ ચાવડા, ઈશ્વરિયા ઉપસરપંચ લીઝાબેન વિમલભાઈ ચાવડા, વિમલભાઈ લાભુભાઈ ચાવડા, ડો. દેવાંગીબેન જીનીયસભાઈ મૈયડ, અને પ્રકૃતિપ્રેમી દિનેશભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ, જમનભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, ગોપાલભાઈ બાલધા, કૌશિકભાઈ સરધારા, શૈલેશભાઈ જાની વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# બન્ની ગજેરાની મદદગારી કરનાર એડવોકેટ દિનેશ પાતર અને પિયુષ રાદડિયાની તબિયત લથડી

## જિલ્લા પોલીસ વડા એક બાદ એક ગુનામાં ફિટ કરી રહ્યાનો દિનેશ પાતરનો આક્ષેપ



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલનાં જાહેર જીવનનાં આગેવાનો તથા તેના પરીવાર વિષે અભદ્ર ટિપ્પણીઓ કરતો વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ કરનાર બન્ની ગજેરા તથા પિયુષ રાદડીયાની મદદગારીમાં ગોંડલ તાલુકા પોલીસ બાદ સુલતાનપુર પોલીસે પકડેલા એડવોકેટ દિનેશભાઈ પાતર જામીન મુક્ત થયા બાદ તેની તબિયત લથડતા પોલીસે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જયારે બીજી બાજુ પિયુષ રાદડિયાની તબિયત બગડતા રાજકોટ સિવિલ હોસ્પિટલના ખસેડાયો હતો.

દિનેશ પાતરની તબિયત બગડતા મેઘવાળ સમાજના યુવાનોનાં ટોળા દિનેશ પાતરનાં સમર્થનમાં હોસ્પિટલમાં એકઠા થયા હતા અને દિનેશભાઈ પાતરને પોલીસ ખોટી રીતે ફીટ કરતી હોવાનાં આક્ષેપ સાથે ઉગ્રતા વ્યાપી હતી. એક તબ્બકે પોલીસને હોસ્પિટલમાં નહી આવવાનું કહી આક્રોશ જતાવ્યો હતો. જેથી વાતાવરણ તંગ બન્યુ હતુ.

હોસ્પિટલનાં બિછાનેથી દિનેશ પાતરે જીલ્લા પોલીસ વડા સામે આક્ષેપ કરી એક પછી એક ગુન્હામાં ખોટી રીતે ફીટ કરી રહ્યાનુ જણાવ્યુ હતુ. તેમણે વધુમાં કહ્યુ કે રાજકુમાર જાટનાં સીસીટીવી ફુટેજ જીલ્લા પોલીસ વડા પાસે છે.જે જયરાજસિહ તથા ગણેશનાં છે. આ અંગે હું જાહેરમાં બોલ્યો એટલે મને ખોટી રીતે ફીટ કરાઈ રહ્યો છે.હું મારા ક્લાયન્ટને મળવા ગયો હતો અને મને ગુનેગાર બનાવી દેવાયો છે.પોલીસ મને ત્રાસ આપી રહી છે.લોકઅપમાં ગોંધી રાખે છે.મારી કોઈ સલામતી નથી. સુલતાનપુર પોલીસમાં મારા બપોર સમયે જામીન થઈ ગયા હોવા છતા સાંજ સુધી પોલીસે મને ગોંધી રાખ્યો હોય મારી તબિયત લથડી છે.પોલીસ મને ખોટી રીતે ગુજસીટોકમાં ફીટ કરી દેશે તેવી મને દહેશત છેતેવુ જણાવ્યું હતું.

સિવિલ હોસ્પિટલમાં તબીબી સ્ટાફે દિનેશભાઈ પાતરની સઘન સારવાર શરુ કરી હતી. બાદમાં વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા. જયારે ચર્ચાસ્પદ યુટુબર બન્ની ગજેરાની મદદગારીનાં ગુન્હામાં સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હામાં જામીન મુક્ત થયેલા દિનેશભાઈ પાતરની તબિયત લથડતા સારવારમાં પ્રથમ ગોંડલ અને બાદમાં રાજકોટ ખસેડાયા બાદ અન્ય આરોપી પિયુષ ગજેરાની પણ તબિયત લથડતા ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા બાદ બેભાન થઈ જતા પોલીસ જાપ્તા સાથે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે.

પ્રાપ્ત વિગત મુજબ ગોંડલનાં જાહેર જીવનનાં આગેવાનો અને તેના પરિવાર ની મહીલાઓ અંગે અભદ્ર ટિપ્પણીઓ અને વાણીવિલાસ સાથે સોશ્યલ મીડીયામાં વિડીયો વાયરલ કરનાર બન્ની ગજેરા સામે સુલતાનપુર પોલીસમાં ફરિયાદ થતા તેની મદદગારી કરવાનાં ગુન્હામાં પિયુષ રાદડીયાની પણ ધરપકડ કરાઈ હતી. બાદમાં મોડી સાંજે જામીન મુક્ત થતા ગોંડલ બી ડીવીઝનમાં ભરતભાઈ ઢોલરીયાએ પોતાની તથા તેના પરિવારની મહીલાઓની બદનામી થાય તે પ્રકારે વિડીયો વાયરલ કરવા અંગે બન્ની તથા પિયુષ રાદડીયા સામે ફરિયાદ કરી હોય બી ડીવીઝન પોલીસે તેની ધરપકડ કરતા પોલીસ સ્ટેશનમાં તબીયત લથડતા સિવિલ હોસ્પિટલમાં લવાયો હતો. ત્યાં પિયુષ બેભાન થઈ જતા તેને પોલીસ જાપ્તા વચ્ચે રાજકોટ ખાનગી હોસ્પિટલ માં ખસેડાયો છે.

(પહેલા પાનાનું ચાલું)

### ઈમારત ધરાશાયી...

ફોર્સે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. આ વર્ષે મહારાષ્ટ્રમાં ઈમારત ધરાશાયી થવાની આ પહેલી ઘટના નથી. ૨૭ જુલાઈ ૨૦૨૪ના રોજ, નવી મુંબઈના બેલાપુર વિસ્તારમાં ચાર માળની ઈમારત ધરાશાયી થતાં ત્રણ લોકો માર્યા ગયા હતા અને બે ઘાયલ થયા હતા. આ ઈમારતમાં ૫૨ લોકો રહેતા હતા. જેમાંથી મોટી સંખ્યામાં લોકોને બચાવાયા હતા. પરંતુ આ અકસ્માતે ગેરકાયદેસર બાંધકામ અને જાળવણીના અભાવ અંગે પ્રશ્નો ઉભા કર્યા. ૨૦ જુલાઈ, ૨૦૨૪ ના રોજ, મુંબઈમાં ગ્રાન્ટ રોડ નજીક ખઈઅઉઅ બિલ્ડિંગનો સ્લેબ અને બાલ્કનીનો ભાગ ધરાશાયી થતાં એક મહિલાનું મોત થયું હતું અને ચાર લોકો ઘાયલ થયા હતા. મ્હાડાએ દાવો કર્યો હતો કે રહેવાસીઓને છ મહિના પહેલા નોટિસ આપવામાં આવી હતી પરંતુ ઘણા લોકોએ મકાન ખાલી કર્યુ ન હતું. મુંબઈ અને મહારાષ્ટ્રમાં ઈમારત ધરાશાયી થવાની ઘટનાઓ એક ગંભીર સમસ્યા બની ગઈ છે. ૨૦૧૮-૨૦૨૨ વચ્ચે, રાજ્યમાં આવી ઘટનાઓમાં ૧૪૯૧ લોકો મૃત્યુ પામ્યા હતા. જૂની અને ગેરકાયદેસર ઈમારતો, નબળી બાંધકામ સામગ્રી અને સમયસર જાળવણીનો અભાવ આના મુખ્ય કારણો છે. કલ્યાણની આ ઘટના પણ આ તરફ ઈશારો કરે છે. સ્થાનિકોએ જણાવ્યું હતું કે સપ્તશ્રૃંગી ઈમારત જૂની હતી અને તેના માળખાને સમારકામની જરૂર હતી. પોલીસે તપાસ શરૂ કરી છે અને કહ્યું છે કે બેદરકારી માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

### ટ્રમ્પની નજર...

હતું કે ૨૦૨૩-૨૪માં પ્રાપ્ત થયેલા ૧૧૮.૭ બિલિયન ડોલરમાંથી, અમેરિકાએ લગભગ ૨૮ ટકા અથવા લગભગ ૩૨ બિલિયન ડોલરનું યોગદાન આપ્યું હતું. આ વર્ષે માર્ચમાં પ્રકાશિત થયેલા આરબીઆઈના અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે કુશળ કામદારો વધુને વધુ વિકસિત દેશોમાં જઈ રહ્યા છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સ કુલ રેમિટન્સના ૨૭.૭% હિસ્સો ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં, વિકસિત અર્થતંત્રોએ કુલ રેમિટન્સમાં અડધાથી વધુ ફાળો આપ્યો હતો, જે સ્થળાંતર પેટર્નમાં નોંધપાત્ર ફેરફાર દર્શાવે છે. યુનાઈટેડ સ્ટેટ્સ અગ્રણી સ્રોત તરીકે ઉભરી આવ્યું છે, જેનો હિસ્સો ૨૦૨૦-૨૧ માં ૨૩.૪% થી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪ માં ૨૭.૭% થયો છે. ''યુકેનો હિસ્સો ૨૦૨૦-૨૧ માં ૬.૮% થી વધીને ૨૦૨૩-૨૪ માં ૧૦.૮% થવાનો અંદાજ છે, જે ભારત અને યુકે વચ્ચે 'સ્થળાંતર અને ગતિશીલતા ભાગીદારી' (૨૦૨૧) ને આભારી હોઈ શકે છે,'' અહેવાલમાં જણાવાયું છે.

સિંગાપોર (૬.૬%), કેનેડા (૩.૮%) અને ઓસ્ટ્રેલિયા (૨.૩%) તરફથી વધારાનું યોગદાન આવ્યું, જ્યારે જીસીસી દેશો (યુએઈ, સાઉદી અરેબિયા, કુવૈત, કતાર, ઓમાન અને બહેરીન) એ સામૂહિક રીતે ૩૮% યોગદાન આપ્યું.

યુનાઈટેડ સ્ટેટ્સે વિશ્વમાં રેમિટન્સના પ્રાથમિક સ્રોત તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. બાલ્ટીમોરની જોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના રાજકીય વિજ્ઞાનના પ્રોફેસર અને ડાયસ્પોરા અભ્યાસમાં નિષ્ણાત દેવેશ કપૂરના જણાવ્યા અનુસાર, ભારતીય સ્થળાંતર કરનારાઓ સામાન્ય રીતે તેમની આવકનો પાંચમો ભાગ તેમના વતનમાં ટ્રાન્સફર કરે છે, જે તેમના કૌટુંબિક સંજોગોના આધારે બદલાય છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સમૃદ્ધ દેશોના અન્ય નેતાઓ દ્વારા ઈમિગ્રેશન પર વધુને વધુ પ્રતિબંધો લગાવવામાં આવી રહ્યા હોવાથી, આ આવશ્યક નાણાકીય પ્રવાહમાં સંભવિત ઘટાડો જોવા મળી રહ્યો છે.

### લશ્કર-એ-તૈયબા...

પંજાબ પ્રાંતના ગુજરાવાલા શહેરના રહેવાસી હમઝાને ઓગસ્ટ ૨૦૧૨ માં અમેરિકા દ્વારા વૈશ્વિક આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો. લશ્કરના ટોચના વિચારકને 'અફઘાન મુજાહિદ્દીન' તરીકે ઓળખવામાં આવતો હતો અને તે હાફિઝ સઈદ અને અબ્દુલ રહેમાન મક્કીની નજીક હતો. બંને યુએનના મત મુજબ લશ્કર સાથે જોડાયેલા આતંકવાદીઓ હતા.

(ત્રીજા પાનાનું ચાલું)

### વરસાદ...

માહોલ જામ્યો છે.

હવામાન વિભાગે આગામી ૭ દિવસ સુધી રાજ્યમાં ક્યાંક છૂટો છવાયો તો ક્યાંક ભારે વરસાદની આગાહી કરી છે. આગામી દિવસોમાં નૈઋત્યનું ચોમાસું કેરળ પહોંચી જાય તેવી શક્યતા છે. જેની અસર ગુજરાત પર પણ જોવા મળશે. ગુજરાત પર હાલ એકસાથે બે સિસ્ટમ સક્રિય હોવાના કારણે ૨૬ મે સુધી વરસાદી માહોલ રહેશે. બુધવારે ૨૧ જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

### કેરીના બોક્સ...

આવક વધી જતા બોક્સને ખુલ્લા મેદાનમાં રાખવા પડ્યા હતા અને કમોસમી વરસાદને લઈને આ તમામ બોક્સ પલળી ગયા હતા જેથી કેરીને નુકસાન થયું છે અને વેપારીઓને પણ નુકસાનીનો સામનો કરવો પડ્યો છે.

બીજી તરફ માર્કેટિંગ યાર્ડમાં અતિશય આવકને કારણે નીચે પણ બોક્સ ઉતારવાની ફરજ પડી હતી, જેથી વરસાદે અસર કરી, કેરીને મોટું નુકસાન થયું નથી, પણ બોક્સ પલળી ગયા છે. યાર્ડમાં શાકભાજી અને ફળો માટે એક જ શેડ હોવાથી જગ્યા ઓછી પડે છે, સફાઈ કામદારો છેલ્લા બે દિવસથી હડતાલ પર છે, જેના કારણે ગંદકી વધી છે. નવી ટીમને બોલાવી સફાઈ શરૂ કરાઈ છે. તૂટી ગયેલા શેડને રીપેર કરવા માટે ચોમાસા બાદ કામ હાથ ધરાશે તેવી યાર્ડના ઈન્સ્પેક્ટર દ્વારા હૈયાધારણા આપી હતી, આમ આજે કમોસમી વરસાદથી માર્કેટિંગ યાર્ડમાં ૧૭,૦૦૦ કરતાં પણ વધુ કેરીના બોક્સને નુકસાની થઈ છે અને જેનો ભોગ વેપારીઓ બન્યા છે અને આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે.

(ચોથા પાનાનું ચાલુ)

### યોગા કેમ્પ...

ટ્રેનર્સ દ્વારા બાળકોએ પૌષ્ટિક આહાર આરોગવાથી શરીર અને મનને થતાં ફાયદાઓ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવે છે.આ સમર યોગ કેમ્પમાં વધુ બાળકો જોડાય તે માટે ઠઠઠ.ૠજઢઈ.ઈંગ લીંક પર રજીસ્ટ્રેશન કરવા રાજકોટ મહાનગરપાલિકાના ઈસ્ટ કો-ઓર્ડીનેટર મીતાબેન તેરૈયા અને વેસ્ટ કો-ઓર્ડીનેટર ગીતાબેન સોજીત્રાએ અનુરોધ કર્યો છે.

### રોયલ એકેડેમી...

અનોખુ મનોરંજન કરાવે છે. રાજકોટની એક એવી સંસ્થા જ્યાં નો લેતી નો દેતી ના બેઈઝ ના સિધ્ધાંત થી ચાલે છે. કોઈ પણ સભ્યો પાસેથી વિનામૂલ્યે સ્ટેજ ઉપર માત્રને માત્ર સારામાં સારી પ્રેક્ટિસ કરાવીને ઉચ્ચકક્ષાના સંગીતના કાર્યક્રમો કરવામાં આવે છે. રોયલ એકેડેમી ઈન્ડિયા ના પોતાના હોલ 'રોયલ એકેડેમી' અથવા 'રૂષભ વાટિકા' માં બધા સંગીત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. હેમુ ગઢવી હોલ સહિતના મોટા હોલમાં પણ અવાર નવાર કાર્યકમો નું આયોજન કરવામાં આવે છે. આ ગ્રૂપની વિશેષતા એ છે કે પાંચ મહિલા ડાયરેક્ટર્સ સોનાબેન શાહ, અલ્કાબેન શેઠ, નયનાબેન મોદી, ફાલ્ગુનીબેન મહેતા, સોનલબેન ચાવડા દ્વારા આ ગ્રૂપનું સંચાલન અને માર્ગદર્શન તથા સંકલન કરવામાં આવે છે. તેમજ સિંગર્સ સભ્યો તરીકે સર્વે સમીરભાઈ શાહ, સુનિલભાઈ લાખાણી, મહેશભાઈ ચાવડા, ડો. જનકભાઈ ઠક્કર, અતુલભાઈ મહેતા, મુકેશભાઈ ઝાટકીયા, ધરાબેન કોઠારી, નયનાબેન પંડયા, સાધનાબેન સંઘવી સિંગર્સ સભ્યોએ ભાગ લીધેલ હતો.

(૧૨માં પાનાનું ચાલુ)

### ચા...

બની ગઈ છે. આપણાં દેશમાં ચા નું વાવેતર બ્રિટીશ શાસનમાં શરુ કરાયું હતું. ચા માં કોફી કરતાં ઓછું કેફીન હોવાથી તેના ફાયદાઓ પણ છે. સૌથી અગત્યની બાબતમાં ચા વજન ઘટાડવામાં મદદરુપ થાય છે.આજે વિશ્વના રશિયા, જાપાન, જર્મન, અમેરિકા, ઓસ્ટ્રેલીયા જેવા વિવિધ દેશોમાં ચા પીવાય છે. તેને બનાવવાની રીત સાવ સરળ હોવાથી ગમે તે બનાવી શકે છે. ચા ને જેમ ઉકાળો તેમ તેનો સ્વાદ ટેસ્ટી બની જાય છે. તેને બરોબર પકવવી પડે, કાચી ચા હોય તો પણ સ્વાદ ફરી જાય છે. કાઠિયાવાડમાં ૩ થી ૫ ફ્રેટની ચા બને છે. ગામડેથી આવતા સારા દુધમાંથી ચા બનતી હોય તેમાં ઘણાની મોનોપોલી પણ થઈ ગઈ છે. લીલી ચાને પ્રોસેસ કરીને ભૂકી મમરી જેવા નરમ- કડક ચાની ભૂકકી તૈયાર કરાય છે. આપણા દેશના આસામ રાજયમાં જંગલી ચા હજારો વર્ષોથી ઉગતી હતી, પણ ભારતમાં ૧૮૩૭ માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ચીનથી એક લાખ ચાના બી લાવીને ચાના બગીચા શરુ કર્યા હતા. ૧૮૪૦માં તો આસામમાં ઘણા બગીચા થઈ ગયા ને માત્ર ૫૦ વર્ષમાં એટલે કે ૧૯૦૦ની સાલમાં દેશમાં સૌથી વધુ ચાનું ઉત્પાદન આસામ કરવા લાગ્યું હતું .આપણી ચા નું ૭૦ ટકા ઉત્પાદન આપણાં દેશમાં જ વપરાય જાય છે. આપણા સૌરાષ્ટ્રમાં લોકોની સવાર ચા અને સવારના છાપા વગર દિવસની શરુઆત થતી નથી.ચા ના ઉત્પાદનની દેશની આ પાંચ જગ્યાઓ વિખ્યાન છે જેમાં દાર્જિલીંગ, આસામ, મુન્નાર, હિમાચલ પ્રદેશ, ધ બ્લુ માઉન્ટેન જેમાં મુન્નારમાં દુનિયામાં સૌથી ઉંચાઈ પર આવેલા ચાના બગીચા છે. નિલગીરીની વચ્ચે વિશાળ ચાના બગીચા ૧૮૩૫ માં શરુ થયા હતા.''ચાય પે ચર્ચા'': આ વાક્ય ભારતમાં એટલું લોકપ્રિય છે કે તે રાજકારણથી લઈને રોજિંદા જીવનના મુદ્દાઓ પરની ચર્ચાઓ માટે વપરાય છે. ચાના કપ પર ભેગા થવું એ મિત્રો, પરિવાર અને સહકર્મીઓ વચ્ચે વાતચીત શરૂ કરવાનો અને સંબંધોને મજબૂત કરવાનો એક સરળ માર્ગ છે.આંતરરાષ્ટ્રીય ચા દિવસ આપણને યાદ અપાવે છે કે એક સાદો કપ ચા કેવી રીતે વિવિધ સંસ્કૃતિઓમાં આરામ, જોડાણ, આધ્યાત્મિકતા અને ઉજવણીનું માધ્યમ બની શકે છે. તે ખરેખર એક અદ્ભુત પીણું છે જે વિશ્વને એકસાથે લાવે છે.

### વૈભવ-જુરેલની બેટીંગ

ઓર્ડર કંઈ ખાસ કમાલ કરી શક્યો નહોતો. છઠ્ઠા ક્રમે આવેલા ડેવાલ્ડ બ્રેવિસે ૨૫ બોલમાં ૪૫ રન અને સાતમા ક્રમે આવેલા શિવમ દુબેએ ૩૨ બોલમાં ૩૯ રન બનાવ્યા હતા. આ સિવાય આઠમાં ક્રમે આવેલો કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની ૧૭ બોલમાં ૧૬ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સની બોલિંગ તરફ નજર કરતા, ટીમના બોલર્સ આજે કંઈ ખાસ કમાલ કરી શક્યા નહોતા. મેચમાં રવિચંદ્રન અશ્વિને ૨ વિકેટ ઝડપી. આ સિવાય અંશુલ કમ્બોજ અને મથિષા પથિરાનાએ ૧-૧ વિકેટ લીધી હતી. જો કે, આ બોલર્સ સિવાય અન્ય કોઈ બોલર વિકેટ લઈ શક્યો નહોતો. આ જ કારણે, રાજસ્થાનના બેટર્સે ૧૮૮ રનનો ટાર્ગેટ ૧૭.૧ ઓવરમાં જ હાંસલ કરી લીધો હતો.

(છેલ્લા પાનાનું ચાલુ)

### વરસાદ...

બાદ આજે સવારથી દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા સટાસટી બોલાવી રહ્યા છે. આજે સવારે ભરૂચમાં અંકલેશ્વરમાં ૫૩ મીમી, ઉમરપાડામાં ૩૭ મીમી, જગડિયામાં ૩૨ મીમી, હનસોટમાં ૩૦ મીમી વરસાદ પડયો હતો. દરમિયાન અરબી સમુદ્રમાં લો-પ્રેશર સર્જાવાના કારણે આવતીકાલથી ત્રણ દિવસ રાજયભરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. એક તરફ આકાશમાંથી જળવર્ષા થઈ રહી છે ત્યારે બીજી તરફ ગઈકાલે રાજયના સાત શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. કંડલાનું તાપમાન સૌથી વધુ ૪૨ ડિગ્રી નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતમાં સવારથી મેઘાએ મંડાણ કર્યા છે. ગુજરાતમાં પણ વહેલુ ચોમાસુ બેસી જવાની સંભાવના હાલ જણાય રહી છે.

### ઈજનેરી-ફાર્મસી...

માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. ગત વર્ષે કુલ ૪૩૬૧૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. ચાલુ વર્ષે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની મુદત આજે પૂરી થઈ ત્યારે ૩૯૨૨૫ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયું છે. મહત્ત્વની વાત એ છે કે, ગત વર્ષની સરખામણીમાં ગુજરાત બોર્ડમાંથી મેથ્સ સાથે પાસ થનારા વિદ્યાર્થીઓ સંખ્યા ૨૩૦૦ જેટલી ઓછી છે. જેની સીધી અસર મેરિટ પર થાય તેમ છે. ગત વર્ષ કરતાં ૨૪૧૭ ઓછું રજિસ્ટ્રેશન થયું છે. આમ, મેથ્સમાં પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થતાં ઓછું રજિસ્ટ્રેશન થયું હોવાની શક્યતા છે.

આગામી ૩ જૂનના રોજ પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાશે. જેના આધારે મોક રાઉન્ડ માટે ૩થી ૫ જૂન વચ્ચે ચોઈસ ફિલિંગ અને ૭મી જૂનના રોજ મોક રાઉન્ડનું પરિણામ જાહેર કરાશે. ૭મી જૂને જ ફાઈનલ મેરિટ લિસ્ટ જાહેર કરીને પહેલા રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ શરૂ કરાશે. ૭મીથી ૧૦મી જૂન ચોઈસ ફિલિંગ કર્યા બાદ ૧૩મી જૂને પહેલા રાઉન્ડમાં કોલેજની ફાળવણી કરાશે.

### રાજય સ્વાગત

### કાર્યક્રમ...

જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૨મી મેના દિવસે યોજાશે. મુખ્યમંત્રી આ રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો સામાન્ય નાગરિકો, અરજદારો ગુરૂવાર, તા. ૨૨મી મેના સવારે ૮-૦૦થી ૧૧-૦૦ સુધીમાં મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ રાજ્ય સ્વાગત અન્વયે મુખ્યમંત્રી કાર્યાલયના જનસંપર્ક એકમમાં બપોર બાદ ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

## દુઃખદ અવસાન

### સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**વાંકાનેરઃ** વાંકાનેર પ્રિન્ટીંગ પ્રેસવાળા સ્વ. પ્રાણલાલ જટાશંકર મહેતાના પુત્ર હિમાંશુભાઈ (ઉ.વ.૭૮) તે ઉષાબેનના પતિ, જીગીશભાઈ, રિદ્ધીબેનના પિતા, સેજલબેનના સસરા, જેતપુર નિવાસી છોટાલાલ પંચમીયાના જમાઈનું તા. ૧૯ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૨૨ ને ગુરુવારના રોજ સવારે ૧૦ કલાકે તેમ જ પ્રાર્થના સભા સવારે ૧૧ કલાકે દિગમ્બર જૈન સ્વાધ્યાય હોલ, માર્કેટ ચોક વાંકાનેર ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મુકતાબેન વિઠલદાસ કાનાણી (ઉ.વ.૮૬) તે સ્વ. વિઠલદાસ કાકુભાઈ કાનાણી (ભાણવડ)ના પત્ની, ભરત કાનાણી (રીટાયર્ડ એસ.બી.આઈ), ગં.સ્વ. જયોત્સનાબેન ચાગલાણી, સ્વ. કિર્તિબેન કાનાબારના માતા, ચિંતન કાનાણી, વિદિતા મિતુલકુમાર ખંધેડીયાના દાદી, સ્વ. મનસુખલાલ હંસરાજભાઈ મહેતા (ધ્રાફા-ગોંડલ) ના બહેનનું તા. ૧૮ ને રવિવારના રોજ નડીયાદ મુકામે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૨ ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૬ કલાકે સર્વેશ્વર મહાદેવ મંદિર, ઈનોવેટીવ સ્કુલ સામે, મિલાપનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** હાલ રાજકોટ નિવાસી વાળંદ શારદાબેન દિનેશભાઈ ભટ્ટી (ઉ.વ.૭૬) તે દિનેશભાઈ વૃજલાલભાઈ ભટ્ટીના પત્ની, ચંદ્રેશભાઈ, કેતનભાઈ, નિલેશભાઈના માતા, સ્વ. ડીગી, દર્શિતા, ક્રિષ્ના, ભાર્ગવ, જયના દાદીમાનું તા. ૧૭ ને શનિવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટઃ** મોઢવણીક જસદણ વાળા સ્વ. શૈલેશભાઈ ઝવેરચંદ અંબાણી (ઉ.વ.૫૬) તે સ્વ. ઝવેરચંદ વીરચંદ અંબાણીના પુત્ર, હસમુખભાઈ, કિશોરભાઈ, નલીનભાઈ, નીતીનભાઈ, જયોત્સનાબેન પ્રદીપભાઈ શાહ, પ્રવિણાબેન ભરતભાઈ વડોદરિયાના નાના ભાઈનું તા. ૨૦ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૨ ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન શ્રી નૂતન હોલ, કાલાવડ રોડ, કોટેચા ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પોલીસ અને કોર્પોરેશનના પાપે ટીઆરપી અગ્નિકાંડના પીડિતોને ન્યાય ન મળ્યો !!

## કોંગ્રેસ દ્વારા પોલીસ કમિશનર કચેરીમાં ઉગ્ર સૂત્રોચ્ચાર: સીપીને ધગધગતું આવેદન પત્ર અપાયું



તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડના પીડિતોને એક વર્ષ થવા છતાં ન્યાય મળ્યો નથી.કોંગ્રેસ દ્વારા પીડિતોને ન્યાય અપાવવા ગઈકાલથી આંદોલન શરૂ કરવામાં આવ્યું છે.આજે પોલીસ કમિશનરને આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

અગ્નિકાડના પીડિતોને ન્યાય અપાવવા શહેર કોંગ્રેસ ત્રણ દિવસના ત્રિકોણબાગ ખાતે ઉપવાસ પણ શરૂ કરવામાં આવ્યું છે. ૨૭ લોકોના મૃત્યુ થયા છે તેના વારસદારોમાંથી એક વ્યકિતને નોકરીની માંગ કરવામાં આવી હતી અને ગેમ ઝોન કોના હુકમથી ઉભો કરાયો હતો તે અધિકારી કે પદાધિકારીઓ ઉપર આપે શું કાર્યવાહી કરી તેનો જવાબ મળેલ નથી.

આ ભ્રષ્ટાચારી અધિકારી કે પદાધિકારી કોણ છે તેની જાણ હોવા છતાં અથવા તેના વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ કરવામાં આવેલ નથી આ ભ્રષ્ટાચારીઓની સામે પગલાં લેવાના તત્કાલીન સમયની માગણી હતી જે આપે આજ દિન સુધી પગલાં લેવામાં આવેલ નથી. તત્કાલીન સમયે બે થી ત્રણ પોલીસ અધિકારીઓ સામે પગલા લેવાયા હતા એ પગલા કડકાઈથી લેવાયા ન હતા અને લાયસન્સ ની જવાબદારી હતી પરંતુ વગર લાયસન્સ ગેમ ઝોન ચાલી રહ્યો હતો. દરેક પોલીસ સ્ટેશન વાઈઝ ટીમ બનાવી આ પ્રકારના એકમોને તપાસ કરવામાં જે તે સમયે આવી નહોતી. આ ગેમ ઝોન જે પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતો હતો તે વિસ્તારના પોલીસ ઈન્સ્પેક્ટરને જવાબદારી હોવા છતાં ગેમ ઝોન ગેરકાયદેસર રીતે ધમધમતો હતો. નિયમાનુસાર મંજૂરી હતી નહીં મંજૂરી છે કે નહીં તે અંગે પોલીસ દ્વારા જીણવટભરી તપાસ કરવામાં આવી નહોતી. આ ગેમઝોનમાં જવલનશીલ પદાર્થ પેટ્રોલ, ડીઝલ, ગેસના બાટલાઓ સંગ્રહ કરવામાં આવેલ છે કે કેમ અને તેની મંજૂરી હતી કે કેમ તે બાબતની તપાસ દિશાહીન બનાવવામાં આવી છે. આ અગાઉ પણ આપને આવેદનપત્ર આપેલ છે તેનો આપના તરફથી કોઈ સંતોષકારક પ્રત્યુતર મળેલ નથી. રાજકોટ મહાનગરપાલિકાના કેટલાક અધિકારીઓ સામે તપાસ કરી ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે.કોર્પોરેટરો અને મેયર કે પદાધિકારીઓ સામે તપાસ કરવામાં આવી હતી પરંતુ પોલીસમાં ગુનાઓ દાખલ થયેલ નથી ફક્ત પૂછપરછ પણ કરી આવા કેટલાક સત્તાધીશોના કોર્પોરેટરોને ક્લીન ચીટ આપવામાં આવી હતી ત્યારે એ બાબત પણ ફેર તપાસ કરવી ઘટે. મહાપાલિકા રાજકોટ શહેર પોલીસ તંત્રના સંકલનના અભાવે આ ગોઝારી ઘટનાની તપાસમાં ફિંડલુ વળી ગયું હોય એવું માગે છે. અને પોલીસે તપાસનું ઠીકરું રાજકોટ મહાનગરપાલિકા ઉપર ફોડી દીધું હોય એવું લાગી રહ્યું છે.

ગેમ ઝોનમાં અગ્નિકાંડના પિડીતોને ન્યાય અપાવવા માટે આજે સતત બીજા દિવસે કાર્યક્રમમાં રાજકોટ શહેર પોલીસ કમિશનરને આવેદનપત્ર રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી અને રાજકોટ મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાની આગેવાની હેઠળ આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. ભ્રષ્ટાચાર અને ભાજપ વિરુદ્ધમાં ભારે સૂત્રોચ્ચાર સાથે પોલીસ કમિશનર કચેરી ગજવી મૂકી હતી. આજના કાર્યક્રમમાં ડો. હેમાંગ ભાઈ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, ગાયત્રીબા અશોકસિહ વાઘેલા, યુનુસભાઈ જુણેજા, ડી પી મકવાણા, સંજયભાઈ અજુડીયા, જગદીશભાઈ ડોડીયા, યજ્ઞેશભાઈ દવે, ગૌરવભાઈ પુજારા, કેતનભાઈ તાળા, જગદીશભાઈ ડોડીયા, અજીતભાઈ વાંક, દીપ્તિબેન સોલંકી, બિંદીયાબેન તન્ના, માવજીભાઈ રાખશીયા, બીપીનભાઈ રાઠોડ, દિલીપભાઈ આસવાણી, રાજુભાઈ ચાવડીયા, નયનાબા જાડેજા, દીપુબેન રવૈયા, જયાબેન ચૌહાણ, પુનમબેન રાજપૂત, પ્રવીણભાઈ કાકડીયા, મનીષાબા વાળા, જયાબેન ટાંક, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો કાર્ય કરો એ હાજરી આપી હતી.

# મહારાષ્ટ્રના થાણેમાં ચાર માળની ઈમારતનો એક ભાગ ધરાશાયી થતા ચાર વ્યક્તિના મોત

## અકસ્માતમાં અન્ય પાંચ લોકો ઘાયલ થયા હતા અને ત્રીજા માળે એક બાળકી ફસાયેલી હતી જેને ફાયર બ્રિગેડ દ્વારા બચાવી લેવામાં આવી

**અબતક, મુંબઈ**

મુંબઈના કલ્યાણ વિસ્તારમાં ચાર માળની ઈમારતનો સ્લેબ ધરાશાયી થતાં ચાર લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં પાંચ લોકો ઘાયલ થયા હતા અને એકનો બચાવ કરવામાં આવ્યો છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસે જણાવ્યુ છે કે, બેદરકારી બદલ કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટના જૂની ઈમારતોની ખરાબ સ્થિતિ અને ભારે વરસાદની આગાહી વચ્ચે હવામાનની અનિશ્ચિતતા દર્શાવે છે. મુંબઈના કલ્યાણમાં આવેલી ચાંડીનગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના મંગલરાઘો નગરમાં આવેલી સપ્તશ્રૃંગી નામની ચાર માળની ઈમારતનો બીજા માળનો સ્લેબ તૂટી પડ્યો હતો. જેમાં ચાર લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં



અન્ય પાંચ લોકો ઘાયલ થયા હતા. અને ત્રીજા માળે એક બાળકી ફસાયેલી હતી જેને ફાયર બ્રિગેડ દ્વારા બચાવી લેવામાં આવી હતી. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સેલને બપોરે ૨:૫૫ વાગ્યે માહિતી મળી, ત્યારબાદ થાણે ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. આ વર્ષે મહારાષ્ટ્રમાં ઈમારત ધરાશાયી થવાની આ પહેલી ઘટના નથી. ૨૭ જુલાઈ ૨૦૨૪ના રોજ, નવી મુંબઈના બેલાપુર વિસ્તારમાં ચાર માળની ઈમારત ધરાશાયી થતાં ત્રણ લોકો માર્યા ગયા હતા અને બે ઘાયલ થયા હતા. આ ઈમારતમાં ૫૨ લોકો રહેતા હતા. જેમાંથી મોટી સંખ્યામાં લોકોને બચાવાયા હતા. પરંતુ આ અકસ્માતે ગેરકાયદેસર બાંધકામ અને જાળવણીના અભાવ અંગે પ્રશ્નો ઉભા કર્યા. ૨૦ જુલાઈ, ૨૦૨૪ ના રોજ, મુંબઈમાં ગ્રાન્ટ રોડ નજીક ખઈઅઉઅ બિલ્ડિંગનો સ્લેબ અને બાલ્કનીનો ભાગ ધરાશાયી થતાં એક મહિલાનું મોત થયું હતું અને ચાર લોકો ઘાયલ થયા હતા. મ્હાડાએ દાવો કર્યો હતો કે રહેવાસીઓને છ મહિના પહેલા નોટિસ આપવામાં આવી હતી પરંતુ ઘણા લોકોએ મકાન ખાલી કર્યું ન હતું. મુંબઈ અને મહારાષ્ટ્રમાં ઈમારત ધરાશાયી થવાની ઘટનાઓ એક ગંભીર સમસ્યા બની ગઈ છે. ૨૦૧૮-૨૦૨૨ વચ્ચે, રાજ્યમાં આવી ઘટનાઓમાં ૧૪૯૧ લોકો મૃત્યુ પામ્યા હતા. જૂની અને ગેરકાયદેસર ઈમારતો, નબળી બાંધકામ સામગ્રી અને સમયસર જાળવણીનો અભાવ આના મુખ્ય કારણો છે. કલ્યાણની આ ઘટના પણ આ તરફ ઈશારો કરે છે. સ્થાનિકોએ જણાવ્યું હતું કે સપ્તશ્રૃંગી ઈમારત જૂની હતી અને તેના માળખાને સમારકામની જરૂર હતી. પોલીસે તપાસ શરૂ કરી છે અને કહ્યું છે કે બેદરકારી માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

## રઘુવંશી શૌર્ય સંગઠન દ્વારા

# સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા લોહાણા સમાજના વિદ્યાર્થીઓ માટે રવિવારે સેમિનાર

**અબતક,રાજકોટ**

સમસ્ત લોહાણા સમાજના વિદ્યાર્થીઓ ભાઈ ઓ તથા બહેનો માટે રઘુવંશી શોર્ય સંગઠન અંતર્ગત તથા નક્ષત્ર એકેડેમી દ્વારા સંચાલિત જીપીએસસી અને વર્ગ ૩ ની વિવિધ કોમ્પિટેટીવ પરીક્ષાઓ માટે નિઃશુલ્ક (ગવર્મેન્ટ સ્કોલરશીપ અંતર્ગત) ક્લાસની શરૂઆત કરવા જઈ રહ્યા છીએ જેમાં ધોરણ ૧૨ પાસ અને ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવા માટેનો સોનેરી અવસર પ્રાપ્ત થશે.

જે અંતર્ગત તારીખ ૨૫-૦૫- ૨૦૨૫ રવિવાર ના સાંજે ૪ કલાકે હેમુગઢવી હોલ મીની થિયેટરમાં માર્ગદર્શન સેમિનારનું આયોજન થવા જઈ રહ્યું છે જેમાં આ ક્ષેત્ર ના અનુભવી નિષ્ણાંતો, અધિકારીઓ તથા રઘુવંશી સમાજ તથા મહાજનના અગ્રણીઓ દ્વારા હેતુલક્ષી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. જે વિદ્યાર્થીઓ ભાઈઓ બહેનો આ સેમિનારમાં તથા વર્ગમાં જોડાવવા ઈચ્છતા હોય તેઆ

https://forms.gle/LS54fc3cU9Q6yQ9L6 લિંક દ્વારા રજીસ્ટ્રેશન કરાવી શકશે.

વધુ વિગત માટે સંપર્ક કરોપ) અશોકભાઈ હિંડોયા: ૯૪૨૬૨ ૫૪૯૯૯, કુલદીપભાઈ-, મયુરભાઈ નથવાણીનો સંપર્ક કરવા જણાવાયું છે. અંતર્ગત સ્થાયી વરણી સમિતિ ના સર્વ હિતેન્દ્રભાઈ વડેરા, ગોપાલભાઈ ઉનડકટ, હિતેશભાઈ પંચમતીયા, સોનલબેન સોમૈયા, હેમાબેન રૂપારેલિયા, પરેશભાઈ શીંગાળા, હિરેનભાઈ મશરૂ, નિરવભાઈ રાયચુરા, પ્રદેશ પ્રમુખ મયુરભાઈ નથવાણી અને વરિષ્ઠ ઉપપ્રમુખ મહેશભાઈ નગદીયા, સંસ્થાના સભ્યો જયદીપભાઈ તન્ના, સંજયભાઈ પોપટ, અશોકભાઈ હિંડોચા, કપિલભાઈ નથવાણી, વિશાલભાઈ કેશરીયા, પુનમભાઈ ગણાત્રા, રૂષિભાઈ ગણાત્રા, નવિનભાઈ પુજારા, કલ્પેશભાઈ પોપટ, કલ્પેશભાઈ બગડાઈ, રજનીકાંતભાઈ સંઘાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

# ધો.૧૦ની પૂરક પરીક્ષા માટે કાલે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી પૂરક પરીક્ષા માટે ધો.૧૦ના ફોર્મ ભરવાની મુદત વધારવામાં આવી છે. બોર્ડ દ્વારા ધો.૧૦નું પરિણામ જાહેર કરાયા બાદ પૂરક પરીક્ષા માટેના ફોર્મ સ્વીકારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૨૦ મે સુધી ફોર્મ ભરવાની મુદત હતી, પરંતુ હજુ કેટલાક વિદ્યાર્થીઓ બાકી હોવાનું જણાતા તેમને તક મળી શકે તે માટે ૨૨ મે સુધી ફોર્મ સ્વીકારવાનું નક્કી કરાયું છે. ઉપરાંત ગણિતનો વિકલ્પ બદલી પરીક્ષા આપી શકે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ની પરીક્ષાનું તાજેતરમાં પરિણામ જાહેર કરાયું છે. ધો.૧૦માં જે વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષયમાં ગેરહાજર રહેલા હોય અથવા એક કે તેથી વધુ વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે આગામી દિવસોમાં લેવાનારી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. ઉપરાંત ધો.૧૦માં પાસ થયા છે, પરંતુ પોતાના પરિણામને સુધારવા ઈચ્છુક છે તેવા વિદ્યાર્થીઓ પણ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.પૂરક પરીક્ષા માટેના આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન કરવાના રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઈન માધ્યમથી જ કરવાની રહેશે. પરીક્ષા માટેના ઓનલાઈન આવેદન કરવાની તથા ફી ભરવાની કામગીરી કરવા માટેની અંતિમ તારીખ ૨૦ મે સુધીની નક્કી કરવામાં આવી હતી. પરંતુ ઘણા વિદ્યાર્થીઓના હજુ પૂરક પરીક્ષા માટેના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાનું જણાતા શિક્ષણ બોર્ડ દ્વારા બે દિવસની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. જે મુજબ હવે ૨૨ મે સુધી ફોર્મ ભરી શકાશે.જે વિદ્યાર્થીઓ નાપાસ કે ગેરહાજર રહ્યા હોય અને તે વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિતનો સમાવેશ થયેલો છે તેવા ઉમેદવારો ઓનલાઇન આવેદન ભરવાની પ્રક્રિયા દરમ્યાન ગણિત વિષયની પસંદગી બદલી શકે છે. એટલે કે સ્ટાન્ડર્ડ ગણિતમાં અનુત્તીર્ણ થયેલા ઉમેદવાર સ્ટાન્ડર્ડ ગણિતના બદલે બેઝિક ગણિત વિકલ્પ બદલી શકશે. જે વિદ્યાર્થીઓ બેઝિક ગણિત સાથે ઉત્તીર્ણ થયા છે તેવા વિદ્યાર્થી જે શાળામાંથી ધો-૧૦ની પરીક્ષાનું આવેદનપત્ર ભરેલું હોય તે જ શાળામાંથી સ્ટાન્ડર્ડ ગણિત વિષય માટે પૃથક ઉમેદવાર તરીકે ઓનલાઈન આવેદન કરી શકશે.

# વોડાફોનના નેટવર્કના ધાંધીયાથી ગ્રાહકો પરેશાન: ફરીયાદોનો ધોધ છુટ્યો

## છેલ્લા ઘણા દિવસોથી મોબાઈલનું નેટવર્ક મળતું જ ના હોય જેના કારણે વીઆઈનું કાર્ડ ધરાવતા ગ્રાહકોમા રોષની લાગણી ફેલાઈ

**અબતક, રાજકોટ**

વોડાફોન અને આઈડિયાએ ઓગસ્ટ ૨૦૧૮માં જોડાણ કર્યું હતું. તે સમયે જીયોની આંધીમાં બન્ને 'માર્કડ સેફ' થવાનું ઈચ્છતા હતા. કંપની તે સમયે બચી ગયેલી, પણ છેલ્લા ત્રણ વર્ષથી ધીમે ધીમે મરી રહી છે. ત્યારે રાજકોટ પંથકમાં વોડાફોન મોબાઈલ ટાવરના નેટવર્કના ધાંધિયાથી મોબાઈલમાં વોડાફોન-આઈડિયા નેટવર્ક વાપરતા ગ્રાહકો પરેશાન થઈ ઉઠયા છે. છેલ્લા ઘણા સમયથી મહિનામાં વીસેક દિવસ મોબાઈલનું નેટવર્ક મળતું જ નથી. જેના કારણે વીઆઈનું કાર્ડ ધરાવતા ગ્રાહકોમા રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. ભારત દેશ ડિજીટલ બનવા જઈ રહ્યો છે અને તેમાં નેટ બેન્કિંગ, મની ટ્રાન્સફર તાથા બીજા અન્ય કામો મોબાઈલ દ્વારા કરવામાં આવે છે. આ બાધી સુવિધાઓ ઘર બેઠા થાય છે જેમાં નેટવર્કની ખાસ જરૂર પડે છે. નેટનો ઉપયોગ કરનારાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વાધારો થતો રહે છે પરંતુ ગ્રાહકોને જોઈએ તેવી સુવિધા મળતી નાથી.રાજકોટ તેમજ આજુબાજુના ગામોમાં છેલ્લા ચાર-પાંચ દિવસ વીઆઈ કંપનીના નેટવર્કમાં ધાંધીયા સર્જાતા ગ્રાહકોને પરેશાની ભોગવવી પડી રહી છે. ફોરજીને બદલે ટુજીની સ્પીડ આવે છે. ક્યારેક સાવ બંધ પડી જાય છે. આ બાબતે કસ્ટમર કેરમાં ફરિયાદ કરતા રાબેતા મુજબ ચાલુ થઈ જવાનું આશ્વાસન મળે છે પણ નેટવર્કની પરિસ્થિતિ એની એ જ છે એમાં કોઈ સુધારો થતો ન હોવાની ગ્રાહકોએ રોષ ઠાલવતા જણાવ્યું હતું. કંપનીએ ત્વરીત ફરિયાદ ઉકેલીને ગ્રાહકોને સારી સુવિધા મળે તેવી માગ કરી છે. શહેરમાં જ નેટવર્કની સમસ્યા હોય ત્યાં ગામડામાં શું હાલત હશે?

# વરસાદની આગાહીના પગલે યાર્ડમાં ખુલ્લામાં જણસી ન ઉતારવા તાકીદ

**અબતક, રાજકોટ**

માર્કેટ્યાર્ડમાં કામકાજ કરતાં વેપારીભાઈઓ, દલાલભાઈઓને તાકીદ કરાય છે કે ખેતપેદાશ વેચાણ અર્થે બહારગામથી આવતાં ખેડૂતભાઈઓને હવામાન ખાતાની વરસાદની આગાહી ધ્યાને લઈ કોઈપણ ખેતપેદાશ માર્કેટયાર્ડમાં ખુલ્લા મેદાનમાં કે વરસાદને કારણે પલળી જાય તેમ ઉતારવી નહિ તેમજ અગાઉ ઉતારેલ જણસીઓને ઢાંકીને સલામત રાખવી.

પ્લેટફોર્મમાં જ તમામ ખેતપેદાશો ઉતારવાની રહેશે. પ્લેટફોર્મમાં જગ્યા ન હોય તો જે તે દલાલ/વેપારીની દુકાને/ગોડાઉને સલામત રીતે ખેત પેદાશ ઉતારવાની રહેશે તેમજ વાહનોમાં આવતી ખેતપેદાશો/પાલ સલામત રીતે ઢાંકીને ક્રમવાર વાહનો ઉભા રાખવાના રહેશે.

## નાગરિક સહકારી બેંકના સ્થાપક

# સ્વ. જન્મશંકર અંતાણીની સ્મૃતિને જીવંત રાખવા અનુરોધ કરતા યશવંત જનાણી

અબતક,રાજકોટ

સમાજ સેવા સંગઠનના યશવંત જનાણીએ રાજકોટ નાગરિક સહકારી બેંકના સ્થાપક અને પ્રથમ મેનેજીંગ ડાયરેકટર સ્વ. જન્મશંકર અંતાણીની સ્મૃતિને જીવંત રાખવા અને જૂની મુખ્ય શાખાના ચોકમાં ફરીવાર તેમના નામનું બોર્ડ બૂકવા બેંકના ચેરમેનને લેખીત રજૂઆત કરી છે. નાગરિક બેંકનું વર્ષોથી ચાલ્યું આવતું સૂત્ર છે કે,'નાના માણસોની મોટી બેંક' પરંતુ તેને બદલે મોટા માણસોની મોટી બેંક ન બને તે જોવા અનુરોધ કર્યો છે. સુધરાઈના જનરલ બોર્ડમાં નાગરિક બેંક જ્યાં બેસે છે તે પરા બજારમાં સ્વ. જન્મશંકર અંતાણી ચોક નામ આપવામાં આવેલ જ્યારે જ્યોતીન્દ્રભાઈ મહેતા ચેરમેન હતા ત્યારે તેમનું બોર્ડ ચોકમાં ફરીવાર મુકવામાં આવેલ પરંતુ કેટલાક કારણોસર બોર્ડ કાઢી નાખવામાં આવ્યુ છે, અથવા તો ચોરાઈ ગયેલ છે, તો ચેરમેન તરીકે આ બોર્ડને સિમેન્ટથી તૈયાર કરી મુકવામાં આવે જેથી કરીને નાગરિક બેન્કના પ્રથમ મેનેજીંગ ડાઈરેક્ટરસ્વ જન્મશંકર એલ અંતાણીની યાદગીરી જળવાઈ રહે. તેવો અનુરોધ કર્યો છે.

# વ્યાયામ શિક્ષકોની ભરતીને બદલે કરાર આધારિત ખેલ સહાયક લેવાશે

**અબતક, રાજકોટ**

વ્યાયામ શિક્ષકોએ તાજેતરમાં ગાંધીનગર ખાતે મહિના સુધી આંદોલન કર્યા બાદ તેમની કાયમી ભરતી કરાશે તેવું આશ્વાસન અપાયું હતું તેનું ઉલ્લંઘન કરીને સરકારે કરાર આધારિત ખેલ સહાયકના નામે ભરતી જાહેર કરી છે. જેમાં ફક્ત રૂ. ૨૧ હજારનો પગાર આપવામાં આવશે. ઉમેદવારો દ્વારા તેનો વિરોધ શરૂ કરાયો છે. ગુજરાત સરકાર એકતરફ ખેલો ગુજરાતના કાર્યક્રમ યોજે છે અને રમશે ગુજરાતના નારા આપે છે ત્યારે બીજી તરફ શાળાઓમાં વિદ્યાર્થીને શારીરિક રીતે સક્ષ્મ કરવામાં મહત્વના ભાગ ભજવતા વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતીના મહત્ત્વને સમજવા તૈયાર ન હોય તેવી છાપ ઊપસી છે. અમદાવાદમાં આગામી સમયમાં ઓલિમ્પિક રમતોત્સવ યોજવા પણ અત્યારથી તૈયારી થઈ રહી છે ત્યારે હાલના વિદ્યાર્થીઓની ભાવિ પેઢી કરાર આધારિત ખેલ સહાયકના હાથ નીચે તૈયાર થાય તેવી જાહેરાત કરાઈ છે. રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ખેલ સહાયકના નામે ભરતી કરવા માટે શિક્ષણ વિભાગે તૈયારી શરૂ કરી છે. જેમાં ૧૧ મહિનાના કરાર ઉપર વ્યાયામ શિક્ષકની ભરતી થશે અને તેમને ૨૧ હજાર રૂપિયાનો પગાર અપાશે. ૨૭ મે સુધી ઓનલાઈન અરજી કરવા માટે ૩૮ વર્ષની વય મર્યાદા રખાઈ છે.

## સરકારી નોકરીમાં બદલી ''માનવીય'' સંવેદનાથી શક્ય ???

# મ.પ્ર.ના નિવૃત થતા જજે પત્નીના બીમાર હોવા છતાં બદલી થયાનો ''વસવસો'' કર્યો !!!

## મને મારા ભાઈ ન્યાયાધીશો તેમજ જબલપુર અને ઈન્દોરના બારના સભ્યો તરફથી અપાર પ્રેમ અને સહકાર મળતા મુશ્કેલી વરદાન બની: રમણા

**અબતક, રાજકોટ**

મધ્યપ્રદેશ હાઈકોર્ટમાંથી ૨ જૂને નિવૃત્ત થઈ રહેલા ન્યાયાધીશ દુપ્પલા વેંકટ રમણાએ ગઈ કાલે તેમના વિદાય સમારોહમાં પોતાનો વસવસો વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે ૨૦૨૩માં તેમની મધ્યપ્રદેશમાં થયેલી બદલી ''તેમને હેરાન કરવાના ખરાબ ઈરાદાથી'' કરવામાં આવી હતી. તેમણે પોતાની પત્નીની ગંભીર બીમારી હોવા છતાં અન્ય રાજ્યમાં બદલી થવા અંગેની પોતાની લાગણીઓ વ્યક્ત કરી અને કહ્યું કે તેમના પરિવારે આ પીડા મૌનપણે સહન કરી. ઈન્દોર બેન્ચના કોન્ફરન્સ હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં તેમણે કોઈનું નામ લીધા વગર ઉમેર્યું, ''હું તેમના અહંકારને સંતોષવામાં ખુશ છું. હવે તેઓ નિવૃત્ત થઈ ગયા છે. ભગવાન માફ કરતા નથી કે ભૂલતા નથી... તેઓ અન્ય રીતે પણ દુ:ખ સહન કરશે.''



જસ્ટિસ રમણાએ જણાવ્યું કે તેમની બદલી કોઈ કારણ વગર કરવામાં આવી હતી અને સુપ્રીમ કોર્ટ કોલેજિયમે તેમની રજૂઆતનો કોઈ જવાબ આપ્યો નહોતો. તેમણે કોવિડ પછી ગંભીર ન્યુરોલોજીકલ ડિસઓર્ડરથી પીડાતી પત્નીની સંભાળ રાખવા માટે કર્ણાટક બદલીની વિનંતી કરી હતી. ૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ મધ્યપ્રદેશના હાઈકોર્ટના જજ તરીકે શપથ લીધા બાદ, તેમણે ૧૯ જુલાઈ, ૨૦૨૪ અને ૨૮ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ પત્નીની તબીબી સારવારના આધારે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત મોકલી હતી, પરંતુ આ રજૂઆતને ન તો ધ્યાનમાં લેવામાં આવી કે ન તો નકારી કાઢવામાં આવી.

જસ્ટિસ રમણાએ કહ્યું કે તત્કાલીન સીજીઆઈના કાર્યકાળ દરમિયાન પણ તેમણે બીજી રજૂઆત મોકલી હતી, પરંતુ કોઈ જવાબ મળ્યો નહોતો. તેમણે ઉમેર્યું, ''મને સકારાત્મક માનવતાવાદી વિચારણાની અપેક્ષા હતી. હું નિરાશ અને ખૂબ જ દુઃખી હતો.'' તેમણે એ પણ જણાવ્યું કે વર્તમાન સીજીઆઈ, બી.આર. ગવઈ, કદાચ તેના પર વિચાર કરી શકે, પરંતુ હવે ઘણું મોડું થઈ ગયું છે કારણ કે તેઓ પદ છોડી રહ્યા છે. વ્યકિતગત મુશ્કેલીઓ છતાં, જસ્ટિસ રમણાએ સ્વીકાર્યું કે તેમને મધ્યપ્રદેશમાં અપાર સમર્થન અને વ્યાવસાયિક સંતોષ મળ્યો. તેમણે કહ્યું, ''નસીબની જેમ, આ મુશ્કેલી મારા માટે વરદાનમાં ફેરવાઈ ગઈ કારણ કે મને મારા ભાઈ ન્યાયાધીશો તેમજ જબલપુર અને ઈન્દોરના બારના સભ્યો તરફથી અપાર પ્રેમ, સમર્થન અને સહકાર મળ્યો. મારી ટ્રાન્સફરથી મને હેરાન થવાની અપેક્ષા હતી, પરંતુ તેનાથી વિપરીત થયું.'' તેમણે પોતાના લાંબા ગાળાના યોગદાન બદલ આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશ બંને રાજ્યોનો આભાર માન્યો અને કહ્યું કે ''મેં ખરેખર ન્યાયની સેવા કરી છે. હું આ તકો માટે ધન્ય છું''.

# માવઠાથી ૧૧ જિલ્લાના ૫૮૨૨ ગામોમાં છવાયેલા અંધારા ૪૮ કલાકમાં ઉલેચાયા

અબતક, રાજકોટ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યના ઊર્જા વિભાગે આ કુદરતી પડકારનો સામનો કરવા માટે ઝડપી અને સંગઠિત કાર્યવાહી કરી હતી.

૫ અને ૬ મે સુધી ભારે હવામાનને કારણે વિવિધ જિલ્લાઓના ૭૩૨૭ ગામોનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જો કે, પ્રથમ ૨૪ કલાકમાં જ ૮૮ ટકાથી વધુ ગામોમાં અને બાકીના ગામોમાં ૪૮ કલાકમાં વીજળી પુનઃસ્થાપિત કરવામાં આવી. આમ, ફક્ત ૪૮ કલાકમાં જ તમામ ગામોમાં વીજળી પરત



## ૭૩૦૦થી વધુ ગામો પૈકી ૮૮ ટકાથી વધુ ગામોમાં ૨૪ કલાકમાં વીજળી પુરવઠો ફરી પૂર્વવત થયો

આવી હતી.

નુકસાનના સમારકામ માટે તેમજ શકય તેટલી ઝડપે વીજળીને પુનઃસ્થાપિત કરવા માટે વીજ વિતરણ કંપનીઓની ૧૦૨૬ ટીમો અને ટ્રાન્સમિશન કંપનીઓની ૮૭ ટીમો, જેમાં ૫૪૨૬ કુશળ કર્મચારીઓનો સમાવેશ થાય છે, તેમને તહેનાત કરવામાં આવી હતી.

ભારે હવામાનને કારણે વિવિધ જિલ્લાઓના ૭,૩૨૭ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જોકે, પહેલા ૨૪ કલાકમાં ૬,૪૨૫થી વધુ ગામડાઓમાં એટલે કે ૮૮%થી વધુ ગામોમાં વીજળી પુનઃસ્થાપિત કરવામાં આવી હતી, અને બાકીના ૯૦૨ ગામોમાં ૪૮ કલાકમાં વીજળી પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. આમ, તમામ ગામોમાં ફક્ત ૪૮ કલાકમાં જ વીજ પુરવઠો ફરીથી કાર્યરત કરવામાં આવ્યો હતો.

આ જ વિસ્તારોમાં, ૫,૮૨૨ ગામો અસરગ્રસ્ત થયા હતા, જેની આશરે ૧૨.૬૮ લાખની વસ્તીને અસર થઈ હતી. આ ગામોમાંથી ૪,૯૮૭ ગામો (૮૫ ટકાથી વધુ) માં ૨૪ કલાકમાં વીજળી પુનઃસ્થાપિત થઈ ગઈ હતી, જ્યારે બાકીના ગામોમાં ૪૮ કલાકમાં વીજળી પુનઃસ્થાપિત થઈ હતી. તે જ રીતે, ૪૮૦ પાવર ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મરને નુકસાન થયું હતું, જેમાંથી ૩૭૬ ને તાત્કાલિક પુનઃસ્થાપિત કરવામાં આવ્યા, અને અન્યને પણ ટુંક સમયમાં જ પુનઃ કાર્યરત કરવામાં આવ્યા હતા. ૨૧૬ અસરગ્રસ્ત સબસ્ટેશનમાંથી, ૨૧૫ સબસ્ટેશન્સ ૨૪ કલાકની અંદર કાર્યરત થઈ ગયા હતા, અને છેલ્લું એક પછીના ૧૨ કલાકની અંદર પુનઃસ્થાપિત કરવામાં આવ્યું હતું. ૨૩૧ ક્ષતિગ્રસ્ત ટ્રાન્સમિશન લાઈનોમાંથી, ૨૧૦ લાઈનોમાં ૪૮ કલાકમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો.

## ૨૦,૩૪૯ ફીડર પર ૩૮ લાખ વીજ વિક્ષેપનો ૩૦ મિનિટમાં જ ઉકેલ આવ્યો

ગુજરાત રાજ્યના ઊર્જા વિભાગ દ્વારા ગયા વર્ષે પણ વીજ પુનઃસ્થાપન માટે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી હતી. ૨૦,૩૪૯ ફીડર પર ૩૮ લાખ વીજ વિક્ષેપ હોવા છતાં, રાજ્યએ બધા ફીડર પર સરેરાશ દૈનિક ૨૩ કલાક ૩૦ મિનિટનો વીજ પુરવઠો જાળવી રાખ્યો હતો. મોટા ભાગના વિક્ષેપો ૩૦ મિનિટમાં પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. દેશના ગ્રોથ એન્જિન તરીકે ગુજરાતે સાબિત કર્યું છે કે, તે સક્રિય આયોજન, ઝડપી પ્રતિભાવ અને ટેક્નોલોજીના સમન્વય દ્વારા કુદરતી આફતોનો સામનો કરવા માટે હંમેશા તૈયાર

# ભારતે દુનિયાભરને એકતાની તાકાત બતાવી દીધી છે: રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

## રાજભવન ખાતે રાજ્યપાલની ઉપસ્થિતિમાં ગોવા, સિક્કિમ અને મહારાષ્ટ્ર રાજ્યના સ્થાપના દિવસની ઉજવણી

અબતક, રાજકોટ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરના પહેલગાંવમાં થયેલા અમાનવીય કૃત્યનો આપણે મક્કમતાથી બદલો લીધો છે અને સમગ્ર દુનિયાને આપણી એકતાની તાકાત બતાવી છે. આ એટલે થઈ શક્યું કે, ભારતમાં વસનાર હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈશાઈ, જૈન, બૌદ્ધ, પારસી સહિત તમામ ધર્મ અને જાતિના લોકો માતૃભૂમિ માટે સમર્પિત છે. દ્રઢ રાજકીય ઈચ્છાશકિત અને ત્રણેય સેનાની વીરતાના પરિણામે દેશના દુશ્મનો ગણતરીના સમયમાં ઘૂંટણીયે પડી ગયા.



રાજભવન ખાતે ગોવા, સિક્કિમ અને મહારાષ્ટ્ર રાજ્યના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવનના આમંત્રણ પર આ કાર્યક્રમમાં પધારેલા ગોવા, સિક્કિમ અને મહારાષ્ટ્રના ગુજરાતમાં વસતા લોકોને આવકારીને તેમનું સ્વાગત કર્યું હતું તથા સ્થાપના દિવસ માટે અભિનંદન પાઠવ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી અમિતભાઈ શાહની પહેલથી દેશના તમામ રાજભવનોમાં વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ઉમેર્યું કે, ગુજરાતની પાવન ધરાના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલે સ્વતંત્ર ભારતના દેશી રજવાડાઓને એકતાના તાંતણે બાંધીને દેશને એક પરિવારનું સ્વરૂપ આપ્યું હતું. કોઈ પણ રાજ્યના આપણા રાજ્યમાં વસતા અને સેવા આપતા લોકો આપણા જ રાજ્યનો હિસ્સો છે. આપણે સૌ એક પરિવારના સભ્યો છીએ. આપણે એકબીજાના સહયોગી બનીએ, એકબીજાથી પરિચય કેળવીએ અને એકબીજાને આગળ વધવામાં મદદ કરીએ તે જ આ કાર્યક્રમ પાછળનો મુખ્ય હેતુ છે.

આ કાર્યક્રમમાં ગોવા, સિક્કિમ અને મહારાષ્ટ્ર તથા ગુજરાતના યુવા કલાકારો દ્વારા સાંસ્કૃતિક નૃત્યોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ અવસરે રાજ્યપાલશ્રીના હસ્તે સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરનાર કલાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લેડી ગવર્નર દર્શના દેવીજી, રાજ્યપાલના અગ્ર સચિવ અશોક શર્મા, એન્ટીકરપ્શન બ્યુરો અમદાવાદના અધિક નિયામક બિપિન આહિરે, ઈન્ટેલિજન્સ બ્યુરો ગાંધીનગરના પોલીસ અધિક્ષક મયુર પાટીલ, સુરક્ષા દળોના ઉચ્ચ અધિકારી તેમજ ગુજરાતમાં વસતા ગોવા, સિક્કિમ અને મહારાષ્ટ્રના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માતૃશોકમાં વ્યથિત મંત્રી ઋષિકેશ પટેલને સાંત્વના પાઠવતા રાજ્યપાલ

અબતક, રાજકોટ



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના માતા કમળાબહેન પટેલને તેમના નિવાસ સ્થાને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ શોક સંતૃપ્ત પરિજનોને સાંત્વના પાઠવી સંવેદના વ્યકત કરી હતી. રાજ્યપાલએ આરોગ્યમંત્રીના સ્વર્ગસ્થ માતા કમળાબહેનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

રાજ્યપાલની સાથે જિલ્લા કલેકટર એસ.કે.પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી ડો. હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષક તરુણ દુગ્ગલ સહિત સ્થાનિક અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી આ દુઃખની ઘડીમાં સહભાગી બન્યા હતા.

# ગુજરાતની સહકારી બેન્કોની ડિપોઝીટમાં એક વર્ષમાં રૂ.૧૧૦૯૫ કરોડનો વધારો

## નવા ૨૩,૯૪,૯૦૦ બેન્ક ખાતાઓ ખૂલ્યાઃ ''સહકારી સંસ્થા વચ્ચે સહકારની ભાવના''ના સિદ્ધાંતના અમલીકરણની નવીન પહેલ ગુજરાતે શરૂ કરી

અબતક, રાજકોટ

વડાપ્રધાનના ''સહકારથી સમૃધ્ધિના'' વિઝનને સાકાર કરવા ભારત સરકારે રાજ્ય સરકારોના સંકલનથી સહકાર આધારિત આર્થિક મોડેલને મજબુત કરવા અનેક પગલાઓ લીધા છે. સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રેઝેન્ટેશન મારફત ''કોઓપરેશન અમોન્ગસ ધ કોઓપરેટિવ'' પાયલટ પ્રોજેક્ટની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

આખા દેશમાં આ પહેલના અમલ માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે ગુજરાત રાજ્યના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાની જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કોને પસંદ કરવામાં આવી હતી. પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લામાં આવેલ તમામ દૂધ મંડળીઓ તથા પેક્સ મંડળીઓ તથા તેમના સભાસદોના ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ખોલવામાં આવ્યા હતા. પેક્સ સહકારી મંડળીઓ તથા દૂધ સહકારી મંડળીઓને બેંક મિત્ર બનાવવામાં આવ્યા. પેકસ તથા દૂધ મંડળીઓના સભાસદો દ્વારા વધુમાં વધુ ડિજિટલ ટ્રાન્ઝેકશન કરવામાં આવે તે માટે મંડળીના મકાનમાં માઈક્રો-એટીએમ તથા એ.ટી.એમ. પુરા પાડવામાં આવ્યા તેમજ મંડળીના સભાસદોને ડિજીટલ ટ્રાન્ઝેકશન કરવા જરૂરી તાલીમ પણ આપવામાં આવી. રાજ્ય સરકાર દ્વારા આ પ્રોજેક્ટને ૧૫ મે, ૨૦૨૪થી આખા રાજ્યમાં અમલમાં મુકેલ છે. જેના કારણે અત્યાર સુધીમાં જિલ્લાની મધ્યસ્થ સહકારી બેંકોમાં કુલ-૨૩,૯૪,૯૦૦ નવા ખાતાઓ ખુલેલ છે. બેંકની ડિપોઝીટમાં ૧૧૦૯૫ કરોડનો વધારો થયેલ છે.

૬૮૮૯ નવા માઈક્રો એ.ટી.એમ. આપવામાં આવેલ છે. ૬૮૫૬ દુધ/પેકસ મંડળીઓને બેંક મિત્ર બનાવવામાં આવેલ છે. ૨,૨૭,૫૩૭ નવા રૂપે કે.સી.સી કાર્ડ ઈશ્યુ કરવામાં આવેલ છે.

બેંકો દ્વારા ૩,૩૫,૨૯૯ જેટલા નવા કેસીસી તથા કેસીસી (એએચ) આપવામાં આવેલ છે.

આ પ્રોજેકટના કારણે ગ્રામ્ય કક્ષાએ માઈક્રો એ.ટી.એમ મારફતે થતા ટ્રાન્ઝેકશનની સંખ્યામાં વધારો થયેલ છે. પ્રોજેકટના અમલીકરણ બાદ ૮૪.૯૬ લાખ ટ્રાન્ઝેકશન મારફતે રૂ.૬૧૭૦ કરોડનું ટ્રાન્ઝેકશન થયેલ છે.ગુજરાતમાં આ પહેલના અમલીકરણથી મળેલ સફળતાના આધારે આ પહેલ સમગ્ર ભારતમાં અમલમાં મુકવામાં આવેલ છે. બેઠકમાં સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રેઝેન્ટેશન મારફત ''કોઓપરેશન અમોન્ગસ ધ કોઓપરેટિવ'' પાયલટ પ્રોજેક્ટની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. સાથે જ, સહકાર રાજ્ય મંત્રીએ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલી કામગીરીને વધુ વેગવાન બનાવવા માટે જરૂરી સૂચનો કાર્ય હતા તેમજ યોગ્ય માર્ગદર્શન પણ પૂરૂ પાડ્યું હતું.

સહકાર ક્ષેત્રમાં સહકારિતાને વેગ આપવાના આ મહત્વકાંક્ષી પ્રોજેકટની સમીક્ષા બેઠકમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તેમજ બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન દિલીપ સંઘાણી, અમૂલના ચેરમેન શામળભાઈ પટેલ સહિત રાજ્યભરના દૂધ સંઘો તેમજ વિવિધ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોના ચેરમેન, મેનેજીંગ ડાયરેકટરો, સીઈઓ તેમજ સહકાર વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સોશિયલ મીડિયાનો 'વાયરસ' ટીનેજર્સને દેશ વિરોધી પ્રવૃતિમાં જોડી રહ્યો છે?

# હરામી લોકોના ઈશારે બે લવરમૂછીયાએ ૫૦ જેટલી વેબસાઈટ પર સાયબર એટેક કર્યો

અબતક, રાજકોટ

ગુજરાત એટીએસ દ્વારા ખેડા જીલ્લાના નડીયાદથી જસીમ અંસારી નામના સાયબર આતંકીને તેના સગીર સાગરિત સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. દેશ વિરોધી માનસિકતા ધરાવતો હોઈ સરકારી વેબસાઈટોને ટાર્ગેટ કરતો હોવાનો તેના પર આરોપ છે. જેને લઈ તેની વિરૂધ્ધ આઈટી એક્ટ અને સાયબર ટેરરિઝમ હેઠળ ગુનો નોંધાયો છે. સમગ્ર મામલે એટીએસ દ્વારા વધુ તપાસને લઈ રિમાન્ડ માટે જસીમને નડીયાદ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટ દ્વારા પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવતા એટીએસ દ્વારા હાલ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## એટીએસની ટીમે નડિયાદમાંથી બંનેને ઝડપી પાડ્યા : સાયબર ટેરીરીઝમનો ગુનો

જસીમ અંસારી ઓનલાઈન પ્લેટફોર્મથી હેકિંગ કરવાનું શીખ્યો હતો. તે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોની વેબ સાઈટને નિશાન બનાવતો હતો. તેણે ટેલિગ્રામ પર એનોનસેક નામથી ગ્રુપ બનાવ્યું હતું.એપ્રિલ-મે માં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ પચાસ જેટલી વેબસાઈટને ટાર્ગેટ બનાવી હતી. જે વેબસાઈટને તેઓ હેક કરતા તેને ચેક પણ કરતા હતા. જે બાદ સાઈટ ડાઉન થઈ ગઈ છે તેના પુરાવા પણ તેમના ગ્રુપમાં મુકતા હતા. ડીફેન્સ, ફાયનાન્સ, એવિએશન, અર્બન ડેવલપમેન્ટ તેમજ રાજ્ય સરકારની વિવિધ વેબસાઈટોને નિશાન બનાવી હતી. સરકારી સાઈટને હેક કર્યા બાદ તે ગ્રુપમાં તેના પુરાવા મૂકતો અને ભારત વિરોધી લખાણ લખતો હતો.

આ બાબત આરોપીઓ જાતે ઓનલાઈન શીખ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. આમાં તેમને અન્ય કોઈ રીતે સહાય મળી હોય તો તે બાબતે તપાસ કરાઈ રહી છે.

હાલના તબક્કે દેશ વિરોધી માનસિકતાને લઈ આ પ્રકારના કૃત્યો કરતા હોવાનું સામે આવી રહ્યું છે. તપાસમાં છેલ્લા છ-આઠ મહિનાથી આ પ્રવૃત્તિ કરતા હોવાની પણ વિગતો મળી છે. આઈટી એકટ અને સાયબર ટેરરિઝમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મેળવી એટીએસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.આરોપી જસીમ અંસારી નડિયાદના મજુર ગામ વિસ્તારનો રહેવાસી છે. તેના પિતા નડિયાદમાં ગેરેજ ચલાવે છે.

હાલ તે અભ્યાસ કરી રહ્યો છે. એટીએસની પ્રાથમિક તપાસમાં દેશ વિરોધી માનસિકતા ધરાવતો હોઈ વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મથી હેકિંગ કરવાનું શીખી આ પ્રવૃતિ કરતો હોવાની વિગતો સામે આવી છે.

# ઝારખંડ શરાબ કૌભાંડમાં મુખ્ય સચિવ અને એકસાઈઝ સંયુક્ત કમિશનરની ધરપકડ

અબતક, રાજકોટ

ઝારખંડ ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી) એ મંગળવારે રાજ્યમાં કથિત દારૂ કૌભાંડમાં સંડોવણી બદલ વરિષ્ઠ આઈએએસ અધિકારી વિનય કુમાર ચૌબે અને એકસાઈઝ વિભાગના સંયુક્ત કમિશનર ગજેન્દ્ર કુમાર સિંહની ધરપકડ કરી હતી.

૧૯૯૯ બેચના આઈએએસ અધિકારી ચૌબે, જે હેમંત સોરેનના મુખ્યમંત્રી તરીકેના અગાઉના કાર્યકાળમાં તેમના સચિવ હતા. હાલમાં પંચાયતી રાજ વિભાગના મુખ્ય સચિવ છે. તેમણે સોરેન સરકાર દરમિયાન રાજ્ય એકસાઈઝ વિભાગના સચિવ અને ઝારખંડ સ્ટેટ બેવરેજીસ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપી

## સરકારી તિજોરીને રૂ.૩૮ કરોડનું નુકસાન પહોંચાડ્યાના આરોપસર એસીબીની કાર્યવાહી



હતી, જેના કારણે રાજ્યની નવી એકસાઈઝ નીતિ અમલમાં આવી હતી.એસીબીએ ચૌબે અને સિંહ પર ઝારખંડ સરકારને છેતરવાનો આરોપ મૂક્યો છે, જેના કારણે રાજ્યના તિજોરીને ૩૮ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. અધિકારીઓએ નિયમોનું પાલન કર્યા વિના દારૂ નીતિ હેઠળ પ્લેસમેન્ટ એજન્સીઓ પસંદ કરવા માટે તેમના હોદ્દાનો દુરુપયોગ કર્યો હતો એસીબીએ જણાવ્યું હતું.

ધરપકડ પહેલા બંને અધિકારીઓની એસીબી ઓફિસમાં લગભગ પાંચ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને સ્પેશિયલ એસીબી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, જ્યાં તેમને ૩ જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા. ચૌબે, સિંહ અને અન્ય લોકો સામે ભ્રષ્ટાચાર નિવારણ કાયદાની સંબંધિત કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

# ભારતના પરમાણુ ઉર્જા કાર્યક્રમના પિતામહ એમ.આર. શ્રીનિવાસનનું ૯૫ વર્ષની વયે નિધન

## ડો. હોમી ભાભા સાથે ભારતના પ્રથમ પરમાણુ સંશોધન રિએક્ટર અપ્સરાના નિર્માણમાં તેમની ભૂમિકા અનમોલ

અબતક, રાજકોટ

ભારતના અગ્રણી પરમાણુ વૈજ્ઞાનિક અને ભૂતપૂર્વ પરમાણુ ઉર્જા આયોગના અધ્યક્ષ, ડો. એમ.આર. શ્રીનિવાસનનું ૯૫ વર્ષની વયે અવસાન થયું છે. તેઓ ભારતના પરમાણુ ઉર્જા કાર્યક્રમના વિકાસમાં પાયાની ભૂમિકા ભજવવા અને આ ક્ષેત્રે આત્મનિર્ભરતા લાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપવા માટે જાણીતા હતા. હોમી જે. ભાભા સાથે મળીને તેમણે ભારતના પ્રથમ પરમાણુ સંશોધન રિએક્ટર, અપ્સરાના નિર્માણમાં અનમોલ ભૂમિકા ભજવી હતી, જે ઓગસ્ટ ૧૯૫૬માં કાર્યરત થયું. તેમની કારકિર્દી વિક્રમ સારાભાઈ, હોમી સેઠના અને ડો. રાજા રમન્ના જેવા દિગ્ગજો સાથે ગાઢ રીતે સંકળાયેલી હતી.ન્યુકિલયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડના સ્થાપક-અધ્યક્ષ તરીકે, તેમના નેતૃત્વ હેઠળ ૧૮ પાવર યુનિટ વિકસાવવામાં આવ્યા, જે ભારતના ઉર્જા ક્ષેત્રમાં તેમની દીર્ઘદ્રષ્ટિ દર્શાવે છે. ૧૯૮૭માં તેઓ પરમાણુ ઉર્જા વિભાગના સચિવ અને પરમાણુ ઉર્જા આયોગના વડા



બન્યા. તેમને ''દેશમાં પરમાણુ શકિતનો ચાલતો શબ્દકોશ'' ગણાવવામાં આવતા હતા.

ડો. શ્રીનિવાસનનો જન્મ ૫ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ કર્ણાટકમાં થયો હતો. તેમણે ૧૯૫૦માં મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી મેળવી અને ૧૯૫૪માં મેકગિલ યુનિવર્સિટીમાંથી પીએચડીની ડિગ્રી મેળવી. ૧૯૫૫માં તેઓ અણુ ઊર્જા વિભાગમાં જોડાયા અને ભાભા સાથે કામ કર્યું. ભારતના પરમાણુ ઊર્જા કાર્યક્રમમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ તેમને ૨૦૧૫માં પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવોએ તેમને ભારતના પરમાણુ ઉર્જા કાર્યક્રમના ''આધારસ્તંભ'' અને ''સાચા રાષ્ટ્ર નિર્માતા'' ગણાવ્યા હતા.

**તરસ લાગે ત્યારે જ...!!!**

# રહી રહીને તંત્ર જાગ્યું: ચોમાસુ નજીક આવતા જ ૬૬ તળાવો ઊંડા કરવાનો વિચાર પ્રગટ્યો!!!

## સુજલામ સુફલામ, કેચ ધ રેઈન અભિયાન હેઠળ રાજકોટ જિલ્લામાં ૧૪૫ કામો મંજૂર કરાયા, જિલ્લાના ૬૬ તળાવો ઊંડા ઉતારાશે, ૧૩ ચેકડેમોના રીપેરીંગ કરાશે જો કે આ બધા વચ્ચે વરસાદે પણ દસ્તક આપી દેશે તો હવે જોવું રહેશે કે આ કામો ચોમાસા પહેલા પૂર્ણ થશે કે કેમ?



**અબતક, રાજકોટ**

ગુજરાત ઉપર મેઘરાજા મહેરબાન થયા છે. મેઘરાજા તો કુદરતના ક્રમ મુજબ તેની મહેરબાની વરસાવતા જ રહે છે પરંતુ જવાબદાર તંત્ર જ એવી બેજવાબદારીથી વર્તે છે કે વરસાદની રાહત લોકો માટે થોડા સમય પૂરતી તો આફત બની જ જાય છે. ચોમાસુ નજીક આવતા જ રાજકોટના ૬૬ તળાવો ઉંડા કરવાનો વિચાર પ્રગટ્યો છે. જો કે ચોમાસુ ગુજરાતમાં વહેલું આવવાનું હોય ત્યારે આ તળાવો અને ચેકડેમો ઉંડા કઈ રીતે થશે તે પણ એક પ્રશ્ન છે. રાજ્યમાં ચોમાસાના પાણી થકી ભૂગર્ભ જળસંચય કરવાના મુખ્ય હેતુસર સુજલામ સુફલામ જળ અભિયાન -'કેચ ધ રેઈન-૨.૦' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં હાલ જળસંપત્તિ વિભાગના ૧૪૫ જેટલાં કામો મંજૂર કરવામાં આવ્યા છે. આ અભિયાન હેઠળ જળસંચયનાં જુદા-જુદા કામોનું આયોજન કરવા માટે હાલમાં યોજાયેલી બેઠકમાં જણાવાયું હતું કે, જિલ્લામાં વરસાદી પાણીના સંગ્રહ માટે જળસંપત્તિ વિભાગના વિવિધ પ્રકારના ૧૫૪ જેટલા કામોમાંથી ૧૪૫ કામો મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં ચેકડેમ ડીશીલ્ટીંગનાં ૨૦ કામો, ચેકડેમ રીપેરીંગનાં ૧૩ કામોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ૬૬ તળાવો ઊંડા ઉતારવામાં આવશે. એક નદીને પુનઃજીવિત કરવામાં આવશે, ૩૯ નદીઓ તથા એક વોકળાની સાફસફાઈ કરાશે. અત્યાર સુધીમાં જળાશય ડીશીલ્ટીંગનાં ૦૨ કામો, બે તળાવના પાળા અને વેસ્ટ વિયરનું મજબુતીકરણની કામગીરી અને એક અનુશ્રવણ તળાવની કામગીરી સંપન્ન થઈ છે.

હવે અન્ય જે જાહેરાતો કરવામાં આવી છે તે ચોમાસા પૂર્વે પૂર્ણ થશે કે કેમ? હાલમાં ૧૦૨ કામો પ્રગતિ હેઠળ છે.સુજલામ સુફલામ, કેચ ધ રેઈન અભિયાન હેઠળ રાજકોટ જિલ્લામાં ૧૪૫ કામો મંજૂર કરાયાંજિલ્લામાં ૬૬ તળાવો ઊંડા ઉતારાશે, ૧૩ ચેકડેમોના રીપેરીંગ કરાશે જો કે આ બધા વચ્ચે વરસાદે પણ દસ્તક આપી દીધી છે. હવે જોવું રહેશે કે આ કામો આ વર્ષે જ પૂર્ણ થશે કે કેમ?

---

**રેલવે બોર્ડને દરખાસ્ત મોકલાઈ**

# હવે કન્ફર્મ ટિકિટ વગર મુંબઈ અને ગુજરાતના ૧૨ સ્ટેશન પર 'નો-એન્ટ્રી'

**અબતક, રાજકોટ**

રેલવે સ્ટેશનોએ હાલ કોઈપણ વ્યક્તિ સરળતાથી દાખલ થઈ શકે છે. તેને બદલે હવે મહત્વનાં રેલવે સ્ટેશનો પર પણ મેટ્રો જેવી એક્સેસ કન્ટ્રોલ સિસ્ટમ અસ્તિત્વમાં આવશે. મતલબ કે પ્રવાસીની ટિકિટ સ્કેન થયા બાદ જ તેને રેલવે સ્ટેશનમાં એન્ટ્રી મળશે.

મુંબઈ અને ગુજરાતનાં ૧૨ મહત્વનાં સ્ટેશનોએ આવી સિસ્ટમ લાગુ કરવા માટે વેસ્ટર્ન રેલવે દ્વારા

## મુંબઈનાં બોરીવલી, અંધેરી, બાંદરા, ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરત સહિતનાં સ્ટેશનો સામેલ



રેલવે બોર્ડને દરખાસ્ત મોકલાઈ છે. મુંબઈનાં સ્ટેશનોમાં બોરીવલી, અંધેરી અને બાંદરા ટર્મિનસનો સમાવેશ થાય છે. આમાંથી બોરીવલી અને બાંદરા ટર્મિનસથી ગુજરાત આવતી જતી ટ્રેનો થોભે છે. બીજી તરફ અંધેરી મુંબઈનું વેસ્ટર્ન લાઈનનું લોકલ ટ્રેનોનું મહત્વનું મથક છે. અહીંથી જ મેટ્રો સેવાઓ સાથે ઈન્ટરચેન્જ પણ સામેલ છે. હાલ સંખ્યાબંધ રેલવે સ્ટેશનોએ ભાગદોડના બનાવો બને ત્યારે રેલવે કેટલાક દિવસો માટે મોટાં સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટસનું વેચાણ અટકાવી દે છે. જોકે, ભવિષ્યમાં મોટાં સ્ટેશનો પર કન્ફર્મ ટિકિટ હોય તેમને જ સ્ટેશનમાં એન્ટ્રીની સિસ્ટમ આવી ગયા બાદ આવા કામચલાઉ પ્રતિબંધો લાદવાની જરૂર પણ નહીં રહે.

### સ્ટેશનોમાં ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ફેરફાર થશે

આ બાબત હજી પ્રારંભિક તબક્કે છે. ફક્ત નામોની યાદી રેલવે બોર્ડને મોકલાઈ છે. જો તેને મંજૂરી મળી તો સંબંધિત સ્ટેશનોએ ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતા કેટલાક ફેરફાર થશે. આ સ્ટેશનોના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટસ સુનિશ્ચિત કરી ત્યાં સ્કેનર્સ બેસાડવામાં આવશે. પ્રવાસીઓ પોતાની ટિકિટ સ્કેન કરાવ્યા બાદ જ સ્ટેશનની અંદર પ્રવેશી શકશે. તેના કારણે પ્લેટફોર્મ પરની ભીડ નિવારી શકાશે. આ ઉપરાંત રેલવે સ્ટેશનોએ સલામતી અને ચોખ્ખાઈની જાળવણીમાં પણ મદદ મળશે.

### ગુજરાતના કયા સ્ટેશનો સમાવેશ

ગુજરાતનાં અમદાવાદનાં કાલુપુર સ્ટેશન ઉપરાંત અસારવા તથા સાબરમતી સ્ટેશનો તેમજ વડોદરા, સુરત, વાપી, ઉધના સહિતનાં સ્ટેશનો પણ આ યાદીમાં સામેલ છે. મધ્યપ્રદેશનાં ઉજ્જૈન સ્ટેશને પણ આ સિસ્ટમ લાગુ પાડવા સૂચવાયું છે. હાલ રેલવે દ્વારા દેશભરનાં અનેક સ્ટેશનોનાં રિડમોડેલિંગ પ્રોજેક્ટ હાથ ધરાયા છે. રેલવે સ્ટેશનો પર હાલ કોઈપણ વ્યક્તિ સરળતાથી પહોંચી શકે તેવી પ્રથા નાબૂદ કરી એક્સેસ કન્ટ્રોલનો નિર્ણય લેવાયો છે. ઉધના જેવાં સ્ટેશનોએ અગાઉ ભારે ભીડના કારણે ભાગદડના બનાવો બન્યા હોવાથી ત્યાં પણ કન્ફર્મ ટિકિટ ધરાવતા પ્રવાસીઓને જ એન્ટ્રીનું વિચારાયું છે.

---

# આર્ચીનું ઈનોવેશન: પ્રથમવાર મરીન સેક્ટરમાં એઆઈના ઉપયોગ થકી આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળકી

## ચેમ્બર પ્રમુખ વી. પી વૈષ્ણવની પૌત્રી આર્ચીએ ઓઝોન પ્યુરિફિકેશન આધારિત પ્રદૂષિત પાણીને ચોખ્ખું કરવા બદલ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચોથો ક્રમ મેળવ્યો



તસ્વીર: કરન જોગલ

અબતકની શુભેચ્છા મુલાકાતમાં આર્ચી વૈષ્ણવ એ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

કહેવત છે ને કે, પાણી પહેલા પાળ બાંધવી જોઈએ,એટલે કે કોઈ મુસીબત આવે એ પહેલાં જ તેનો ઉપાય શોધી લેવામાં આવે તો મુશ્કેલી ન રહે. આ કહેવતને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવની પૌત્રી અને રાજકોટ એન્જીનીયરીંગ એસોસિએશનના ડિરેક્ટર સમીર વૈષ્ણવની દીકરી આર્ચીએ સાર્થક કરી બતાવી છે. મરીન સેક્ટરમાં સૌ પ્રથમ વખત એઆઈ નો ઉપયોગ કર્યો છે. અબતકની શુભેચ્છા મુલાકાતમાં રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના ડિરેક્ટર સમીર વૈષ્ણવ અને પુત્રી આર્ચીએ વધુ વિગતો આપી , ટેક્નિક-પ્રોજેક્ટને કતારની રાજધાની દોહામાં આયોજિત આંતરરાષ્ટ્રીય રોબોટિક્સ સ્પર્ધામાં રજૂ કરી ભારતનું પ્રતિનિધિત્વ હતું, આ સ્પર્ધામાં ૨૪ દેશની ૧૨૫ ટીમે ભાગ લીધો હતો. જેમાં આ પ્રોજેકટ ૪ થા ક્રમે વિજેતા થતા આર્ચીએ ભારત દેશનું ગૌરવ વધાર્યું છે.

આ પ્રોજેકટને સફળ બનાવવા શૈક્ષણિક અભ્યાસ ક્રમ ચાલુ હતો તે દરમ્યાન ૩ કલાક અને જ્યારે વેકેશન પડ્યું ત્યારે રોજની ૮ કલાક સીએસ સ્ટીમ લેબ માં સમય ફાળવતી હતી.દોહા ખાતે રજૂ કર્યા પહેલા રાષ્ટ્રીય કક્ષાએ જ્યારે આ પ્રોજેકટ રજૂ કર્યો ત્યારે તેને બીજો ક્રમ મળ્યો હતો.

ત્યારબાદ આ પ્રોજેકટને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રજૂ કરવાનો ચાન્સ મળ્યો ત્યારે બસ મનમાં એક જ નિર્ણય કર્યો હતો કે વૈશ્વિક કક્ષાએ ભારત દેશનું ગૌરવ વધારવું જ્યારે મારો ચોથો ક્રમ જાહેર થયો અને વિદેશની ધરતી પર જ્યારે ભારત દેશનું નામ ગુંજી ઉઠ્યું ત્યારે દેશનું ગૌરવ વધાર્યું હોવાનો મનમાં ઉત્સાહ અને ઉમંગ હતો.

અલગ અલગ દેશોના ૩૩ જ્યૂરી મેમ્બરની ટીમે અલગ અલગ પેરામીટર ચકાસી ને આ પ્રોજેકટને પસંદ કર્યો હતો. આ માટે સીએસ સ્ટીમ લેબ ઊર્મિલા રાણાવા અને સર પ્રીતેશ રાણાવાનું વિશેષ માર્ગદર્શન મળી રહ્યું છે. તેમજ મારા પરિવાર તરફથી ખૂબ જ પ્રોત્સાહન મળ્યુ છે.આ સિવાય આ સ્પર્ધામાં સીએસ સ્ટીમ લેબ ના વરાન પરસાણા અને જહાન વિરડાએ કાર્બન કેપ્ચર યુનિટ વિષયક પ્રોજેકટ રજૂ કર્યો હતો. જેમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી વાયુ મડળમાં રહેલા કાર્બન કેવી રીતે અસરકારક રીતે કેપ્ચર કરી શકાય એ રજ કર્યો હતો. જેને એપ્રિસીઈશન એવોર્ડ પ્રાપ્ત થયો છે અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ ભારત દેશનું ગૌરવ વધાર્યું છે.

### ભવિષ્યનો વિચાર કરીને, પાણીનું સંરક્ષણ કરી પ્રદૂષિત પાણીને શુદ્ધ કરીને તેનો પુનઃ ઉપયોગ કરવાનો ઉદ્દેશ્ય



૧૧ વર્ષની આર્ચી વૈષ્ણવે જણાવ્યું કે, મોટાભાગના સેગમેન્ટમાં એઆઈ નો ઉપયોગ સામાન્ય બની ગયો છે, પરંતુ મરીન સેક્ટરમાં હજુ તેનો પૂરતો ઉપયોગ થયો નથી. આ એક ગેપ હતો જે ભરવાનો તેણે વિચાર કર્યો.: સૌરાષ્ટ્ર સહિત સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસરો જોવા મળી રહી છે. આના કારણે પાણીની અછત અને પ્રદૂષિત પાણીનો પ્રશ્ન વધુ જટિલ બન્યો છે. ભવિષ્યનો વિચાર કરીને, પાણીનું સંરક્ષણ કરવાનો અને પ્રદૂષિત પાણીને શુદ્ધ કરીને તેનો ફરીથી ઉપયોગ કરવાનો છે. આનાથી પર્યાવરણીય સમસ્યાઓ હળવી કરી શકાય. આ પ્રોજેક્ટ ઓઝોન પ્યુરિફિકેશન ટેકનોલોજી પર આધારિત છે. ઓઝોન એક શક્તિશાળી ઓક્સિડાઈઝિંગ એજન્ટ છે જે પાણીમાં રહેલા પ્રદૂષકો, બેક્ટેરિયા અને વાયરસનો નાશ કરીને તેને શુદ્ધ કરવામાં મદદ કરે છે.આ પદ્ધતિમાં રોબોટની મદદ લેવામાં આવે છે.

આ રોબોટિક સિસ્ટમ પ્રદૂષિત પાણીને ચોખ્ખું બનાવવામાં અને તેનો વપરાશ શક્ય બનાવવામાં મદદ કરશે. પ્રદૂષિત પાણીને શુદ્ધ કરીને તેનો ફરીથી ઉપયોગ કરવાથી પર્યાવરણ પરનો બોજ ઓછો થશે અને જળ પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળશે.આ પ્રોજેક્ટ પર્યાવરણીય પડકારોનો સામનો કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની એક નવી દિશા છે અને પાણી સંરક્ષણ તેમજ શુદ્ધિકરણના ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપી શકે છે.

---

# વડાપ્રધાન સોમવારે ૯૦૦૦ એચ.પી. નું પ્રથમ લોકોમોટિવ એન્જિન દેશને કરશે સમર્પિત

## દાહોદમાં 'મેઈક ઈન ઈન્ડિયા' અભિગમ સાથે ૨૦ હજાર કરોડના ખર્ચે તૈયાર થયું છે રેલ્વે પ્રોડક્શન યુનિટ, લોકોમોટિવ એન્જિન પર લખાશે 'મેન્યુફેક્ચરિંગ બાય દાહોદ'






**અબતક રાજકોટ**

ઓપરેશન સિંદૂર બાદ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત પોતાના વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન ૨૬ અને ૨૭મેએ ગાંધીનગર, કચ્છ અને દાહોદ એમ ત્રણ જિલ્લામાં આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે. કચ્છના ભુજમાં મીરજાપર રોડ પર જાહેર સભા બાદ તેઓ માતાના મઢ આશાપુરા મંદિરના દર્શન કરશે. ઉલ્લેખનીય છે કે, દાહોદ ખાતે ૨૦ હજાર કરોડના ખર્ચે રેલ્વે પ્રોડક્શન યુનિટનું નિર્માણ થયું છે, જેમાં બનેલા ૯૦૦૦ એચપીના પ્રથમ લોકોમોટિવ એન્જિનનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ૯૦૦૦ એચપીના ૬ એક્સલવાળા ઈલેક્ટ્રિક એન્જિનની સરેરાશ ઝડપ ૭૫ કિ.મી. કલાક રહેશે. પશ્ચિમ બંગાળના ખડગપુર, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ, છત્તીસગઢના રાયપુર અને મહારાષ્ટ્રના પૂણે ડેપોમાં આ એન્જિનનું મેઈન્ટેનન્સ કરવામાં આવશે.

### મેન્યુફેક્ચરિંગ બાય દાહોદ: આગામી ૧૦ વર્ષમાં તૈયાર થશે ૧૨૦૦ જેટલા લોકોમોટિવ એન્જિન

દાહોદ ખાતે પીપીપી મોડલ પર તૈયાર થયેલા રેલ કારખાનામાં ૧૦ વર્ષમાં ૧૨૦૦ એન્જિન તૈયાર કરવામાં થશે અને ભવિષ્યમાં તેને દેશ-વિદેશમાં એક્સપોર્ટ કરવામાં આવશે. દાહોદમાં બનેલા લોકોમોટિવ એન્જિનને આગામી સમયમાં ૧૦૦% મેઈક ઈન ઈન્ડિયાના તર્જ પર બનાવવામાં આવશે. આ લોકોમોટિવ એન્જિનની ખાસિયત એ છે કે, તે ૪૬૦૦ ટનના કાર્ગો વહન કરવાની ક્ષમતા ધરાવે છે. એન્જિનમાં પ્રથમ વખત ચાલક માટે એસી તેમજ ટોયલેટ મૂકવામાં આવ્યા છે. આ સાથે દુર્ઘટનાથી બચવા માટે કવર સિસ્ટમ પહેલેથી જ લગાવવામાં આવ્યા છે. દાહોદમાં ૨૦ હજાર કરોડના ખર્ચે તૈયાર થયેલા રેલ કારખાનામાં આગામી ૧૦ વર્ષમાં ૧૨૦૦ જેટલા લોકોમોટીવ એન્જિન તૈયાર થવાના છે. દાહોદમાં હાલ ૪ એન્જિન હમણાં તૈયાર થઈ રહ્યા છે. આ તમામ એન્જિન ઉપર મેન્યુફેકચરિંગ બાય દાહોદ લખાશે.

### દાહોદમાં નિર્મિત રેલવે પ્રોડક્શન યુનિટ ૧૦ હજાર લોકો માટે રોજગારીનું માધ્યમ બનશે, સ્થાનિક અર્થતંત્રને મળશે વેગ

### સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે, રોજગારીનું માધ્યમ બનશે

આ પ્રોજેક્ટના પગલે દાહોદ સહિતના વિસ્તારોમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૧૦ હજાર માનવીઓને રોજગારી મળશે તેમજ સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળશે. આ ઉપરાંત, સૌથી નીચા બીડર તરીક બહાર આવેલી મલ્ટિનેશનલ કંપની દ્વારા રેવે એન્જિનના ઉત્પાદન માટે વિવિધ ચીજોની જરૂરિયાત માટે પાવર સેક્ટર, એન્જિનિયરિંગ સેક્ટરની નાની-મોટી કંપનીઓ માટે પણ ચીજ વસ્તુઓ પૂરી પાડવા માટે તક ઊભી થશે.

---

# બી.જી. ગરૈયા આયુર્વેદિક કોલેજ દ્વારા સૈનિક રાહત ફંડ માટે કલેક્ટરને રૂ.૫૧ હજારનો ચેક અર્પણ કરાયો



**અબતક, રાજકોટ**

રાજકોટની બી.જી. ગરૈયા આયુર્વેદિક કોલેજ દ્વારા સૈનિક રાહત ફંડ પેટે કલેક્ટર પ્રભવ જોશીને રૂપિયા ૫૧ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો છે.

તાજેતરમાં પાકિસ્તાને સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કરતાં દેશની સરહદ પર તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી ત્યારે કોલેજ તરફથી મેડિકલ ઈમરજન્સીની સ્થિતિમાં દવાઓ, એમ્બ્યુલન્સ, ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ સહિતની સેવા માટે તૈયાર હોવાની ખાતરી આપવામાં આવી હતી. એન.જી.ઓ. સાથેની બેઠક બાદ કોલેજના ડાયરેક્ટર વનરાજ ગરૈયા સહિતનાઓએ કલેક્ટરને સૈનિક રાહત ફંડ પેટે રૂ. ૫૧ હજારનો ચેક અર્પણ કર્યો હતો.

---

# સૌ.યુનિ. સંલગ્ન ૨૮૯ કોલેજોમાં જીકાસ રજીસ્ટ્રેશનની કામગીરી વિનામુલ્યે થશે

## ફોર્મ ભરવાની તથા વેરિફિકેશનની કાર્યવાહી પુરી કરવાની આજે અંતિમ દિવસ: તારીખ લંબાવવા માંગ



**અબતક, રાજકોટ**

રાજકોટ ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ કે જે હાલ નોલેજ કોન્સોટિયમ ઓફ ગુજરાત અમદાવાદ ઓફિસ પર કચેરી આવેલ છે અને ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગર હેઠળ કાર્યરત છે.આ પ્રકલ્પ હેઠળ રાજ્ય સરકારની ૧૫ સ્ટેટ કન્વેન્શનલ યુનિવર્સિટીઓ માટે સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોના પ્રવેશ અંગેની કાર્યવાહી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી ચાલુ કરાયેલ છે. હાલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટેના પ્રવેશ અંગેની કાર્યવાહી જીકાસ, અમદાવાદ દ્વારા ચાલુ કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હેઠળની કુલ ૨૮૯ કોલેજો તથા કેમ્પસ સ્થિત ૨૯ અનુસ્નાતક ભવનોમાં કુલ ૪૬ સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. ફોર્મ ભરવાની તથા વેરિફિકેશનની કાર્યવાહી પુરી કરવાની આજે અંતિમ તારીખ છે. ત્યારબાદ પ્રવેશ યોગ્યતાના આધારે વિદ્યાર્થીઓએ ચોઈસ ફીલિંગ કરેલ હશે તે મુજબ પ્રવેશ અંગેની કાર્યવાહી જીકાસ દ્વારા થશે. જે વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વિવિધ અભ્યાસક્રમોમાં એડમિશન લેવા ઈચ્છતા હોય તેઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રમાં તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોઈપણ કોલેજમાં જઈ જીકાસ રજીસ્ટ્રેશન ફોર્મ તથા વેરીફીકેશનની કામગીરી વિનામૂલ્યે કરી શકે છે.




### સ્વાદ સુગંધ અને સંસ્કૃતિનો સંગમ

# સવારના સૂર્યની સાક્ષી, સાંજની શાંતિની સારથી એક કપ ‘‘ ચા’’

## આજે વિશ્વ ચા દિવસઃ ચા માત્ર એક પીણું નહીં,એક લાગણી , પરંપરા ,અને જીવનશૈલી છે તેમજ ચાની ખેતી ઘણા દેશોની આજીવિકા સમાન, કાઠીયાવાડી કસુંબાની વિશ્વભરમાં બોલબાલા

### ક્રિકેટ મેચમાં પણ ‘‘ટી ટાઈમ’’ પડે છે

ચા ની કુલ છ જાતોમા સફેદ, પીળી, લીલી, ઉલોંગ, કાળી અને પુઅર જોવા મળે છે. જેમાં સામાન્ય ચલણમાં સફેલ, લીલી, ઉલોંગ અને કાળી ચા વપરાતી જોવા મળે છે. દરેક ચા એક જ ઝાડ કે રોપમાંથી બનાવાય છે. માત્ર જુદી જુદી પ્રોસેસ કરીને તેને અલગ કરાય છે. માત્ર સફેદ ચા ને જ અલગથી ઉગાડવામાં આવે છે. પુઅર ચાને આથવ્યા પછી બનતી ચાને ઔષધ તરીકે પણ વપરાય છે. આજની હબર્લ ચા માં વનસ્પતિના પાંદડા, ફુલો, ફળ, ઔષધિઓ અને અન્ય સામગ્રીના રસ નાંખીને તૈયાર કરાય છે.રેડ ટી, બ્લેક ટી, મુખ્યત્વે ચાઈનીઝ, કોરિયન, જાપાનીઝ અને પૂર્વ એશિયાઈ ભાષાઓમાં કે દક્ષિણ આફ્રિકાના રૂઈબોસ છોડમાંથી બનાવેલા રસને કહેવાય છે. ચા સાથે ઘણી સંસ્કૃતિમાં જોડાય છે. ટી પાર્ટી, વર્ષોથી વપરાતો શબ્દ છે. ઈરાની લોકો આપણા સૌરાષ્ટ્રના લોકોની જેમ જ મહેમાનોનું સ્વાગત ચા થી કરે છે. આજે વિશ્વમાં કોફી, ચોકલેટ, ઠંડા પીણા અને આલ્કોહોલ પીવે છે. તુર્કી દેશ ચાનું સૌથી વધુ સેવન કરે છે. ક્રિકેટ મેચમાં ટી ટાઈમ પડે છે તો કેટલાંકને સવારમાં ચા ન મળે તો માથુ ભમી જાય છે.

### ચા ભારતીય શેરીઓનું પ્રતીક

ભારતની ગલીઓ અને બજારોમાં ઠેર ઠેર ચાવાલા (ચા વેચનારા) જોવા મળે છે. તેઓ નાના સ્ટ્રીટ સ્ટોલ પર કે લારી પર ચા બનાવે છે અને વેચે છે. આ ચાવાલા માત્ર ચા વેચનારા નથી, પરંતુ તેઓ સ્થાનિક સમુદાયના મહત્વના ભાગ છે, જ્યાં લોકો ભેગા થાય છે અને દિવસભરની વાતોની આપ-લે કરે છે.આજે પણ ઘણા ચાવાલા કુલ્હડ (માટીના કપ) માં ચા પીરસે છે, જે ચાના સ્વાદને વધુ આકર્ષક બનાવે છે અને પર્યાવરણને અનુકૂળ પણ છે,આમ, ભારતમાં ચા માત્ર એક કૃષિ ઉત્પાદન કે પીણું નથી, પરંતુ તે એક એવી શક્તિ છે જે લોકોને એકસાથે લાવે છે, સંબંધોને પોષે છે અને આપણા રોજિંદા જીવનમાં ઉષ્મા અને જીવંતતા ઉમેરે છે.

**અબતક, રાજકોટ**

આજે ૨૧ મે, આંતરરાષ્ટ્રીય ચા દિવસ છે, જે વિશ્વના સૌથી લોકપ્રિય પીણાંમાંથી એકની ઉજવણી કરવાનો દિવસ છે. ચા, માત્ર એક સવારની તાજગી આપનારું પીણું નથી, પરંતુ તે સદીઓથી સંસ્કૃતિઓ, પરંપરાઓ અને સામાજિક જીવનનો અભિન્ન અંગ બની રહી છે.ચાનો ઈતિહાસ ૫૦૦૦ વર્ષ કરતાં પણ જૂનો માનવામાં આવે છે, જે ચીનથી શરૂ થયો હતો. દંતકથા અનુસાર, ચીનના સમ્રાટ શેન નુન્ગ પાણી ઉકાળી રહ્યા હતા ત્યારે ચાના પાંદડા તેમાં પડ્યા અને એક સુગંધિત પીણું બન્યું. ત્યાંથી, ચા જાપાન, ભારત અને પછી સમગ્ર વિશ્વમાં ફેલાઈ.

ભારતમાં, ખાસ કરીને આસામમાં, ચાના છોડ કુદરતી રીતે ઉગતા હતા, પરંતુ બ્રિટિશ શાસન દરમિયાન તેનું વ્યાપારી ઉત્પાદન શરૂ થયું. ભારતીયો માટે ચા આજે સવારની શરૂઆત, મહેમાનગતિ અને મિત્રો સાથેની ગપસપનો પર્યાય બની ગઈ છે.વિશ્વમાં ચાના અસંખ્ય પ્રકારો છે, જે બધા ’કેમેલિયા સિનેન્સિસ’ નામના એક જ છોડમાંથી આવે છે. ‘‘ચાય પે ચર્ચા‘‘: આ વાક્ય ભારતમાં એટલું લોકપ્રિય છે કે તે રાજકારણથી લઈને રોજિંદા જીવનના મુદ્દાઓ પરની ચર્ચાઓ માટે વપરાય છે. ચાના કપ પર ભેગા થવું એ મિત્રો, પરિવાર અને સહકર્મીઓ વચ્ચે વાતચીત શરૂ કરવાનો અને સંબંધોને મજબૂત કરવાનો એક સરળ માર્ગ છે.ચા પીવા માટે પડોશીઓ અને સગા-સંબંધીઓના ઘરે જવું એ ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે, જે સામાજિક સંબંધોને જીવંત રાખે છે. નાની વ્યવસાયિક બેઠકો અથવા ઔપચારિક ચર્ચાઓમાં પણ ચા પીરસવામાં આવે છે, જે વાતાવરણને હળવું બનાવે છે.તણાવપૂર્ણ દિવસના અંતે, અથવા જ્યારે કોઈ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હોય, ત્યારે એક કપ ગરમ ચા ઘણીવાર આરામ અને માનસિક શાંતિ પ્રદાન કરે છે. ચા માત્ર સ્વાદિષ્ટ જ નથી, પરંતુ તેના અનેક સ્વાસ્થ્ય લાભો પણ છે. તેમાં રહેલા એન્ટીઑક્સિડન્ટ્સ શરીરને નુકસાનથી બચાવે છે, જ્યારે નિયમિત સેવન હૃદયના સ્વાસ્થ્યને સુધારી શકે છે અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. ચામાં રહેલું કેફીન મગજને તાજગી અને સ્ફૂર્તિ આપે છે, જેનાથી ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળે છે. પાણી પછી ચા એ વિશ્વનું બીજું સૌથી વધુ પીવાતું પીણું છે. તે વિશ્વભરના અબજો લોકોના જીવનનો એક અભિન્ન અંગ છે અને ઘણા દેશોમાં સાંસ્કૃતિક અને સામાજિક રીતે પણ તેનું ઘણું મહત્વ છે ચાનું ઉત્પાદન અને વેપાર વિશ્વભરના લાખો લોકો, ખાસ કરીને વિકાસશીલ દેશોમાં, માટે આજીવિકાનું મુખ્ય સાધન છે. આ દિવસ ચા ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂતો, મજૂરો અને વેપારીઓના યોગદાનને બિરદાવે છે. આ દિવસ ચાના ટકાઉ ઉત્પાદન અને વપરાશને પ્રોત્સાહન આપે છે. તે પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓ, વાજબી વેતન અને સમુદાયના વિકાસ જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.



ચાના સ્વાસ્થ્ય લાભો વિશે જાગૃતિ લાવવાનો પણ આ દિવસનો હેતુ છે. ગ્રીન ટી અને હર્બલ ટી જેવા વિવિધ પ્રકારની ચામાં એન્ટીઑક્સિડન્ટ ગુણધર્મો હોય છે જે એકંદર સુખાકારી માટે ફાયદાકારક છે ચા ઉદ્યોગ ઘણા વિકાસશીલ દેશોમાં ગરીબી ઘટાડવા અને ભૂખમરા સામે લડવામાં મદદરૂપ થાય છે.ચામાં રહેલ એમીનો એસીડ આપણા મગજને વધારે એલર્ટ અને શાંત રાખતું હોવાથી કાઠિયાવાડમાં બપોરે ચાર વાગે ચા પીવાનું ચલણ છે. આ સાથે થેપલા, ગાંઠીયા, બીસ્કીટ જેવો નાસ્તો પણ લોકો કરે છે. ચા-ખારીના ચલણનો પણ એક જમાનો હતો. ચા પીવાના ફાયદાની સાથે ઘણું નુકશાન પણ છે. છતાં લોકો ચાની ચુસ્કી લગાવે જ છે. કપ-રકાબીમાં ચા, કુલડીમા ચા, કાગળના કપમાં કે કાચના ગ્લાસમાં ચા પીનારા છે. પ્લાસ્ટીની કોથળીમાં ચાનું પાર્સલ આપણા કાઠિયાવાડમાં જ જોવા મળે છે. સંબંધોના પ્રારંભે સ્વાગત પણ ચાથી થાય છે.મેડીકલી રીતે જોઈએ તો ચા માં ટેનીન અને કેફીન તત્વ આપણાં શરીરને તાજગી અર્પે છે. આજ તત્વો ઘણા કિસ્સામાં કેન્સર માટે પણ કારણભૂત બને છે. ભુખ્યા પેટે ચા પીવાથી અપચો, પેટમાં બળતરા કે એસીડીટી પણ થાય છે. કાઠિયાવાડમાં ચા ને કસુંબો કહેવાય છે, ઘણાને તે પીધા પછી જ કાંટો ચડે છે. અડધી ચા કે કટીંગ ચા જેવા શબ્દો અહીં ગુજરાતમાં જ બોલાય છે. દેશમાં અલગ અલગ રાજયો ચા પીવાય છે. પણ તેની કવોલીટી તથા સ્વાદ માટે આપણું સૌરાષ્ટ્ર કે કાઠિયાવાડ વિશ્વમાં નંબર વન છે. સવારે ઉઠતા વેંત મસ્તીની ચાને ઉપર મસ્ત ફાકી કે માવો મળે એટલે ચા રશિયાની આંખો ખુલી જાય ને કામ કરવાનો કાંટો ચડી જાય છે.ચા કે ચાય કે ચાઈ એ ભારતનું રાષ્ટ્રીય પીણું છે ચા ના પ્રચાર-પ્રસારમાં ચીન દેશનો વિશેષ ફાળો છે, ત્યાંનું મનોરંજન પીણું ચા ગણાતું હતું. પોર્ટુગીઝ પાદરીઓ અને વેપારીઓએ ૧૬મી સદીમાં યુરોપમાં ચા ને પ્રચલિત કરી હતી. આજે વિશ્વના લોકોના જીવનમાં એક અભિન્ન હિસ્સો ચા

(અનું. આઠમાં પાને)

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**



ચા ની ચુસ્કીની મોજ માણતા સાંસદ રામભાઈ મોકરીયા

## એક કપ ચા સાથે વિશ્વભરની અનોખી ચા પરંપરા

ભારતમાં ચા એ માત્ર એક પીણું નથી, પણ એક સામાજિક સેતુ છે. ભારતમાં મુખ્યત્વે બ્લેક ટી (કાળી ચા)નું ચલણ છે, જેને દૂધ, ખાંડ અને વિવિધ મસાલાઓ (જેમ કે આદુ, એલચી, લવિંગ, તજ) સાથે ઉકાળીને ‘‘મસાલા ચાઈ‘‘ બનાવવામાં આવે છે.ભારતમાં ચા સવારે, બપોરે, સાંજે અને રાત્રે એમ દિવસમાં અનેક વખત પીવાય છે. મહેમાનોના સ્વાગતથી લઈને કામના બ્રેક સુધી, ચા હંમેશા હાજર હોય છે. ‘‘ચાય પે ચર્ચા‘‘ (ચા પર ચર્ચા) એ ભારતીય રાજકારણ અને સામાજિક જીવનનો એક અભિન્ન હિસ્સો છે. નાના ચાઈ સ્ટોલથી લઈને ભવ્ય હોટલો સુધી, ચા પીરસવાની રીત બદલાય છે, પરંતુ તેનો ઉદ્દેશ્ય હંમેશા આતિથ્ય અને જોડાણનો જ રહે છે.તમે ભારત અને ચા વચ્ચેના અતૂટ જોડાણ વિશે આપેલી માહિતી એકદમ સાચી અને સચોટ છે. ભારતમાં ચા ખરેખર માત્ર એક પીણું નથી, પરંતુ તે આપણા દૈનિક જીવન, સામાજિક રિવાજો અને સંસ્કૃતિનો એક અભિન્ન અને જીવંત ભાગ છે. ચાલો આપણે આ વિશે વધુ વિસ્તૃત માહિતી મેળવીએ.

જાપાનમાં ચા પીવાની પ્રક્રિયા એક ઊંડો આધ્યાત્મિક અનુભવ છે, જેને ‘‘ચાનો સમારોહ‘‘ (ચ્જ - ચાદો અથવા ચાનો માર્ગ) કહેવાય છે.આ સમારોહમાં મુખ્યત્વે માચા એક બારીક પીસેલી લીલી ચાનો ઉપયોગ થાય છે. જાપાની ચા સમારોહ ઝેન બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો પર આધારિત છે, જેમાં શાંતિ, આદર, શુદ્ધતા અને સંવાદિતા( વા-કેઈ-સેઈ-જાકુ) પર ભાર મૂકવામાં આવે છે. દરેક હિલચાલ, દરેક વાસણ અને દરેક સંકેતનો ચોક્કસ અર્થ હોય છે. યજમાન અને મહેમાન વચ્ચેનું આદાનપ્રદાન, ચા બનાવવાની અત્યંત વિશિષ્ટ અને ગંભીર પ્રક્રિયા, અને ચાના સ્વાદને ધ્યાનપૂર્વક માણવો એ આ સમારોહના મુખ્ય અંગો છે. તે એક પ્રકારનું ધ્યાન છે.

બ્રિટનમાં ચા એ માત્ર પીણું નહીં, પણ એક સામાજિક રિવાજ અને દિવસનો એક નિશ્ચિત ભાગ છે. બ્રિટિશર્સ સામાન્ય રીતે બ્લેક ટી પસંદ કરે છે, જેમાં ઘણીવાર દૂધ અને ખાંડ ઉમેરવામાં આવે છે. અર્લ ગ્રે અને ઈંગ્લિશ બ્રેકફાસ્ટ લોકપ્રિય છે. ૧૯મી સદીમાં શરૂ થયેલી આ પરંપરામાં બપોરના સમયે (લગભગ ૩ થી ૫ વાગ્યે) ચા સાથે વિવિધ નાસ્તા, જેમ કે ફિંગર સેન્ડવીચ, સ્કોન્સ (ક્લોટેડ ક્રીમ અને જામ સાથે) અને પેસ્ટ્રીઝ પીરસાય છે. તે એક સામાજિક પ્રસંગ છે, જ્યાં લોકો એકઠા થાય છે અને વાર્તાલાપ કરે છે. ભૂતકાળમાં મજૂર વર્ગ દ્વારા સાંજના સમયે ભારે ભોજન સાથે પીવાતી ચા હતી, જે આફ્ટરનૂન ટીથી અલગ હતી.

તુર્કીમાં ચા એ મહેમાનગતિનું પ્રતીક છે અને પાણી પછીનું સૌથી વધુ પીવાતું પીણું છે.તુર્કીમાં કાળી ચા લોકપ્રિય છે, જે ડબલ કેટલ માં ખાસ રીતે ઉકાળવામાં આવે છે. તેને નાના, ટ્યૂલિપ આકારના ગ્લાસમાં પીરસવામાં આવે છે, જે તમને ચાનો રંગ સ્પષ્ટપણે જોવાની મંજૂરી આપે છે. તુર્કો ઘણીવાર ખાંડના ક્યુબ્સનો ઉપયોગ કરે છે, જેને તેઓ સીધા મોંમાં રાખીને ચા પીવે છે. દુકાનદારો ગ્રાહકોને ચા ઓફર કરે છે, મિત્રો એકબીજાના ઘરે ચા પીવા મળે છે, અને તે સામાજિક મેળાવડાનો અનિવાર્ય ભાગ છે. ‘‘ચા વગર જીવન શક્ય નથી‘‘ એવી કહેવત તુર્કીમાં સામાન્ય છે.

ચાનો જન્મદાતા દેશ, જ્યાં ચાના હજારો પ્રકારો છે અને દરેક પ્રાંતની પોતાની ચા પીવાની શૈલી છે. ગોંગફુ ચા સમારોહ એ એક જટિલ પ્રક્રિયા છે જે ચાના સ્વાદ અને સુગંધને મહત્તમ કરે છે.

### બ્લેક ટી

બ્લેક ટી (કાળી ચા)સૌથી વધુ ઓક્સિડાઈઝ્ડ. પાંદડાને સંપૂર્ણપણે ઓક્સિડાઈઝ થવા દેવામાં આવે છે, જેનાથી તેનો ઘેરો રંગ અને મજબૂત સ્વાદ આવે છે. પાંદડા લણવામાં આવે છે, સુકવવામાં આવે છે પછી રોલ કરવામાં આવે છે જેથી કોષો તૂટે અને ઓક્સિજનના સંપર્કમાં આવે, ત્યારબાદ સંપૂર્ણપણે ઓક્સિડાઈઝ થવા દેવામાં આવે છે અને છેલ્લે ગરમ હવાથી સુકવવામાં આવે છે મજબૂત, માલ્ટી, ક્યારેક ફળનો કે મસાલેદાર સ્વાદ હોય છે. રંગ ઘેરો લાલ કે કથ્થઈ હોય છે. ભારતમાં દૂધ અને ખાંડ સાથે પીવાતી સૌથી લોકપ્રિય ચા છે. વિશ્વભરમાં પણ તેનું ચલણ ખૂબ છે, સૌથી વધુ કેફીન ધરાવે છે.

### ગ્રીન ટી

ગ્રીન ટી (લીલી ચા) સૌથી ઓછી ઓક્સિડાઈઝ્ડ. લણણી પછી તરત જ પાંદડાને ગરમ કરીને (વરાળ દ્વારા કે પેનમાં શેકીને) ઓક્સિડેશન પ્રક્રિયાને અટકાવવામાં આવે છે. પાંદડા લણવામાં આવે છે, તરત જ ગરમ કરવામાં આવે છે (સ્ટીમિંગ અથવા પેન-ફાયરિંગ), પછી રોલ કરવામાં આવે છે અને સુકવવામાં આવે છે. હળવો, તાજો, ક્યારેક ઘાસવાળો, શાકભાજી જેવો, કે ફળનો સ્વાદ હોય છે. રંગ હળવો પીળો-લીલો હોય છે. એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર હોવાથી તેના સ્વાસ્થ્ય લાભો માટે ખૂબ લોકપ્રિય છે (દા.ત., વજન ઘટાડવામાં મદદ, હૃદય રોગનું જોખમ ઘટાડવું). બ્લેક ટી કરતાં ઓછું કેફીન હોય છે.

### વ્હાઈટ ટી

વ્હાઈટ ટી (સફેદ ચા) ઓક્સિડેશનઃ સૌથી ઓછી પ્રક્રિયાવાળી અને સૌથી ઓછી ઓક્સિડાઈઝ્ડ.ચાના છોડની સૌથી નાજુક, નવી કળીઓ અને પાંદડાને લણવામાં આવે છે, જેને સિલ્વર ડસ્ટિંગ (સિલ્વર ટિપ્સ) કહેવાય છે. તેમને ફક્ત કુદરતી રીતે સુકવવામાં આવે છે (સન-ડ્રાઈડ અથવા હળવા તાપમાને), જેમાં ન્યૂનતમ પ્રક્રિયા થાય છે. અત્યંત નાજુક, હળવો મીઠો, ક્યારેક ફ્લોરલ કે ફળનો સ્વાદ. રંગ ખૂબ જ હળવો પીળો કે પારદર્શક હોય છે. આ ચા પ્રમાણમાં દુર્લભ અને મોંઘી હોય છે કારણ કે તેને ફક્ત ચોક્કસ સમયગાળામાં અને ખૂબ જ કાળજીપૂર્વક લણવામાં આવે છે,સામાન્ય રીતે સૌથી ઓછું કેફીન ધરાવે છે.

### ઊલોંગ ટી

ઊલોંગ ટી આંશિક રીતે ઓક્સિડાઈઝ્ડ. તે બ્લેક ટી અને ગ્રીન ટી વચ્ચેનું ઓક્સિડેશન સ્તર ધરાવે છે (૧૦% થી ૮૦% સુધી).પાંદડાને લણવામાં આવે છે, સુકવવામાં આવે છે, અને પછી રોલિંગ અને ઓક્સિડેશન પ્રક્રિયાને વારંવાર પુનરાવર્તિત કરવામાં આવે છે. આ પ્રક્રિયા ચા બનાવનારના કૌશલ્ય પર આધાર રાખે છે. સ્વાદની વિશાળ શ્રેણી ધરાવે છે - ગ્રીન ટી જેવી હળવી અને ફ્લોરલથી લઈને બ્લેક ટી જેવી મજબૂત અને માલ્ટી કે ફળનો સ્વાદ પણ હોઈ શકે છે. સામાન્ય રીતે મધ્યમ સ્વાદ હોય છે.તેની જટિલ સ્વાદ પ્રોફાઈલ માટે જાણીતી છે, જેમાં પુષ્પો, મધ, ફળ, શેકેલી સુગંધ વગેરેનો અનુભવ થઈ શકે છે.: ગ્રીન ટી કરતાં વધુ અને બ્લેક ટી કરતાં ઓછું કેફીન હોય છે.

### હર્બલ ટી

હર્બલ ટી ચા‘‘ નથી કારણ કે તે કેમેલિયા સાયનેન્સિસ છોડમાંથી આવતી નથી. વિવિધ ઔષધીય વનસ્પતિઓ, ફળો, ફૂલો, મૂળ અથવા મસાલાને ગરમ પાણીમાં ઉકાળીને બનાવવામાં આવે છે. આદુ ચા, તુલસી ચા, ફુદીના ચા, કેમોમાઈલ ચા, ગુડહલ (ઈંશબશતભીત) ચા, ફળોની ચા, મસાલા ચા (જેમાં ચાના પાંદડા ન હોય). દરેક હર્બલ ટી તેના ઘટકો અનુસાર વિશિષ્ટ સ્વાસ્થ્ય લાભો પ્રદાન કરે છે (દા.ત., કેમોમાઈલ ઊંઘ માટે, આદુ પાચન માટે).સામાન્ય રીતે કેફીન-મુક્ત હોય છે, જે તેને રાત્રિના સમયે પીવા માટે યોગ્ય બનાવે છે.

# વૈભવ-જુરેલની બેટીંગ સાથે બોલરોએ રંગ રાખતા ચેન્નાઈ સામે રાજસ્થાનનો વિજય

## ચેન્નાઈના ૧૮૮ રનના ટાર્ગેટને રાજસ્થાને ૪ વિકેટ ગુમાવી ૧૭.૧ ઓવરમાં જ મેળવી લીધોઃ ચેન્નાઈની આઈપીએલ ૨૦૨૫માં ૧૦ મેચમાં હાર

### સૂર્યવંશીનો ‘‘વૈભવ’’



... સારું ન રહ્યું હોય. પરંતુ વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલે સૌના દિલ જીતી લીધા હતા. આ સિઝનમાં વૈભવે પણ સદી ફટકારી હતી. આ મેચમાં પણ વૈભવે ફિફ્ટી ફટકારી અને તેણે અશ્વિન અને જાડેજા જેવા બોલરોને પછાડ્યા. વૈભવે ૪ ચોગ્ગા અને ૪ છગ્ગા ફટકાર્યા. મેચ પછી તેણે ધોનીના પગ સ્પર્શ્યા અને બંનેએ વાતચીત પણ કરી. ધોની વૈભવ કરતા ૩૦ વર્ષ મોટો છે. મેચ બાદ ધોનીના પગ સ્પર્શ કરી સૂર્યવંશીનો વૈભવ દેખાઈ આવ્યો હતો.

**અબતક, નવી દિલ્હી**

આઈપીએલ ૨૦૨૫ની ૬૨મી મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચ રાજસ્થાન રોયલ્સ ૬ વિકેટથી જીતી હતી. ટોસ જીત્યા બાદ રાજસ્થાને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. જે પછી પહેલા બેટિંગ કરતા ચેન્નાઈએ ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૧૮૭ રન બનાવ્યા હતા. જેના જવાબમાં રાજસ્થાને ૪ વિકેટ ગુમાવી ૧૭.૧ ઓવરમાં ૧૮૮ રન બનાવીને ટાર્ગેટ ચેઝ કર્યો હતો. બંને ટીમો પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. જો કે, બંને ટીમોએ આઈપીએલની ઔપચારિક મેચ રમી હતી. મેચમાં ૧૮૮ રનના ટાર્ગેટના જવાબમાં રાજસ્થાનની શરૂઆત ખૂબ જ મજબૂત રહી હતી. યશસ્વી જયસ્વાલે ૧૯ બોલમાં ૩૬ રન બનાવ્યા. વૈભવ સૂર્યવંશીએ ૩૩ બોલમાં ૫૭ રન અને સંજુ સેમસને ૩૧ બોલમાં ૪૧ રન બનાવ્યા હતા. આ સિવાય ધ્રુવ જુરેલે પણ ૧૨ બોલમાં અણનમ ૩૧ રન બનાવીને સારી બેટિંગ કરી હતી. બોલિંગની વાત કરીએ તો, રાજસ્થાનના બોલર્સે આજની મેચમાં ખૂબ સારી બોલિંગ કરી હતી. યુધવીર સિંહ અને આકાશ મધવાલે ૩-૩ વિકેટ ઝડપી હતી. આ સિવાય તુષાર દેશપાંડે ૧ અને વાનિંદુ હસરંગાએ ૧ વિકેટ ઝડપી હતી. આકાશ મધવાલે બોલિંગ કરતા ૪-૦-૨૯-૩ની સારી સ્પેલ આપી હતી. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ચેન્નાઈની શરૂઆત સારી રહી નહોતી. ટીમનો ઓપનર બેટર ડેવોન કોનવે બીજી જ ઓવરમાં ૮ બોલમાં ૧૦ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. જો કે, આયુષ મ્હાત્રેએ સારી બેટિંગ કરીને ૨૦ બોલમાં ૪૩ રનની ઈનિંગ રમી. આ સિવાય મિડલ

(અનું. આઠમાં પાને)

### વરસાદનું વિઘ્ન આવશે તો મેચ ૧૨૦ મિનિટ લંબાવાશે

બીસીસીઆઈએ પ્લેઈંગ કંડિશનમાં ફેરફાર તાત્કાલિક અસરથી લાગુ કરી દીધો છે. આ નિર્ણય પછી ૫ ઓવરની મેચ માટે કટઓફ સમય ભારતીય સમય મુજબ રાત્રે ૧૦.૩૦ વાગ્યાને બદલે ૧૧.૩૦ વાગ્યાનો રહેશે. બપોરની મેચનો કટઓફ સમય ભારતીય સમય મુજબ સાંજે ૬.૫૦ વાગ્યાથી બદલીને ૭.૫૬ વાગ્યા કરવામાં આવ્યો છે. પહેલા રમવાની શરતોમાં એવી શરત હતી કે લીગ મેચોમાં વિલંબ થવાના કિસ્સામાં મેચ શરુ કરવા માટે ૬૦ મિનિટનો વધારાનો સમય હતો. પ્લેઓફ મેચોમાં આ સમય વધારીને ૧૨૦ મિનિટ કરવામાં આવ્યો હતો. હાલમાં વરસાદના ભય અને સુધારેલા સમયપત્રકને ધ્યાનમાં રાખીને આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલે નિર્ણય લીધો છે કે, ૨૦ મે ૨૦૨૫થી તમામ આઈપીએલ મેચો મેચ શરુ કરવા માટે ૧૨૦ મિનિટનો વધારાનો સમય રહેશે.

### દિલ્હી-મુંબઈ વચ્ચે આજે વાનખેડેમાં જામશે ‘કાંટે કી ટક્કર’

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની ૬૩મી મેચ કોઈ ફાઈનલથી ઓછી નહીં હોય. આ મેચનું પરિણામ નક્કી કરશે કે પ્લેઓફની રેસમાં કઈ ટીમ આગળ વધશે. હકીકતમાં,આઈપીએલ ૨૦૨૫ માં આરસીબી, ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સ પહેલાથી જ પ્લેઓફની રેસ પાર કરી ચૂક્યા છે. ચોથી ટીમ કઈ હશે તે હજુ નક્કી થયું નથી. ચોથી ટીમ બનવા માટે આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે એક ભવ્ય મેચ યોજાવાની છે. જો દિલ્હી કેપિટલ્સ આ મેચમાં મુંબઈને ઘરઆંગણે હરાવે છે, તો પ્લેઓફમાં પહોંચવાની તેની આશા અકબંધ રહેશે. પરંતુ, જો મુંબઈ ઈન્ડિયન્સ દિલ્હી કેપિટલ્સ પર જીત મેળવે છે, તો દિલ્હી કેપિટલ્સનું પ્લેઓફમાં પહોંચવાનું સ્વપન ચકનાચૂર થઈ જશે.

### અમદાવાદમાં બીજી ક્વોલિફાયર અને ફાઈનલ મેચ રમાશે

આઈપીએલ ૨૦૨૫ ની ફાઈનલ મેચ ૩ જૂને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. મંગળવારે લાંબી બેઠક બાદ બીસીસીઆઈએ આ નિર્ણય લીધો છે. આઈપીએલ ૨૦૨૫ની બીજી ક્વોલિફાયર મેચ પણ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. જે ૧ જૂને રમાશે.બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સૈકિયાએ આ અંગે માહિતી આપી હતી. ન્યૂ ચંદીગઢના પીસીએ સ્ટેડિયમમાં પહેલી ક્વોલિફાયર રમાશે. ૨૯ મેના રોજ ગુરૂવારે ટોચની બે ટીમો વચ્ચે આ મેચ રમાશે. બાદમાં શુક્રવારે ૩૦ મેના રોજ એલિમિનેટર મેચ રમાશે. બીસીસીઆઈએ ફાઈનલ માટે અમદાવાદની પસંદગી કરી છે. કારણકે, દેશમાં ધીમે-ધીમે વરસાદની સીઝન શરૂ થઈ ગઈ છે. જેથી અમદાવાદ ફાઈનલ માટે યોગ્ય સ્થળ છે.

# વાલ્મિકી વાડીનો માથાભારે કમલેશ ઉર્ફે લાલુ પરમાર પાસાના પિંજરે પુરાયો

## હત્યા મારામારી અને ચોરી સહિત છ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા નામચીન શખ્સને સુરત જેલમાં ધકેલાયો



**અબતક, રાજકોટ**

શહેર પોલીસ કમિશનરે સપાટો બોલાવી નામચીન શખ્સને પાસા તળે જેલ હવાલે કર્યો છે.. શહેરમાં હત્યા અને મારામારી સહિત છ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા કમલેશ ઉર્ફે લાલુ પરમાર નામના શખ્સ સામે પોલીસ કમિશનરે પાસાનુ શસ્ત્ર ઉગામી સુરતની જેલમાં ધકેલવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે માથાભારે શકશો સામે કડક સાથે કામગીરી કરવા અને ગુનાઓ અટકાવવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ આપેલી સૂચનાને પગલે પીસીબી શાખા દ્વારા શહેરના જામનગર રોડ વાલ્મિકી વાળી મારે તો કમલેશ ઉર્ફે લાલુ ઉર્ફે જાંબુ કાળુ પરમાર નામના સામે નગર પોલીસ મથકના ચોપડે હત્યા મારા મારી ચોરી ગાંધીગ્રામ પોલીસ મથક ના ચોપડે ચોરી સહિત છ ગુનામાં ગુનામાં ચડી ચુક્યો હોવાથી તેની સામે પીસીબી શાખા દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી જે દરખાસ્ત પર પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ મંજૂરીની મહોર મારતા પ્રોનગર પોલીસ મથકના સ્ટાફ દ્વારા વોરંટ ની બજવણી કરતા કમલેશ ઉર્ફે લાલુ પરમાર ની અટકાયત કરી સુરત જેલમાં ધકેલવામાં આવ્યો છે. પ્રધ્યુમનનગર પો.ઈન્સ. વી.આર. વસાવા, પો.સબ.ઈન્સ. જે.બી. રાણીંગા, આર.કે. ગોહિલ, એ.એસ.આઈ રવીભાઈ વાઘેલા, હેડ.કોન્સ. જેન્તીભાઈ વાવડીયા, મયુરરાજસિંહ જાડેજા, પો.કોન્સ. ચાપરાજભાઈ ખવડ, તોફિકભાઈ મંધરા, રીયાઝભાઈ ભીપૌત્રા, વનરાજભાઈ બોરીયા, રવીભાઈ ચાવડા તથા ધર્મેશભાઈ મોણપરા સ્ટાફે કામગીરી બચાવી હતી.

# ડિજિટલ એરેસ્ટ કરી લાખો રૂપિયા પડાવવાના કેસના મુખ્ય આરોપીના સુરત સેશન્સ કોર્ટમાં જામીન મંજુર

## ડિજિટલ એરેસ્ટના નામે શિક્ષક પાસેથી ૨૦ લાખ પડાવવાના કેસમાં બચાવપક્ષના વકીલોને જામીન મેળવવામાં મળી જીત

**અબતક, રાજકોટ**

ડીજીટલ એરેસ્ટ નામે લાખો રૂપિયા પડાવવાના કેસમાં મુખ્ય આરોપીના જામીન સુરત સેસન્સ કોર્ટે મંજુર કર્યા હતા.

તા.૩/૩/૨૦૨૫ ના રોજથી તા. ૭/૩/૨૦૨૫ દરમ્યાન મોબાઈલ ઉપર વોટ્સેપ વિડીયો કોલ ઉપરથી કોલ આવેલા અને ક્રાઈમ બ્રાન્ચમાંથી ડી.સી.પી. બોલું છું એવી ઓળખ આપીને એવું જણાવેલું હતું કે તમારા નામે મુબઈ થી બેંગકોક નુ એક પાર્સલ બુક થયેલું છે અને આ પાર્સલમાં પાંચ પાસપોર્ટ, ત્રણ એટીએમ કાર્ડ, એક લેપટોપ, ૪ કિલો કાપડ તથા ૧૪૦ ગ્રામ એમડીએમએ મળી આવેલા છે. અને ફરિયાદીના આધાર કાર્ડ ઉપરથી સીમકાર્ડ એક્ટીવ થયેલ છે અને બેંક એકાઉન્ટ ખુલેલા છે અને આ એકાઉન્ટમાં મોટાપાયે નાણાકીય વ્યવહારો થયેલા છે અને આ નાણાનો ઉપયોગ મનીલોન્ડરિંગ અને ફ્રોડ કેસમાં થયેલો છે. જો તમો તપાસમાં સહકાર નહી આપો તો તમારી ધરપકડ કરીને જેલમાં નાખવા બાબતે મુંબઈ ક્રાઈમ બ્રાંચ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ છે. આવું જણાવીને ફરીયાદી



પાસેથી અલગ અલગ એકાઉન્ટ માંથી રૂપિયા ૨૦ લાખ ટ્રાન્સફર કરાવી લઈને ફરિયાદીના નાણા પડાવી લીધા હતા.

આ અંગે ફરીયાદી દ્વારા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન સુરત શહેરમાં ફરીયાદ નોંધાવેલી હતી, જે અન્વયે ૭આરોપીઓની પોલીસે ધરપકડ કરીને કોર્ટમાં રજુ કરાતા કોર્ટ દ્વારા તમામ આરોપીને જેલહવાલે કરવાનો હુકમ કર્યો હતો, જેમાંથી એક આરોપી શાહનવાઝ મહમદ સીદીક વાઢા રહે.જામનગર વાળાએ પોતાના એડવોકેટ દ્વારા સુરત સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલી હતી, આરોપીના વકીલ દ્વારા વિવિધ કોર્ટના ચુકાદાઓ ટાંકીને રજૂઆત કરેલી અને વિવિધ મુદ્દા ઉપર ધારદાર દલીલો કરવામાં આવી હતી.

કોર્ટ દ્વારા સરકારી વકીલ અને બંને પક્ષોના વકીલોની દલીલો સાંભળીને આરોપીના વકીલોની દલીલો ગ્રાહ્ય રાખી સુરતના સેશન્સ મેજીસ્ટ્રેટ એ.કે.શાહ દ્વારા આરોપીને પંદર હજારના જામીન ઉપર છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપીના વકીલ તરીકે ગોંડલના વિજયરાજસિંહ એસ.જાડેજા, નીલેશભાઈ બી.મકવાણા, કલ્પેશ એ. ચનિયારા તેમજ એચ.કે.ચનિયારા રોકાયેલા હતા.

# ચેક રિટર્ન કેસમાં દર્શન કોલેજના અધ્યાપકને એક વર્ષની સજા

## મિત્રતાના દાવે ઉછીના લીધેલા રૂપિયા છ લાખ વળતર પેટે ચુકવી દેવાનો હુકમ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં મિત્રતાના દાવે ઉછીના લીધેલા રૂપિયા છ લાખ પરત કરવાનો ચેક રિટર્ન થવાના કેસમાં દર્શન કોલેજના અધ્યાપકને એક વર્ષની સજા અને ચેકની રકમ વળતર તરીકે ચુકવી દેવાનો હુકમ કર્યો છે આ અંગેની હકીકત મુજબ, વિજયભાઈ પ્રભાતભાઈ જળુ (રહે. ભીચરી) પાસેથી દર્શન કોલેજના અધ્યાપક ઈનવીનકુમાર ઈથીરાજન (રહે. રાજકોટ)એ મિત્રતાના દાવે ₹ ૬ લાખ હાથ ઉછીના લીધા હતા. ત્યારબાદ અમુક સમય પછી વિજયભાઈએ રૂપિયા પાછા માગતા ઈનવિનકુમારે રકમ પરત કરવા ₹ ૬ લાખનો ચેક આપ્યો હતો. વિજય જળુએ એ ચેક પોતાની બેંકમાં રજૂ કરતા સદરહુ ચેક ફન્ડ ઈન્સફિસીયન્ટના શેરા સાથે પરત ફર્યો હતો. જેથી વિજયભાઈએ પોતાના એડવોકેટ



એડવોકેટ હર્ષિલ પી. શાહ

મારફત ઈનવીનને લીગલ નોટીસ આપેલ છતાં તેણે ચેકની રકમ ચુકવેલ ન હોય, વિજય જળુએ ઈનવીનકુમાર ઈથીરાજન સામે અદાલતમાં સમય મર્યાદામાં કેસ ફાઈલ કર્યો હતો. સદરહુ કેસમાં કોર્ટમાં ફરિયાદી દ્વારા આરોપીએ આપેલ અસલ ચેક, રિટર્ન મેમો, લીગલ નોટીસ તેમજ નોટીસ બજ્યાની પહોંચ, વગેરે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરાયા હતા. ત્યારબાદ બંને પક્ષ દ્વારા વિગતવારની લેખીત દલીલ રજૂ કરવામાં આવેલ અને ગુજરાત હાઈકોર્ટ તેમજ ઉચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ કર્યા હતા. તમામ દલીલો અને પુરાવાને ધ્યાનમાં લઈ અદાલતે આરોપી દર્શન કોલેજના અધ્યાપક ઈનવિનકુમારે રિટર્ન થયેલા ચેક મુજબની રકમ ચુકવેલ નથી તે પુરવાર થાય છે, તેમ ઠરાવી આરોપી ઈનવીનકુમાર ઈથીરાજનને ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ - ૧૩૮ હેઠળ તકસીરવાર જાહેર કરી એક વર્ષની કેદની સજા અને ચેક મુજબની રકમ વળતર પેટે ચુકવી દેવાનો હુકમ ફરમાવ્યો છે આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ પીયુષ એમ.શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, નીવીદ પારેખ, નીતેશ કથીરીયા, વીજય પટગીર, જીતેન્દ્ર ધુળકોટીયા, હર્ષિલ શાહ, ચીરાગ શાહ, રવીરાજ વાળા, રૂત્વીક વધાસીયા, સંજય મેરાણી, મિહીર શાહ રોકાયા હતા.

# મોરબી હાઉસ પાસેથી વોન્ટેડ રીઢો તસ્કર ઝડપાયો

## ત્રણ ચોરીનો ભેદ ઉકેલાયો: ક્રાઈમ બ્રાંચે રાજસ્થાની શખ્સને દબોચી લીધો

**અબતક, રાજકોટ**

શહેરમાં તરખાટ મચાવનાર વોન્ટેડ તસ્કરને ક્રાઈમ બ્રાંચના સ્ટાફે જામનગર રોડ મોરબી હાઉસ પાસેથી ઝડપી લઈ એ અને બી ડીવીઝન પોલીસના મથકના ઘરફોડીના ચોપડે નાશતો ફરતો હોવાનું ખુલતા તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વધુ વિગત મુજબ રાજકોટ શહેરમાં આર્થિક ગુનાઓ અટકાવવા અને વણઉકેલ ગુનાનો ભેદ ઉકેલવા પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાએ આપેલી સુચના

પગલે ક્રાઈમ બ્રાંચના પી.આઈ. એમ.આર. ગોંડલીયા સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યુ



હતું. ત્યારે રાજસ્થાનના બાંસવાડા જિલ્લાનો રામેશ્વર ઉર્ફે રમેશ નાથુલાલ નીનામા નામનો શખ્સ એ ડીવીઝન અને બી ડીવીઝન પોલીસ મથકના ચોપડે ચોરીના ગુનામાં સંડોવાયેલો અને જામનગર રોડ મોરબી હાઉસના ખુણે શંકાસ્પદ હાલતમાં હોવાની એએસઆઈ અમીત અગ્રાવત, હેડ કોન્સ્ટે. રાજેશભાઈ જલુ અને કોન્સ્ટેબલ પ્રદીપસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે પી.એસ.આઈ વી.ડી. ડોડીયા સહિતની ટીમે વોંચ ગોઠવી હતી. ત્યારે શંકાસ્પદ હાલતમાં રામેશ્વર ઉર્ફે રમેશ નીનામા નામના શખ્સને અટકાયત કરી તેની પુછપરછમાં વર્ષ ૨૫માં એ ડીવીઝન પોલીસ અને વર્ષ ૨૦૨૨-૨૪ માં બી ડીવીઝન પોલીસ મથકના ચોપડે ચોરીમાં નાસતો ફરતો હોવાથી તેની ધરપકડ કરી હતી. ઝડપાયેલા શખ્સ અગાઉ બાંસવાડા પોલીસ મથકના ચોપડે મારામારી સહીતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે.

# પોલીસ ઉપર હુમલો કરી પીસીઆર વાનમાં તોડફોડ કરવાના ગુનામાં ૧૬ શખ્સના જામીન મંજૂર

## માંડવામાં પશુબલી દરમિયાન વિજ્ઞાન જાથાની કાર્યવાહી દરમિયાન મામલો બિચકતા પોલીસે કર્યું હતુ ફાયરિંગ

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ નજીક વેલનાથપરા મા રખા દાદાનો માંડવામાં પશુબલી દરમિયાન વિજ્ઞાન જાથાની કાર્યવાહી કાર્યવાહી દરમિયાન પોલીસ બંદોબસ્ત ઉપર ધોકા અને પથ્થર વડે હુમલો કરી પીસીઆર વાનમાં તોડફોડ કરવાના ગુનામાં સંડોવાયેલા સૂત્રધાર ભાવેશ વિકાણી સહિત ૧૬ શખ્સના જામીન અરજી અદાલત દ્વારા મંજૂર કરવામાં આવી છે. વધુ વિગત મુજબ શહેરના ગોંડલ રોડ વેલનાથ પરા શેરી નંબર એક સેવ હોટલ ની પાછળ રખાદાદા ના માંડવો તારીખ ૧૯/૦૫/૨૦૨૫ ના બપોર ના ૩:૩૦ કલાકે દેવી પુજકના માણસો દ્વારા ધામીક વીધી ના બહાને પસુની બલી આપેલી જેના ઉપર વિજ્ઞાન જાથા રાજકોટ સંસ્થા દારા કાયદેસરની કાર્યવાહી કરેલ હોય તે બાબતે બીજો કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારુ પોલીસ બંદોબસ્ત રાખેલ હોય તે દરમ્યાન અંદાજે ૧૫૦ થી ૨૦૦ આરોપીઓ હથીયારો ધોકા તથા પથ્થર વડે હુમલો કરી પોલીસ ની કાયદેસર ની કાર્યવાહીમાં અડચણ રૂપ થઈ અવરોધ કરી ધોકા તથા પથ્થર વડે ઈજા કરી તથા પથ્થર થી પી.સી.આર. વાનનો આગળનો કાચ તોડી જાહેર નામાનો ભંગ કરી ગુનો કર્યા બાબતનો હેમ દીપ વ્રજલાલ મારવણીયા દ્વારા આજી ડેમ પોલીસ સ્ટેશનમા ભાવેશ વીકાણી, કાળુ ગોરસવા, હાર્દિક સોલંકી, ગોવિંદ સોલંકી, વિકી સોલંકી, રોહિત પરમાર ,સંદીપ પરમાર હિતેશ સોલંકી સની સોલંકી દીપક જસાણીયા રાહુલ ડાભી પ્રવીણભાઈ જાડેજા અને પ્રકાશ જસાણીયા સહિત શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીની અટક કરવામા આવેલી બાદ આરોપીને કોંટમા પોલીસે રિમાન્ડ અરજી અને બચાવ પક્ષના એડવોકેટએ જામીન અરજી રજુ કરવામાં આવેલ, બંને પક્ષોની લેખિત મૌખિક રજૂઆત બાદ આરોપીના વકીલ દ્વારા લબાંણ પૂર્વક ની દલીલ કોંટ મા કરવામા આવેલ અને હાઈકોંટ અને સંવોચ્ચ ન્યાયાલય ના ચુકાદાઓ રજુ કરતા એડીસનલ સીવીલ જજ અને જે.એમ.એફ.સી જજ દ્વારા ૧૬ આરોપીને જામીન ઉપર મુકત કરતો હુકમ ફરમાવેલો હતો. બચ્ચાઓ પક્ષે એડવોકેટ તરીકે સૌરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહિતભાઈ ક્રિયા હર્ષ ક્રિયા અને મદદમાં રિદ્ધિ બેન ખંધેડીયા , કૈલાશ જે .જાની, નીશાંત એમ. જોષી, ગૌરાવ એમ. ચનીયારા તથા રાહુલ આર. પરમાર રોકાયેલા હતા.

# ગોંડલ: ચરખડી ગામે ટ્રેક્ટરની ઠોકરે માસુમ બાળકનું મોત

**અબતક રાજકોટ**

ગોંડલ તાલુકાના ચરખડી ગામની સીમમાં ટ્રેક્ટર આગળ લેતી વખતે વ્હીલ નીચે આવી ગયેલા આદિવાસી પરિવારના સાત વર્ષના માસુમ બાળકનું કરુણમોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ થી ૧૬ કિલોમીટર દૂર આવેલ ચરખડી ગામની સીમમાં ખેત મજૂરી કરવા ગયેલ મૂળ મધ્યપ્રદેશના ખરગોન ગામના અખિલેશ ભાવસિંગ નાહાલ આદિવાસી અને તેની પત્ની ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે ખેતર ના શેઢે પડેલા ટ્રેક્ટર પાસે બાળકો રમતા હતા જેમાં અખિલેશ નહાલના સાત વર્ષના પુત્ર તેજ રમતો હતો ત્યારે ઉદયભાઈ સવજીભાઈ કંડોરીયા એ ટ્રેક્ટર ચાલુ કરી આગળ લેતા ટ્રેક્ટર પાસે રમતા તેજ અખીલેશ નહાલ પર ટ્રેક્ટર નું પાછળનું વિલ ફરી વળ્યું હતું અને ગંભીર ઈજાના કારણે તેજનું ગોંડલ સરકારી હોસ્પિટલમાં પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું આ અંગે તે જ ના પિતા અખિલેશ ભાવસિંગ નહાલ આદિવાસી એ ટ્રેક્ટર ચાલક ઉદય સવજી કંડોરીયા વિરુદ્ધ ટ્રેક્ટર ગફલત ભરી રીતે ચલાવી પોતાના સાત વર્ષના પુત્ર તેજનું મોત નીપજાવીયાની ફરિયાદ નોંધાવતા આ અંગે ગોંડલ તાલુકા પોલીસના એએસઆઈ કર્મરાજસિંહ અનિરુદ્ધસિંહ એ તપાસ હાથ ધરી છે

# કંસારા બજારમાંથી રૂ.૯૭ હજારના સોના-ચાંદીના દાગીના સાથે તસ્કર ઝડપાયો

## સોનાની પાંદળીઓ, ચાંદીના સાંકળા, બંગડી, કંદોરા અને મોબાઈલ સહીત રૂ. ૧.૦૭ લાખના મુદ્દામાલ સાથે લીમડીના વિક્રમ ખાખોરીયાની ધરપકડ કરતી એ-ડિવિઝન પોલીસ

**અબતક, રાજકોટ**

શહેરના કંસારા બજારમાંથી રૂ ૯૭ હજારના આધાર પુરાવા વગરના સોના-ચાંદીના દાગીના સાથે મૂળ લીમડીના વિક્રમ ખાખોરિયાને દબોચી લેવાયો છે. સોના-ચાંદીના દાગીના, મોબાઈલ મળી ૧.૦૭ લાખનો મુદ્દામાલ એ ડિવિઝન પોલીસે કબજે કર્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર મિલકત સંબંધી ગુના અટકાવવા તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ વાહન ચોરી, મોબાઈલ ચોરી, ચીલ ઝડપ, લૂંટ સહિતના ગુનાઓને શોધી કાઢવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે એ ડિવિઝન પોલીસના ઈન્ચાર્જ પીઆઈ બી વી બોરીસાગરના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ એસ એક રાણાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ ધારાભાઈ વાનરિયા, કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખાને મળેલી સંયુક્ત બાતમીના આધારે કંસારા બજાર પાસેથી શંકાસ્પદ ઈસમને પકડી તેની પાસે રહેલ થેલીમાંથી મળી આવેલ સોના-ચાંદીના દાગીના તથા મોબાઈલના આધાર પુરાવા માંગતા તેની પાસે બિલ કે કોઈપણ પ્રકારના આધાર પુરાવા કે સંતોષકારક જવાબ ન હોવાથી પોલીસે વિક્રમ રણજીતભાઈ ખોખારીયા (ઉ.વ.૨૪ રહે. ઢાંકણીયા રોડ, બાપાસીતારામ મઢુલી, બોટાદ મૂળ રહે. શિયાણી ગામ, લીમડી, સુરેન્દ્રનગર તથા ઘોડેવાલા મંદિર પાસે, રઘુવીરનગર દિલ્હી) ની ધરપકડ કરી સોનાની નાની નાની પાંદડી નંગ-૧૫, બે નંગ ચાંદીના સાંકડા, બે નંગ ચાંદીની હાથમાં પહેરવાની બંગડી, ચાંદીનો કમરમાં પહેરવાનો પટ્ટો અને ચાંદીનો કંદોરો મળી કુલ રૂ. ૯૭ હજારના સોનાના ચાંદીના દાગીના તેમજ મોબાઈલ મળી રૂપિયા ૧.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આં કામગીરીમાં પીઆઈ બી વી બોરીસાગર, પીએસઆઈ એસ એમ રાણા, એએસઆઈ બી વી ગોહિલ, એમ એસ મકવાણા, હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ બોરીચા, કનુભાઈ બસિયા, ધારાભાઈ વાનરિયા,



સાગરભાઈ માવદિયા, કોન્સ્ટેબલ યોગેશભાઈ મકવાણા, ધર્મેશભાઈ ખાંડેખા, તેજસભાઈ ડેર રોકાયા હતા.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૧૪ | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૩૨૯ | ૭૦૦ | ૨૦૦૦ |
| સાકરટેટી | ૧૫૩ | ૧૦૦ | ૩૦૦ |
| તરબુચ | ૪૫૦ | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૩૨૪૦ | ૧૫૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૦ | ૨૧ | ૧૯૦ |
| ટમેટા | ૧૭૮૦ | ૨૦૦ | ૫૦૦ |
| સુરણ | ૯૪ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૫૬૫ | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૨ | ૨૦૦ | ૩૫૦ |
| રીંગણા | ૪૭૦ | ૨૪૦ | ૫૦૦ |
| કોબીજ | ૫૬૨ | ૪૦ | ૧૪૦ |
| ફ્લાવર | ૫૮૭ | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૫૨ | ૨૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૪૬૦ | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૯૦ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોળા | ૧૩૨ | ૨૦૦ | ૮૦૦ |
| દુધી | ૫૬૨ | ૪૦ | ૧૧૦ |
| કારેલા | ૩૩૨ | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૬૭ | ૧૫૦ | ૭૦૦ |
| તુરીયા | ૨૯૩ | ૩૦૦ | ૫૦૦ |
| પરવર | ૭૫ | ૭૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૩૯૩ | ૨૫૦ | ૪૨૦ |
| ગાજર | ૪૩૭ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૧૮૫ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ગલકા | ૩૭૮ | ૮૦ | ૨૫૦ |
| બીટ | ૬૮ | ૧૫૦ | ૩૦૦ |
| મેથી | ૧૩૫ | ૪૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૨૯૦ | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૨૬૫ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૪૬૦ | ૩૦૦ | ૪૫૦ |
| મકાઈ લીલી | ૩૩૨ | ૧૬૦ | ૨૭૦ |
| ગુંદા | ૫૬ | ૨૦૦ | ૫૦૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૯૦૦ | ૧૪૧૧ | ૧૫૩૭ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૨ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૧૫૫૦ | ૪૯૬ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૨૫૦ | ૬૨૫ | ૮૬૬ |
| બાજરી | ૨૦૦ | ૪૦૦ | ૫૪૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૧૮૦ | ૧૩૮૪ |
| ચણા પીળા | ૨૦૦૦ | ૯૯૦ | ૧૦૮૬ |
| ચણા સફેદ | ૫૦૦ | ૧૫૫૦ | ૨૧૧૦ |
| અડદ | ૧૭૫ | ૧૧૮૦ | ૧૫૧૫ |
| મગ | ૨૦૦૦ | ૧૪૦૦ | ૧૯૭૫ |
| વાલ દેશી | ૯૦ | ૯૫૦ | ૧૧૫૦ |
| ચોળી | ૫૦૦ | ૧૧૦૦ | ૧૯૦૦ |
| વટાણા | ૧૫૦ | ૧૧૨૦ | ૧૭૦૫ |
| કળથી | ૮ | ૯૦૦ | ૯૭૫ |
| રાજમા | ૧૫૦ | ૮૦૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૦ | ૧૩૫૦ | ૧૪૨૦ |
| મગફળી જાડી | ૨૯૩૦ | ૯૬૦ | ૧૦૮૨ |
| મગફળી જીણી | ૧૯૬૦ | ૧૦૧૦ | ૧૪૭૪ |
| તલી | ૧૧૦૦ | ૧૬૫૦ | ૨૩૦૦ |
| એરંડા | ૭૯૦ | ૧૦૩૦ | ૧૨૨૧ |
| અજમો | ૨૫ | ૯૦૦ | ૧૫૩૦ |
| સુવા | ૭ | ૯૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૩૦૦ | ૭૯૦ | ૮૩૦ |
| સીંગફાડા | ૫૬૦ | ૧૦૦૦ | ૧૩૫૫ |
| કાળા તલ | ૧૭૦ | ૨૯૪૦ | ૪૧૫૦ |
| લસણ | ૭૫૦ | ૮૫૦ | ૧૬૨૫ |
| ધાણા | ૮૦૦ | ૧૧૭૦ | ૧૪૯૦ |
| મરચા સુકા | ૭૦ | ૭૦૦ | ૧૨૦૦ |
| ધાણી | ૭૦૦ | ૧૨૦૦ | ૧૬૧૧ |
| વરીયાળી | ૧૦૦ | ૧૦૮૦ | ૧૭૭૦ |
| જીરૂ | ૬૦૦ | ૩૭૭૦ | ૪૧૦૦ |
| રાય | ૧૫૦ | ૧૧૫૦ | ૧૩૯૫ |
| મેથી | ૦ | ૮૧૫ | ૧૨૩૦ |
| ઈસબગુલ | ૧૨ | ૧૫૦૦ | ૧૯૫૦ |
| કલોંજી | ૧૨૫ | ૩૩૦૦ | ૪૦૦૦ |
| રાયડો | ૨૫૦ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| રજકાનું બી | ૫૫ | ૩૯૭૦ | ૪૯૦૦ |
| ગુવારનું બી | ૧૫ | ૯૫૦ | ૯૫૦ |

# ગોંડલ નજીક બંધ ટ્રેલર પાછળ બાઈક ઘૂસી જતા યુવાનનું મોત

**અબતક, રાજકોટ**

ગોંડલ નજીક અનિડા ગામ નજીક બંધ ટ્રેલર પાછળ બાઈક ઘૂસી જતા ઉત્તર પ્રદેશમાં યુવાનનું કારણે ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું,, આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ગઈકાલે રાત્રે,૯/૩૦ ના સુમારે ગોંડલ તાલુકા પોલીસ મથકની હદમાં આવેલા અનિડા અને ડેયા ગામ વચ્ચે આવેલ કોલીથડ ચોકડી પાસે મૂળ ઉત્તર પ્રદેશ અને હાલ ગોંડલ રહેતા અને મોટરસાયકલ પર બરફ ગોલા વેચવાનું ધંધો કરતા રવિભાઈ કુશવાહા ઉંમર વર્ષ ૩૦ બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો ૧૦૮ મારફત તેને રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો ત્યાં સારવાર દરમિયાન આજે વહેલી સવારે સાડા ત્રણ વાગે તેનું મોત થયું હતું, પ્રાથમિક તપાસમાં મળેલી વિગત મુજબ રવિભાઈ કુશવાહા ઉત્તર પ્રદેશના હોય ગોંડલ રહી આજુ બાજુ ના ગામમાં મોટર સાયકલ પર બરફના ગોલા વેચવાનું કામ કરે છે ગઈકાલે રાત્રે ગામડામાંથી વેપાર કરીને ગોંડલ આવતો હતો ત્યારે કોલીથડ ચોકડી પાસે બંધ ટ્રેલર પડી હતી તેની પાછળ રવિભાઈ ની મોટરસાયકલ ઘૂસી ગઈ હતી આ અંગે ગોંડલ તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પરિણીતાએ વધુ રાહત મેળવવા માટેની અપીલ કામે ઢીલ માફની અરજી મંજૂર

## રાહતો ઓછી લાગતા તેને હાલના ચુકાદા સામે અપીલમાં મોડુ થતા ઢીલ માફની અરજી કરી ’તી

**અબતક, રાજકોટ**

પતિ અને સાસરીયા સામેના ડોમેસ્ટિક વાયોલેન્સ કેસમાં અદાલતે પરિણીતાને આપેલી રાહતમાં વધારો મેળવવા અદાલતમાં અપીલ દાખલ કરવામાં થયેલી ઢીલ માફની અરજી સેશન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, જે તે વખતે રાજકોટ અને હાલ અમદાવાદ મુકામે રહેતા પરિણીતા હંસાબહેનના લગ્ન હાલ રાજકોટ મુકામે જુના મોરબી રોડ ઉપર આવેલ અર્જુન પાર્કમાં રહેતા પ્રવિણભાઈ વાઘજીભાઈ વસાણી સાથે સને ૨૦૦૫ની સાલમાં થયા હતા અને પરિણીતા હંસાબેન પોતાના સાસરામાં રહેતા હતા. આ પછી પતિપત્ની વચ્ચે અણબનાવ થતાં પરિણીતાએ પોતાના પતિ પ્રવિણભાઈ સહિત સાસરાના સભ્યો સામે ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ મુજબની અરજી દાખલ કરી હતી. જે અરજીમાં તા. ૨૫- ૨- ૨૫ના પરણીતા હંસાબહેનની તરફેણમાં ચુકાદો આવેલ હતો, પરંતુ અરજદારને આ ચુકાદામાં અપાયેલ રાહતો ઓછી લાગતા તેને હાલના ચુકાદા સામે અપીલ કરવી હોઈ તેણે રાજકોટમાંથી એ.ડી.આર. સેન્ટરમાંથી સરકારી ખર્ચે વકીલની માંગ કરતા આ સંસ્થાના સિનિયર એડવોકેટ સમીમબેન કુરેશી વકીલ નિયુક્ત થયા હતા, તેમાં સમીમબેને ફાઈલનો અભ્યાસ કરતા અપીલ કરવામાં નિયત સમય કરતા ૨૫ દિવસની ઢીલ હોઈ અરજદારના વકીલે ઢીલ માફ કરવાની વિગતવાર કારણો સાથે અરજી રાજકોટની સેશન્સ કોર્ટમાં દાખલ કરી હતી. આ અરજીમાં પતિને નોટિસ બજતા તે હાજર થયેલ, ત્યારબાદ આ ઢીલ માફની અરજી દલીલ પર આવતા પરીણીતાના લીગલ શાખાના વકીલ સમીમબહેન કુરેશીએ ઢીલ માફની અરજી મંજુર કરવા લંબાણપૂર્વકની દલીલો કરી હતી અને તેમની આ તમામ દલીલથી સહમત થઈ અને પરિણીતાની અપીલ દાખલ કરવામાં થયેલ ઢીલ માફની અરજી અદાલતે મંજુર કરી હતી, જેથી હવે પરિણીતા પોતાની ડોમેસ્ટીક વાયોલેન્સની અરજીમાં થયેલ હુકમ સામે ભરણપોષણની રકમ વધારવાની અપીલ દાખલ કરી શકતા તેણે રાહતનો દમ લીધો હતો. ઉપરોકત કામમાં પરિણીતા વતી રાજકોટ એ.ડી.આર. સેન્ટરના સરકારી વકીલ સમીમબેન કુરેશી વકીલ તરીકે રોકાયા છે.

# ગુજરાતના ગૌરવ સમા 'સાવજો'ની સંખ્યા ૮૯૧એ આંબી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ૧૬મી સિંહ વસ્તી ગણતરીના આંકડાઓ જાહેર કરાયા: છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં સાવજની સંખ્યામાં ૨૧૭નો વધારો

**અબતક, રાજકોટ**

ગુજરાતની આન, બાન અને શાન એવા એશિયાટીક સિંહોની સંખ્યામાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૧૭નો વધારો થવા પામ્યો છે. ગત ૧૦ થી ૧૩ મે દરમિયાન રાજયના અલગ અલગ ૫૮ તાલુકાઓમાં ૩૫ હજાર ચોરસ મીટર વિસ્તારમા ૧૬મી સિંહ વસતી ગણતરી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન આજે સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સિંહની વસતી ગણતરીના સતાવાર આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાતમાં ૧૧ જિલ્લામાં ૮૯૧ સિંહોની ગર્જના ગુંજી રહી છે. ૧૯૬ નર સિંહ, ૩૩૦ સિંહણ, ૧૪૦ પાઠડા સિંહ અને ૨૨૫ સિંહ બાળ હોવાનું નોંધાયું છે.અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર અને બોટાદ જિલ્લા સહિત રાજ્યના ૧૧ જિલ્લાઓમાં બે તબક્કામાં એશિયાઈ સિંહની વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી. વન વિભાગના કર્મચરીઓ લોકો વસતી ગણતરીની કામગીરીમા જોડાયા હતા અધિકારી અને સ્વયં સેવકો સહિત ૫૧૧ જેટલા સિંહ વસ્તી અંદાજ માટે એશિયાટિક લાયન લેન્ડસ્કેપ મુજબ આશરે ૩૫,૦૦૦ ચો. કિ.મી. નો વિસ્તાર કવર કરવામાં રાજયના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાઓના ૮ રિજિયન, ૩૨ ઝોન અને ૧૧૨ સબ ઝોનમાં સિંહ વસ્તી અંદાજની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

| | |
|---|---|
| સિંહ | ૧૯૬ |
| સિંહણ | ૩૩૦ |
| પાઠડા | ૧૪૦ |
| બચ્ચા | ૨૨૫ |
| કુલ | ૮૯૧ |

ડેટા રેકોર્ડિંગ માટે સમય, જીપીએસ લોકેશન, ચિન્હો, ફોટા, મુવમેન્ટની દિશા સહિતનું નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતુ. જી.આઈ.એસ અને સ્ટેસ્ટિકલ સોફ્ટવેરની મદદથી ડેટાનું એકત્રિકરણ, સંકલન, નિષ્કર્ષણ, આલેખન કરવામાં આવી રહ્યુ છે. અંતે ડેટા વિશ્લેષણ બાદ સિંહની વસ્તીનો આખરી અંદાજ અહેવાલ તૈયાર કરાયો હતો.

ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસ્તી ગણતરી કરવામાં આવે છે. ગુજરાતમાં સૌપ્રથમ વર્ષ ૧૯૩૬માં સિંહ વસ્તી ગણતરી યોજાઈ હતી. ૧૬મી સિંહ વસ્તી ગણતરી અંદાજ માટે મોડર્ન ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.



### સિંહોની વસતીમાં સતત વધારો

| વર્ષ | સિંહની સંખ્યા |
|---|---|
| ૧૯૯૫ | ૩૦૪ |
| ૨૦૦૧ | ૩૨૭ |
| ૨૦૦૫ | ૩૫૯ |
| ૨૦૧૦ | ૪૧૧ |
| ૨૦૧૫ | ૫૨૩ |
| ૨૦૨૦ | ૬૭૪ |
| ૨૦૨૫ | ૮૯૧ |

એશિયાઈ સિંહોની વસ્તી અંદાજ માટે 'ડાયરેક્ટ બીટ વેરિફિકેશન' ખૂબ ઉપયોગી પદ્ધતિ છે. આ પદ્ધતિથી આંકડાકીય વિશ્લેષણ અને અમલીકરણમાં સરળતાના લીધે લગભગ ૧૦૦ ટકા ચોકસાઈ મળે છે તેમજ માનક ભૂલનો અવકાશ લગભગ રહેતો નથી. ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયથી અમલી આ પદ્ધતિ જંગલો, ઘાસના મેદાનો, દરિયાકાંઠાના વિસ્તાર, રેવન્યુ વિસ્તારમાં અસરકારક અને અનુકૂળ રીતે કામ કરવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા સિંહ સંવર્ધન માટે સતત હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસોના કારણે સિંહોની વસતીમાં સતત વધારો નોંધાય રહ્યો છે. વર્ષ ૧૯૯૫માં ગુજરાતમાં ૩૦૪ સિંહો હતા વર્ષ ૨૦૦૧માં સિંહોની સંખતયા ૩૨૭ થવા પામી હતી. ૨૦૦૫માં સિંહોની સંખ્યા ૩૫૯ નોંધાય હતી જયારે ૨૦૧૦માં રાજ્યમા ૪૧૧ સિંહો હોવાનું નોંધાયું હતુ ૨૦૧૫માં ગુજરતામાં પ્રથમવાર સિંહોની સંખ્યાનો આંક ૫૦૦ની પાર થયો હતો. અને સિંહોની વસતી ૫૨૩ નોંધાય નોંધાય હતી છેલ્લા ૨૦૨૦માં સિંહોની વસતી ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજ્યમાં ૬૭૪ સિંહો વસવાટ કરતા હોવાનું નોંધાયું હતુ. દરમિયાન ૧૬મી સિંહ વસતી ગણતરીમાં રાજયનાં છેલ્લા પાંચ વર્ષમાં સાવજની સંખ્યામાં ૨૧૭નો વધારો નોંધાયો છે. કુલ ૮૯૧ સિંહ ગુજરાતના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાઓમાં વસવાટ કરી રહ્યા છે. જેમાં ૧૯૬ નરસિંહ, ૩૩૦ સિંહણ, ૧૪૦ પાઠડા સિંહ અને ૨૨૫ સિંહ બાળ હોવાનું નોંધાયા છે.

### કયાં જિલ્લામાં કેટલા સિંહ

| | |
|---|---|
| જૂનાગઢ | ૧૯૧ |
| ગીર સોમનાથ | ૨૨૨ |
| અમરેલી | ૩૩૯ |
| ભાવનગર | ૧૧૬ |
| પોરબંદર | ૧૬ |
| રાજકોટ | ૬ |
| દેવભૂમિ દ્વારકા | ૧ |

# બે સિસ્ટમ સક્રિય: સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

## એક સિસ્ટમ રાજસ્થાન તરફ, જ્યારે બીજી અરબી સમુદ્રના સક્રિય પ્રવાહમાં, જેમાં હાલ અરબી સમુદ્રમાં અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું: સોમવાર સુધી વરસાદી માહોલ રહેશે

**અબતક, રાજકોટ**

અરબી સમુદ્રમાં લો પ્રેસર સર્જાવાના કારણે રાજયભરમાં પ્રિ-મોન્સુન એકિટવીટી શરુ થઈ જવા પામી છે. આવતી કાલથી ત્રણ દિવસ સુધી રાજયભરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. ગઈકાલે રાજયના ૩૧ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ અઢી ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો.

## ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં ડુંગળી અને મરચાની જણસી પલળી ગઈ: અનેક ગામોમાં ભારે પવનના કારણે વૃક્ષો ધરાશાયી

શહેરોમાં તાપમાનનો પારો ઉંચકાય રહ્યો છે. ઉનાળુ પાકને ભારે નુકશાની થવા પામી છે. યાર્ડમાં ખુલ્લામાં રાખવામાં આવેલી જણસી પલટી જવા પામી છે. જગતાતે પારાવાર નુકશાનીનો સામનો કરવો પડયો છે.

ઝાપટાથી માંડી અઢી ઈંચ જેટલો વરસાદ પડયો હતો. આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૩૧ તાલુકામાં વરસાદ પડયો હતો. સૌથી વધુ વરસાદ જુનાગઢના વિસાવદરમાં અઢી ઈંચ વરસાદ પડયો હતો. માત્ર બે કલાકમાં



સૌરાષ્ટ્રને ધમરોળ્યા બાદ આજે સવારથી દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા સટાસટી બોલાવી રહ્યા છે. સવારથી ૨૨ તાલુકાઓમાં વરસાદ વરસી રહ્યો છે. મોસમનો બેવડો મિજાજ જોવા મળી રહ્યો છે. એક તરફ રાજયમાં અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે તો બીજી તરફ અનેક

રાજયમાં મંગળવારે એક તરફ આકાશમાંથી અગન વર્ષા થઈ રહી હતી. લોકો આકરા તાપથી ત્રાહિમામ પોકારી ગયા હતા. બફારાથી રેબઝેબ થઈ ગયા હતા. આવામાં સાંજના સમયે અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લાના ૧૫ તાલુકાઓમાં હળવા

બે ઈંચ વરસાદ પડવાના કારણે જળ બંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ સર્જાય જવા પામ્યું હતું. આ ઉપરાંત રાજકોટના કોટડા સાંગાણીમાં બે ઈંચ, અમરેલીના કુંકાવાવ- વડિયામાં ૪૧ મીમી, ગોંડલમાં ૪૦ મીમી, જામકંડોરણામાં ૩૭ મીમી, બગસરામાં ૩૭ મીમી, લીલીયામાં ૨૮ મીમી, સાગબારામાં ૨૮ મીમી, કુકર મુડામાં ૨૫ મીમી, શંખેશ્વરમાં ૨૦ મીમી, બરવાળામાં ૧૬ મીમી,

### ભાવનગર,અમરેલી, ગીર સોમનાથ અને દ્વારકામાં રેડ એલર્ટ જયારે પોરબંદર, રાજકોટ, બોટાદ અને અમદાવાદમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ

જેતપુરમાં ૧૫ મીમી, ખેડબ્રહ્મામાં ૧૬ મીમી, માંડવીમાં ૧૨ મીમી, અમરેલીમાં ૧૧ મીમી, ઉમરાળામાં



તસ્વીર:- જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ

૮ મીમી, દસાડામાં ૫ મીમી, ગઢડામાં ૪ મીમી, સાવરકુંડલામાં ૩ મીમી, અને ગારિયાધાર ૧ મીમી વરસાદ પડયો હતો.

**ગોંડલ**

ગોંડલ શહેર અને તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો.

જેને કારણે માર્કેટિંગ યાર્ડમાં ભારે પવનના કારણે વૃક્ષો પડી ગયા. અને શેડ બહાર રખાયેલ ડુંગળી પલળી ગઈ હતી.

ગોંડલમાં સવા ઈંચ તોફાની વરસાદ વરસતા રાજમાર્ગોપર પાણી ફરી વળ્યા હતા. ગટરમાં પાણી જવાના બદલે ભૂગર્ભ ગટરમાંથી પાણી બહાર નીકળ્યાં હતા.

વરસાદને કારણે ખોડિયારનગર , ઉમવાળા અંડર બ્રિજ,આશાપુરા અંડર બ્રિજ, સાતાપુલમાં પાણી ભરાયા હતા. જેને કારણે નગરપાલિકાની પ્રિમોન્સુન કામગીરી પર પાણી ફરી વળ્યા હતા

માર્કેટીંગ યાર્ડના કમિશન એજન્ટ એસોસિએશન પ્રમુખ યોગેશભાઈ ક્યાડાએ જણાવ્યું હતું કે વાતાવરણમાં એકાએક પલટો આવતા માર્કેટિંગ યાર્ડમાં વાવાઝોડું અને વરસાદનું વાતાવરણ હતું જેના હિસાબે અમારે આખો દિવસજે સવારે ડુંગળીની આવક કરેલ હતી, શેડમાં ઉતરાવેલ હતી આવક પુષ્કળ પ્રમાણમાં હોય જેમાં થોડીક ડુંગળી બહાર ઉતરાવેલ હતી જેની અમે સૌ પહેલા હરાજી કરવામાં આવી હતી અને આખો દિવસ ડુંગળીના તોલ ચાલતા હોય અત્યારે પાંચ સાડા પાંચ વાગ્યે એકાએક વાતાવરણમાં પલટો આવતા જે ખેડૂતોનો માલ જોખાઈ ગયો છે વેપારીઓનો માલ જે લીધેલા બહાર પડ્યા હતા ગાડીઓ હજી લોડિંગ નહોતી થઈ તેવા અમુક વકલો માથે વરસાદ પડ્યો છે એટલી જ નુકસાની છે.

ગઈકાલે સૌરાષ્ટ્રને ધમરોળ્યા

(અનુ. આઠમા પાને)

### ભરૂચના અંકલેશ્વરમાં સવારે બે કલાકમાં બે ઈંચ, ઉમરપાડા અને જગડિયામાં દોઢ ઈંચ: સવારથી ૨૨ તાલુકામાં વરસાદ: અરબ સાગરમાં લો પ્રેશર સર્જાતા કાળથી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી






# આ વર્ષે પણ ઈજનેરી-ફાર્મસીમાં ૧૯ હજાર સીટ ખાલી રહેશે

## ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની મુદત પૂર્ણ, ૭૯૫૪૪ બેઠક માટે ૩૯૨૨૫ વિદ્યાર્થી નોંધાયા

**અબતક, અમદાવાદ**

ડિગ્રી ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની મુદત પૂરી થઈ ચૂકી છે. ચાલુ વર્ષે કુલ ૭૯૫૪૪ બેઠકો માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરાઈ હતી. ૨૦મી મેના રોજ રજિસ્ટ્રેશનની મુદત પૂર્ણ થઈ ચૂકી છે. અત્યાર સુધીમાં કુલ ૩૯૨૨૫ વિદ્યાર્થીઓએ જુદી જુદી કેટેગરીમાં રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આમ, ગત વર્ષની સરખામણીમાં ઓછું રજિસ્ટ્રેશન થયું છે. રજિસ્ટ્રેશનમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૧૦૪ અને વિદ્યાર્થિનીઓની સંખ્યા ૧૧૧૨૧ છે.ડિગ્રી ઈજનેરી-ફાર્મસીમાં ચાલુ વર્ષે ગત ૨૪મી માર્ચથી ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરાઈ હતી. સરકારી-ગ્રાન્ટેડ કોલેજની તમામ બેઠકો અને સ્વનિર્ભર કોલેજોની ૫૦ ટકા અને મેનેજમેન્ટની સુપરત કરેલી બેઠકો પર સમિતિ દ્વારા કાર્યવાહી કરાશે. ચાલુ વર્ષે ૧૬ સરકારી, ૩ ગ્રાન્ટેડ કોલેજોની મળીને ૧૦૯૫૭, ૧ ઓટોનોમસ કોલેજની ૧૫૬ અને ૧૨૦ સ્વનિર્ભર કોલેજની ૬૭૬૫૪ બેઠકો મળીને કુલ ૭૯૫૪૪ બેઠકો

(અનુ. આઠમા પાને)

# કાલે રાજય સ્વાગત કાર્યક્રમ: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અરજદારોને સાંભળશે

## કાલે સવારે ૮થી ૧૨ વાગ્યા સુધી રજુઆત કરી શકાશે



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતી કાલે ગુરૂવારે યોજાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.

આ ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ૨૦૨૫ના મે મહિનાનો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન

(અનુ. આઠમા પાને)





વિશેષ નોંધ: (૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.

આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪